







# અમરકંટક અને મધ્યપ્રદેશનો મહિમા

સ્વામી સચ્ચિદાનંદ

# અમરકંટક અને મધ્યપ્રદેશનો મહિમા

## સ્વામી સચ્ચિદાનંદ

ગૂર્જર સાહિત્ય ભવન

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001

AMARKANTAK ANE MADHYAPRDESH-NO MAHIMA
by Swami Sachchidanand

Published by Gurjar Prakashan,
Ahmedabad: 380 006 (India)

© Swami Sachchidanand

First Published: 2013
This ePub edition: 2015

ISBN: 978-93-5175-074-1

GURJAR PRAKASHAN
Website: www.gurjar.biz
e-mail: goorjar@yahoo.com

eBook by

www.e-Shabda.com

# અર્પણ

**શ્રી શામજીભાઈ ખૂંટ**

તથા

**બહેનશ્રી ભગવતીબહેન ખૂંટને...**

સ્વામિ સચ્ચિદાનંદ

# ભૂમિકા

આ પુસ્તક લખાઈ ગયા પછી મને એમાંથી સંતોષ ન થયો. સંતોષ ન થવાનું મુખ્ય કારણ એ હતું કે વિષયને હું પૂરો ન્યાય આપી શક્યો નહોતો. મને મારી દૃષ્ટિએ લાગ્યું કે આ પુસ્તક ન છપાવવું જોઈએ. પુસ્તકને પૂરો ન્યાય ન આપી શકવાનાં બે કારણો હતાંઃ હવે મારી 80 વર્ષની ઉમ્મર થઈ હોવાથી યાદશક્તિ ઘટી છે. તેથી પ્રવાસમાં એક નાનું ટૅપરેકોર્ડર સાથે રાખું છું. જેમાં મુદ્દાની નોંધ કરી લઉં છું. આ વખતે પ્રારંભના ચાર દિવસ સુધી ટૅપરેકોર્ડર બગડ્યું, તેથી ચાર દિવસના મુદ્દા ટપકાવી શકાયા નહિ. અગિયાર દિવસના પ્રવાસમાં ચાર દિવસ નીકળી ગયા. પછી સ્મૃતિના આધારે જે યાદ આવ્યું તે લખ્યું. પણ જ્યારે લખવા બેઠો ત્યારે ગાઉટના દરદે અને છેવટે કિડનીના દર્દે થોડો વિક્ષેપ થયો, તેથી લખવામાં પૂરું ધ્યાન આપી શકાયું નહિ. આ રીતે મને પોતાને જ મારી કૃતિથી અસંતોષ થયો. તેથી પુસ્તક ન છાપવું તેવો નિર્ણય થયો. પણ કેટલાક સ્નેહીજનોએ હસ્તપ્રત વાંચ્યા પછી આગ્રહ કર્યો કે ભલે તમને સંતોષ ન હોય તોપણ પુસ્તક તો છપાવવું જ.

અમારો આ પ્રવાસ નાનો પણ મહત્ત્વનો રહ્યો છે. જીવનને સમજવા માટે પ્રવાસથી વધુ બીજું એક પણ સાધન નથી. અત્યાર સુધી હું જે સમજી શક્યો છું તે આ પ્રમાણે છેઃ

1. પ્રજા અને રાષ્ટ્રને ધર્માભિમુખ કરવાં જોઈએ. ધર્મવિરોધી જીવન વિનાશ નોંતરે છે.
2. ધર્મ ત્રિમુખી હોવો જોઈએઃ 1. તે કર્તવ્યપરાયણ બનાવે. 2. પ્રજાને બળવાન બનાવે અને 3. પ્રજા અને રાષ્ટ્રને સુખ-શાન્તિ, સમૃદ્ધિ અને વૈભવ અપાવે.

દુર્ભાગ્યવશ આપણે ત્યાં જે-જે ધર્મો થયા તેમણે આ ત્રણે ક્ષેત્રોની ઉપેક્ષા કરાવી લાગે છે.

ત્યાગપ્રધાન ધર્મોએ કર્તવ્યોની ઉપેક્ષા કરાવી છે. ત્યાગ જ સર્વસ્વ છે તેવી ધારણાથી માનવીય, પારિવારિક, રાષ્ટ્રીય કર્તવ્યોની ઉપેક્ષા થઈ છે. તેથી પત્નીત્યાગીઓ, ગૃહત્યાગીઓ, પરિવાર-ત્યાગીઓ, રાષ્ટ્રત્યાગીઓ પેદા થયા છે. મારી દૃષ્ટિએ ત્યાગપરા-યણતા કરતાં કર્તવ્યપરાયણતા ઘણી મહાન છે, જે ચૂકી જવાઈ છે.

ત્યાગનું મૂળ જીવન પ્રત્યેની ધારણા છે. જીવન તુચ્છ, અસાર અને હાનિકારક છે તેવી ધારણાથી ત્યાગવૃત્તિ પેદા થાય છે. આ ધારણાની સાથે પરલોકમાં કોઈ અત્યંત અદ્ભુત-ઉત્તમ જીવન છે, જેને મોક્ષ કહેવાય છે તે મેળવવાની તીવ્રતા પેદા થાય છે. તે મેળવવા આ મળેલું છે તેને ખોઈ નાખવું જરૂરી છે. જે ખોવે તેને તે મળે, તેથી લોકોને જીવનથી ભગાડવાના પ્રયત્નો થયા છે, જેને ત્યાગ કહેવાય છે.

મારી દૃષ્ટિએ વૈરાગ્યને આવું ઘૃણાનું રૂપ આપવાથી થયું છે. આપણે ધારીએ છીએ તેટલા લોકો ખરાબ નથી અને આપણે માનીએ છીએ તેટલા આપણે સારા પણ નથી. જો ધારણા બદલવામાં આવે તો લોકો સારા દેખાવા લાગે છે અને ત્યારે જીવન જીવવા જેવું થઈ શકે છે. જીવન એટલું ખરાબ નથી કે તેને ત્યાગી દેવું જોઈએ.

જીવન તુચ્છ છે, મિથ્યા છે, સારહીન છે, અસત્ છે. આવી ધારણાથી અને ઉપર ક્યાંક પૂર્ણ જીવન છે, ખરું જીવન છે તેવી દૃઢ આશાથી વર્તમાન જીવન પ્રત્યે વૈરાગ્ય અને છેવટે ઘૃણા પેદા કરાવવામાં આવતી હોય છે. જેના કારણે જીવનત્યાગીઓને વધુ મહત્ત્વ મળ્યું. જીવનત્યાગ એટલે સુખત્યાગ. સુખત્યાગ એટલે સ્ત્રીત્યાગ, ધનત્યાગ, સગવડોનો ત્યાગ. અકિંચનતા પૂજ્ય અને આદર્શ બની. કોણ શું રાખે છે તેના કરતાં કોણ કશી જ વસ્તુ વિના પણ જીવન જીવે છે તેની મહત્તા વધી. આ દૃષ્ટિકોણથી પ્રજા અને રાષ્ટ્રને સુખી, સમૃદ્ધ અને વૈભવશાળી થવાની પ્રેરણા ન રહી. હવે પ્રજા દરિદ્ર ન થાય તો બીજું શું થાય? પ્રજાનું સૌથી પ્રબળ બળ, પ્રેરકબળ હોય છે જે શિખર ઉપર બેઠેલા માણસોના દ્વારા પૂરું પડાતું હોય છે. ધનવાનો ત્યાગીઓને પૂજતા હોય છે અને તે પણ અપરાધભાવથીઃ "અમે હીન છીએ" તેવી ભાવના તેમને થતી રહે છે. ન થતી હોય તો કરાવવામાં આવે છે. ખરેખર તો "આ ત્યાગીઓ જ મહાન છે, ધન્ય છે". તેવી

ધારણા સમાનાન્તર પ્રબળ કરાવવામાં આવતી રહે છે. આમાંથી ત્યાગભાવના જન્મે છે અને વિકસે છે. આપણે આ ત્યાગભાવનાને સર્વોચ્ચ ભાવના માની છે અને સ્વીકારી છે. પણ આવું કરવા જતાં વ્યક્તિની કર્તવ્યપરાયણતાને તો હાનિ નથી થતી ને? તેની બહુ પરવા કરી નથી. મોટા ભાગના ત્યાગીઓ જ્યારે જીવનથી ભાગે છે ત્યારે કર્તવ્યોની ઉપેક્ષા કરીને કહો કે ત્યાગ કરીને ભાગતા હોય છે. તેના તરફ કોઈનું ધ્યાન જતું નથી. પ્રત્યેક જવાબદાર વ્યક્તિનું માનવીય કર્તવ્ય હોય છે. પારિવારિક કર્તવ્ય હોય છે, રાષ્ટ્રીય કર્તવ્ય હોય છે, તેની ઉપેક્ષા કરવાથી આ ત્રણે ક્ષેત્રો દુર્બળ થઈ જતાં હોય છે, જે થયાં છે.

જીવનનો મૂલાધાર ત્યાગને ગણવો કે પ્રેમને ગણવો? ત્યાગપ્રધાન જીવનમાં બધાનો ત્યાગ જ કરવાનો છે. પણ જો જીવનને પ્રેમપ્રધાન બનાવી શકાય તો બધાંનો સ્વીકાર કરવાનો થઈ જાય છે. તમે વધુમાં વધુ લોકોને ચાહો, પ્રેમ કરો, વિશ્વ સારું છે, પ્રેમ કરવા જેવું છે, પ્રભુ પોતે પ્રેમરૂપ છે - આવી ધારણા બંધાય તો ત્યાગની જગ્યાએ પ્રેમ આવે અને ચારે તરફ મંગળ થવા લાગે. પ્રેમને કોઈ વાસના ન માની બેસે. પ્રેમ એ પ્રેમ છે. આત્મા જ્ઞાનરૂપ છે, તો પ્રેમરૂપ પણ છે. પ્રેમ વિનાનું કોરું જ્ઞાન લુખ્ખું થઈ જતું હોય છે. કોરો ત્યાગ પ્રેમવિરોધી હોવાથી લુખ્ખો હોય છે.

આત્મવાદ ભૌતિકતાનો વિરોધી છે એવું માનીને ભૌતિકવાદનો સતત વિરોધ કરવાના કારણે પ્રજા અને રાષ્ટ્ર નિર્ધન અને દુર્બળ થતાં હોય છે, જે અભિશાપ કહેવાય. બન્નેને એકબીજાનાં પૂરક બનાવવાં જોઈએ. વિરોધી નહિ. સુખ-સમૃદ્ધિ સાથે અધ્યાત્મવાદ રહી શકે. ત્યાગ જરૂરી નથી. ભૌતિકવાદની સાથે ભોગવાદ પણ ભળે - ભોગોનો અતિરેક ન હોવો જોઈએ, પણ, સદંતર ભોગો પ્રત્યે એલર્જી પણ સારી નહિ. તે શક્ય જ નથી. તે કુદરતી પ્રક્રિયા છે. તેને અનુકૂળ જીવન જીવવાનું હોય તો કુદરતના આશીર્વાદ મળે. સૃષ્ટિકર્તાએ નર-નારીના રૂપમાં સૃષ્ટિ રચી છે તે સહેતુક છે. તેના હેતુને અવગણવાથી જીવન પ્રતિક્રિયાવાદી થઈ જાય. સૃષ્ટિરચનામાં બધું જ એકબીજાનું પૂરક છે. કોઈ કોઈનું વિરોધી નથી. કુદરતસહજ પૂરકતાને વિરોધમાં બદલી નાખવી તે જ્ઞાન ન કહેવાય, તે અજ્ઞાન જ કહેવાય. ભોગોને યોગ બનાવે તે અધ્યાત્મ કહેવાય. ભોગોનો સદંતર ત્યાગ શક્ય નથી. તેને શક્ય કરનાર સૃષ્ટિકર્તાની વ્યવસ્થા સાથે યુદ્ધ કરે છે, જે હારવાનું જ હોય છે.

લાખ વાતની એક વાત – ત્યાગ-વૈરાગ્યથી પ્રજા અને રાષ્ટ્ર બળવાન બને કે દુર્બળ? શું ત્યાગીઓને રાષ્ટ્ર કે પ્રજાની ચિંતા જ ન હોય? સાચો ત્યાગ અને વૈરાગ્ય તો માતૃભૂમિની રક્ષા માટે શહીદ થનાર યોદ્ધામાં હોય છે. પ્રજાહિત કે રાષ્ટ્રહિતની અવગણના કરીને લોકોને માત્ર પરલોકના કામે લગાડી દેવાથી આ દેશે પારાવાર હાનિ ભોગવી છે. આ લોક પછી જ પરલોક એ માર્ગ ખોટો નથી અથવા આ લોક અને પરલોક બન્ને એકસાથે રહે તોપણ કાંઈ વાંધો નથી આવતો. માત્ર ને માત્ર પરલોક જ પરલોક છે એ માર્ગ ઋષિમાર્ગ નથી. મારો પ્રયત્ન ઋષિમાર્ગ તરફ લોકોને વાળવાનો છે, જેનો હેતુ છે પ્રજા બળવાન બને, સમૃદ્ધ બને અને સુરક્ષિત બને. મારો દેશ વૈભવથી છલકાતો હોય. ભારતમાતા કોઈ વિધવા જેવી ઊતરેલા ચહેરાવાળી નહિ, પણ સોળ શણગાર સજેલી વૈભવવન્તી વીરાંગના હોય. તેના ઉપર કોઈ ખોટી નજર ન નાખે તે માટે તેનાં લાખો બાળકો બળવાન ભીમ જેવાં શસ્ત્રધારી થઈને ઊભાં હોય. આવો ભારત દેશ બને પછી ભલે પરલોક-મોક્ષ મળતો હોય તો મળે.

હું જાણું છું કે અહીંના અધ્યાત્મપૂરની સામે હું તરવા માગું છું. બધા જ ત્યાગ-વૈરાગ્યની ધારામાં પોતાનાં નવાં-નવાં ઝરણાં ઉમેરીને ધારાના પ્રવાહને વધારી રહ્યા છે, ત્યારે હું સામે ચાલીને કર્તવ્ય-પરાયણતા, સુખ-શાન્તિ-સમૃદ્ધિ વધારનારી ભૌતિકતા અને શસ્ત્રધારી વીરતા સાથેની આધ્યાત્મિકતાની વાત કરી રહ્યો છું. મારા પ્રેરક ઋષિઓ અને ગુરુ ગોવિંદસિંહજી છે.

અમારા આ પ્રવાસમાં ડગલે ને પગલે અમને આ સુખ-અનુભવ થતો રહ્યો. માત્ર છેલ્લા દિવસે ઉતારાની સગવડ ઓછી રહી તેથી બધાંને કચવાટ થયો. સગવડો સૌને ગમે છે; જોઈએ છે. ત્યાગીઓને પણ સગવડો તો જોઈએ છે. સગવડો ભૌતિકતાના વિકાસથી પેદા થાય છે. વિકાસનો વિરાધ કરો અને સગવડો માગતા રહો એ કેમ બને? M. P. ટૂરિઝમે અમારી ઘણી સગવડો સાચવી તેથી તેનો આભાર અને ધન્યવાદ.

શ્રી શક્તિસિંહ ચૂડાસમા મારી સાથે જ ખડેપગે રહેતા. મારા માટે તે પૂરું ઊંઘતા પણ નહિ. તેમનો આભાર અને ધન્યવાદ.

શ્રી જગદીશભાઈ, દશરથભાઈ વેવાઈ, તિરુપતિ, શ્રી શામજીભાઈ અને બીજા બધા પ્રવાસીઓએ મારી ખૂબ સેવા કરી છે. કાન્તાબહેન અને બીજી બહેનોએ મારી રસોઈમાં, જમાડવામાં ખૂબ કાળજી રાખી છે. તે બધાંનો ખૂબ-ખૂબ આભાર – ધન્યવાદ.

અમારા ભોમિયા શ્રી શર્માજી, ડ્રાઇવર મૌર્ય, કંડક્ટર નાયક. બધાએ પૂરો સાથ આપ્યો તેથી અમારી યાત્રા સફળ રહી, તે બધાનો આભાર અને ધન્યવાદ.

M. P. ટૂરિઝમના અમદાવાદ ખાતેના મૅનેજર શ્રી નીતિનભાઈ કટારાને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા કહેવાય. તેમણે બધી રીતે અનુકૂળ થઈને પૂરતી સગવડો કરી આપી હતી. તેમનો આભાર.

પ્રો. પ્રફુલ્લભાઈ મહેતા, પ્રો. ચિમનલાલ ત્રિવેદી તથા શ્રી મનુભાઈ શાહનો પણ આભાર. મારી દુર્બળ ઇચ્છાને શ્રી મનુભાઈ શાહે પ્રબળ બનાવી આ પુસ્તક છાપવાનું શ્રેય લીધું કહેવાય.

અંતમાં પરમકૃપાળુ પરમાત્માનો આભાર.

શ્રી ભક્તિનિકેતન આશ્રમ, દંતાલી,
પો. બૉ. નં. 19, પેટલાદ-388450 –
જિ. આણંદ (ફોનઃ 02697-252480)

સ્વામી સચ્ચિદાનંદ
કોબાઆશ્રમ
તા. 14-6-2011

બધાં પુસ્તકો તથા પ્રવચનોનો લાભ લેવા માટે વેબસાઇટ

www.sachchidanandji.org

# 1
# પ્રસ્થાન

ના-ના કરતાં અમે 43 પ્રવાસીઓ થઈ ગયાં! અમારો પ્રવાસ M. P. ટૂરિઝમ દ્વારા ભોપાલથી શરૂ થવાનો હોવાથી 25મી મેની સવારે ભોપાલ પહોંચી જવાનું હતું. 43 માણસોની એકસાથે વ્યવસ્થા ન તો રેલવેમાં થઈ શકી, ન વિમાનમાં થઈ શકી. છેવટે થાકીને છેવટની ઘડીએ અમદાવાદથી ઇન્દોર જતી બસમાં સ્પેશિયલ વ્યવસ્થા કરી. 24મીની સાંજે નીકળીને 25મી સવારે અમારે ઇન્દોર પહોંચી જવાનું હતું. ત્યાંથી M. P. ટૂરિઝમની બસ અમને લેવા આવી જવાની હતી. અમે બધાં 24મીની સાંજે કોબા આશ્રમમાં ભેગાં થયાં. શ્રી અજિત શાહ અને ઉમેશ બોસમિયા તરફથી શિખંડ-પૂરી અને પાતરાંનું ભોજન સૌએ માણ્યું. બધાં તૈયાર થઈ ગયાં. સમય થઈ ગયો હતો પણ અમને લઈ જનારી બસનું ઠેકાણું ન હતું. હા-ના કરતાં બે કલાકે માંડ બસ આવી. આપણે ક્યાં સમયનું પાલન કરીએ છીએ? આ બસમાં 20 પ્રવાસીઓની સૂવાની વ્યવસ્થા હતી અને 24 પ્રવાસીઓને બેસવાની વ્યવસ્થા હતી. એ રીતે સૌ ગોઠવાઈ ગયાં. અને સાંજના 7 વાગ્યે બસ રવાના થઈ.

અમારી સામે બે ચિંતાઓ હતીઃ એક તો સમયસર પહોંચી જવાની અને બીજી ચિંતા હતી મધ્યપ્રદેશમાં આવતા જંગલવિસ્તારની. અહીં પ્રવાસીઓને સ્થાનિક લોકો લૂંટી લેતા હોય છે. ન કરે નારાયણ ને બસ લૂંટાઈ જાય, તો પ્રવાસ તો અટકી પડે. સાથેસાથે બદનામી પણ થાય. “લ્યો, ગયા હતા મોટા ઉપાડે જાત્રા કરવા, જોયું, લૂંટાઈ ગયા!” આવો વાણીપ્રવાહ પણ ચાલતો થઈ જાય, એટલે પ્રથમથી જ દાહોદ સીમાથી એક રક્ષક પોલીસ-જીપની વ્યવસ્થા થઈ ગઈ હતી. સાવધાની રાખવી અને પૂરતા ઉપાય સાથે સચેત રહેવું તે કુશળતાની નિશાની જ કહેવાય. ખોટી બહાદુરી બતાવી “અમારે કોઈની જરૂર નથી” એવી ડંફાસ ન હાંકવી જોઈએ. ડંફાસ એ નાદાનીની જ નિશાની કહેવાય.

હાં, તો અમે રવાના થયાં. રિંગ રોડ વટાવીને ગોધરા તરફના રોડ ઉપર બસ વળી. રિંગ રોડ થયા પછી અમદાવાદનો ટ્રાફિક ઘણો હળવો અને સરળ થઈ ગયો છે. જો રિંગ રોડ ન થયો હોત તો આજે અમદાવાદમાં ચાલવું મુશ્કેલ થઈ જાત. દૂરદર્શિતા રાજનેતાનું પ્રથમ મહાલક્ષણ કહેવાય. છેલ્લાં વર્ષોમાં ગુજરાતમાં માર્ગ-વ્યવસ્થા ઘણી સુધરી છે.

ભારતની તુલનામાં ગુજરાતની ઘણી ઉપલબ્ધિઓ છે. જેમાંની એક છે સારા રસ્તા. રાત્રે એકાદ વાગ્યે બસ દાહોદ પહોંચી. બધાં પ્રવાસીઓ ચા-પાણી કરવા નીચે ઊતર્યાં. સૌને લઘુશંકાની હાજત હતી, પણ જવું ક્યાં? પરદેશમાં જેવી સગવડ હોય તેવી આપણે ત્યાં નથી હોતી. રાતના અંધારામાં જેમ-તેમ એક ખૂણો શોધી કાઢ્યો. હોટલવાળાઓએ જ બતાવ્યો. ત્યાં તો ઊભા રહેવાની વ્યવસ્થા નહિ. ખાડા અને રોડાં-ઈંટો વચ્ચે જેમ-તેમ બધાં ગયાં અને મહિનાઓથી આ જ ઉપયોગમાં આવતા ખૂણાને સાર્થક કર્યો! સાથે કોઈ પરદેશી પ્રવાસી હોય તો તેની અસરથી આપણી કેવી દશા થાય? સેનિટેશન બાબતમાં હજી આપણે ઘણું કરવાનું બાકી છે. કશું કર્યા વિના જ મહાન હોવાનો દંભ આપણને કોઠે પડી ગયો છે.

રાતના એક વાગ્યે પણ ઘણી હોટલો ધમધોકાર ચાલી રહી છે. જો બધા જ ચોવીહાર કરનારા થઈ જાય તો આ હોટલવાળાનું શું થાય? લગભગ બધાંએ ચા-પાણી કર્યાં. હોટલવાળો મને ઓળખી ગયો. તેણે આગળ ચોકમાં ખુરશી નાખી આપી. બીજાં પણ ગોઠવાયાં. થોડી જ વારમાં એક ભરચક જીપ થાળી અને ઢોલકું વગાડતી આવી પહોંચી. જાણવા મળ્યું કે વરને પરણાવવા જાન જઈ રહી છે. થોડી વારમાં એવી જ બીજી જીપ પણ આવી. પ્રત્યેકમાં 25-30 માણસો બેઠાં હશે. ઉપર છત ઉપર બધાં ચિક્કાર ગોઠવાઈ ગયાં હતાં. વાજિંત્રો વાગી રહ્યાં હતાં. સૌને આનંદ હતો. આવા આનંદના પ્રસંગે વાજિંત્રો ન વાગે તો ક્યારે વાગે? કદી સાદાઈના વેદિયા ન થવું. મારી પાસે પુષ્કળ પ્રસાદ હોય છે. બધાંને સરસ પેંડાનો પ્રસાદ ખવડાવ્યો. બધાં રાજી-રાજી થઈ ગયાં. નાનાં માણસો જલદી અને થોડેથી રાજી થતાં હોય છે.

અમારી ચોકીદાર જીપ આવી ગઈ. પોલીસે મને નમસ્કાર કર્યા. ત્રણેક શસ્ત્રધારી પોલીસ અમારી સાથે આગળ-આગળ ચાલવાના છે. હવે ચિંતા ન રહી. ચતુરને ચિંતા હોય. મૂરખને ન હોય કે ઓછી હોય. વાસ્તવિકતાનો સ્વીકાર કરો એટલે ચિંતા થાય જ. સાચો ઉપાય જ ચિંતાને હળવી કરતો હોય છે.

હમણાં થોડા જ સમય પહેલાં આગળની બદનામ જગ્યાએ એક સોની પરિવારને લૂંટી લીધો હતો. ના-ના કહેવા છતાં સોની ગૃહસ્થ પરિવાર સાથે નીકળ્યા હતા. પરિસ્થિતિ જોઈને તેમણે હાથ જોડ્યા અને કહ્યું કે જે લૂંટવું હોય તે લૂંટી લો પણ અમને અડશો નહિ. લૂંટારાઓએ કહ્યું કે “શેઠ અમે હરામનું નથી ખાતા. મહેનતનો રોટલો ખાઈએ છીએ એટલે અમારે મહેનત તો કરવી જ પડશે.” એમણે મહેનત શરૂ કરી અને બધાંનાં હાડકાં-પાંસળાં તોડી નાખ્યાં. રાત્રે બૂમાબૂમ અને ચીસાચીસ થઈ ગઈ પણ કોણ સાંભળે! જે સુહૃદજનોની સલાહ નથી માનતા તેમની રાડો ખરા સમયે ભગવાન પણ નથી સાંભળતો. બધું લૂંટી લીધું અને બધાને હૉસ્પિટલમાં દાખલ કરાયા. એટલું સારું થયું કે સાથેની મહિલાઓ ઉપર કોઈએ મહેનત ન કરી.

ભારતમાં ઘણી જાતિઓ વસે છે. પ્રત્યેક જાતિની પોતાની આગવી છાપ પડી હોય છે. આ છાપ સાવ ખોટી નથી હોતી. તેમાં તથ્ય હોય છે. પ્રત્યેક જાતિમાં સારાં અને ખોટાં બન્ને પ્રકારનાં માણસો હોય છે, પણ જેનું પ્રમાણ વધારે હોય છે તેની તેવી છાપ પડી જતી હોય છે. ખોટી છાપ ઊભી કરીને પોતાની પૂરી જાતિને ઘૃણિત બનાવવી તે પણ પાપ જ કહેવાય. તમારી છાપ પ્રમાણે તમને નોકરી-ધંધા, માન-અપમાન મળતું હોય છે. જે જાતિ ઉપર ચોર - લૂંટારાની છાપ પડી હોય તેને કોણ નોકરી આપે?

આ લોકો સદીઓથી આ કામ કરતા હોય છે. તેમની છાપ જ એવી પડી ગઈ છે કે તેમને કોઈ નોકરી ન આપે. નોકરી ન મળે એટલે આ લૂંટનો ધંધો ચાલુ રહે. આમે અભણ માણસો કાળી મજૂરી કરીને માંડ પેટ ભરે તેના કરતાં આ રાતની થોડી મહેનત કરીને લીલાલહેર કેમ ન કરવી? કેટલાક તો પાછા એવું પણ માને છે કે “આ ધંધો તો અમને ભગવાને જ આપ્યો છે!” લો, હવે કોણ સુધરે? જોકે હવે થોડુંક-થોડુંક પરિવર્તન આવી ગયું છે. કેટલાક ભણ્યા છે. અને સારી સરકારી નોકરી કરતા થયા છે. આ સારી વાત કહેવાય. પણ આ ક્ષેત્રમાં ધર્માંતર કરનારા પણ પહોંચી ગયા છે. તેમનો ધંધો સારો ચાલે છે, કારણ કે અહીં ધર્મનું વૅક્યુમ છે. આપણા ગુરુઓ હજી આ વૅક્યુમને પૂરવા જતા નથી. દુનિયા પ્રચારની છે. ધર્મ પણ પ્રચારનો છે. આપણે હજી સુધરેલાને સુધારીએ છીએ. સૌને ધામમાં મોકલવા છે!

અમે હવે મધ્યપ્રદેશની ભૂમિ ઉપર આવી રહ્યા છીએ. તેનું ભાન બે રીતે થવા લાગ્યું. એક તો વસ્તી આવતી થઈ ગઈ. નાનાં-ઓછાં ગામડાં આવે. છાપરા જેવાં મકાન હોય. બધું સૂમસામ હોય. બીજું, રસ્તાનું સ્વરૂપ બદલાઈ ગયું. એટલી બધીં ઘાંચો આવે કે આખી બસ ખડખડી ઊઠે. ડ્રાઇવર પુરપાટ બસ ચલાવી રહ્યો છે. તે ખાડાટેકરા જોતો નથી. કોઈ ઊંઘતું નથી. ઊંઘી શકાય તેવું છે જ નહિ. મારી સીટ સૌથી આગળની છે. હું હચમચી રહ્યો છું, તો છેક પાછળવાળાની કેવી દશા થતી હશે? આ હચમચાટ એટલો ભયંકર હતો કે મને થયું કે કાં તો આ બસનાં પાટિયાં છૂટાં પડી જશે કાં પછી અમારાં હાડકાં - પાંસળાં છૂટાં પડી જશે. બસની બૉડી બાંધનારને ધન્યવાદ આપવા જોઈએ કે પાટિયાં છૂટાં ન પડ્યાં અને અમારાં હાડકાં - પાંસળાં પણ સાબૂત રહ્યાં. નવાઈ જ કહેવાય.

અમે સૂર્યોદય સાથે જ ઇન્દોર પહોંચી ગયાં. નિર્ધારિત જગ્યાએ બસ ઊભી કરી દીધી. બધાં નીચે ઊતર્યાં. હવે મોટો પ્રશ્ન કુદરતી હાજતનો હતો. શું કરવું? ક્યાં જવું? વ્યવસ્થા ન હોવાથી પણ લોકો ગમે ત્યાં આંધળૂકિયાં કરતાં હોય છે. ગંદકી આ રીતે વધે છે. નગરજનોની ચહલ-પહલ ચાલુ થઈ ગઈ છે. અંતે સૌએ રસ્તો શોધી કાઢ્યો. સામે જ એક એન્જિનિયરિંગ કૉલેજનું સંસ્થાન છે. ત્યાં બધાંને લઈ ગયા. ચોકીદારને સમજાવીને બધાંના માટે સંડાસ-બાથરૂમો ઉઘડાવી દીધાં.

હું પણ પહોંચ્યો. ચોકીદારને સો રૂપિયા આપવા માંડ્યા પણ તેણે ન લીધા. બહુ જ આગ્રહ કર્યો પણ ન લીધા તે ન જ લીધા. તેનાં બાળકોને આપવા માંડ્યા તો તે ભાગી ગયાં પણ ન જ લીધા. મને અહીં જ તીર્થનાં દર્શન થઈ ગયાં. મૉરલથી મોટું કોઈ તીર્થ નથી. લ્યો, જોઈ લ્યો. આ સામાન્ય માણસના મૉરલમાં મહાન માણસનાં દર્શન કરો. આ તીર્થ છે. કોઈ લુચ્ચો રાજનેતા કે એવો જ વ્યાપારી કહેતો

હશે કે “કેવો ગાંડો કે સવારસવારમાં બોણી બગાડી!”

અમે બધાં પાછાં બસ આગળ આવી ગયાં. અમારી બસ હજુ ઊભી હતી. ડ્રાઇવર ચોટલાવાળો આધેડ પુરુષ હતો. હું લગભગ બધાને બક્ષિસ આપું છું. મેં તેને અને કન્ડક્ટરને 200+200 રૂપિયા આપવા માંડ્યા પણ ડ્રાઇવરે ન લીધા. બોલ્યો “मैं ब्राह्मण हुं वेतन के अलावा कुछ नहि लेता” હું તો તેનો ચહેરો જ જોતો રહી ગયો. લ્યો, એક સાચો બ્રાહ્મણ પણ મળી ગયો. દક્ષિણાભોજી બ્રાહ્મણોના ટોળામાં આ વિરલો એકાદ જ હશે. તે ડ્રાઇવિંગ કરે છે, પણ ખુમારીથી જીવે છે. મેં જબરદસ્તી તેના ગજવામાં પૈસા મૂકી દીધા. મને પૂરા મધ્યપ્રદેશ પ્રત્યે માન થઈ ગયું. દેશ કે પ્રદેશ, ભવ્ય બંગલાઓથી મહાન નથી થતો હોતો. આવા મૉરલવાળા માણસોથી મહાન થતો હોય છે. માળવાની ધરતીને વંદન.

M. P. ટૂરિઝમની બસ આવી ગઈ. અમારો સામાન તેના ભંડારિયામાં ગોઠવાયો અને અમે સૌ બસમાં ગોઠવાયાં. બસ સુંદર અને સરસ હતી. આ તાતાની વોલ્વો બસ હતી. વોલ્વો 75 લાખમાં મળે છે. આ બસ તાતાએ 45 લાખમાં તૈયાર કરી છે, પણ વોલ્વોને ટક્કર મારે તેવી છે.

અમારે હવે ભોપાલ જવાનું છે. અહીંથી અમારી યાત્રા શરૂ થઈ કહેવાય. બસ ચાલી ત્યારે સૌ ખુશ થયાં. જાણે ઝૂલતો હાથી જ જોઈ લો! સગવડો સૌને ગમે છે, કારણ કે સગવડો જ સુખ આપે છે. આત્મા-આત્મા કરવાથી સુખી થવાતું નથી.

1-6-11

# 2
# ભોપાલ તરફ

જેણે દેશદર્શન કરવું હોય તેણે બને ત્યાં સુધી વધુમાં વધુ ભૂમિમાર્ગે પ્રવાસ કરવો. વિમાનમાર્ગે, ઝડપ તો રહે પણ દર્શન ન થાય. ભૂમિમાર્ગે પણ કાર કે બસ સારી. જો પગપાળા પ્રવાસ થાય તો ઉત્તમ. અમારી સાથે જિતેન્દ્રકુમાર તિરુપતિ પણ આવ્યા છે, પણ તે પોતાની B.M.W. કાર લઈને આવ્યા છે. મને કારમાં બેસવા બહુ જ આગ્રહ કર્યો, પણ હું ન માન્યો. જે આનંદ અને આત્મીયતા સમૂહમાં આવે છે તે એકાકી કારમાં ન આવે. બીજું એ કે તમે મુખ્ય માણસ હો તો સમૂહ સાથે ઓતપ્રોત થવાય. દૂર-અળગા ન રહો. દૂર – અળગા કોણ રહે – જે બે જીવન જીવતા હોય તે. જે ડબલ જીવન જીવવા માગતા હોય તેમને ચિંતા રહેતી હોય છે કે ભળી જઈશું તો નાના થઈ જઈશું. મોટાઈ ચાલી જશે. જીવનનો ખરો આનંદ તો મોટા હોવા છતાં મોટાઈના ભારથી મુક્ત થઈને જીવન જીવતા હોય તેમને આવતો હોય છે. સાચી મોટાઈને કશો ભય નથી હોતો અને બનાવટી મોટાઈ, દંભ થઈને ડરતી રહે છે. દંભી માણસ કદી નિર્ભય ન હોય. તે સરળ-સહજ જીવન જીવી શકે નહિ.

તિરુપતિને સમજાયું કે કાર ખોટી લીધી છે. એટલે તેમણે ઇન્દોરથી કાર પાછી વાળી દીધી અને અમારી બસમાં આવી ગયા. તેમના આવવાથી તેમના કરતાં અમને સૌને વધુ આનંદ થયો. સારા માણસનું સર્વત્ર સ્વાગત થતું હોય છે.

અમારી બસ ભોપાલ તરફ સડસડાટ ચાલી રહી છે. ગુજરાત જેટલો ટ્રાફિક નથી. કાર ઓછી દેખાય છે. ટ્રકો અને બસોનો વ્યવહાર વધારે છે. વાહનો આર્થિક સ્થિતિનું માપ કહેવાય. જેટલી કાર વધારે તેટલો વૈભવ વધારે હોવો જોઈએ.

અહીંની ભૂમિ કાળી અને ઉપજાઉ લાગે છે. ઘઉં લઈ લીધા છે. મોટા ભાગનાં ખેતરો ઘઉંનાં લાગે છે. અહીં ઇન્દોરી ઘઉં થાય છે. જે ગુજરાતના ભાલિયા ઘઉં જેવા સ્વાદિષ્ટ કહેવાય છે. નહેરો નથી તેથી માત્ર ચોમાસુ ખેતી જ થતી લાગે છે. ગુજરાત જેટલા પાતાળકૂવા પણ દેખાતા નથી, તેથી ઉનાળુ ખેતી દેખાતી નથી. એક જ ખેતી લેનારા ખેડૂતો સમૃદ્ધ ન હોય, તેમનાં સાદાં મકાનો ઉપરથી જોઈ શકાય છે.

અમે કોઈએ સ્નાન કર્યું નથી. સમય અને સગવડ ક્યાં હતી! યાત્રા-પ્રવાસમાં બહુ આચાર પાળવાનો આગ્રહ ન રાખે તે સુખી થાય અને બીજાને ઓછા દુઃખી કરે. આઠેક વાગ્યા હશે અને બસ એક અડ્ડા ઉપર ઊભી રહી. અહીં સૌને ચા-પાણી કરવાની છૂટ હતી. બધાં નીચે ઊતર્યાં. લઘુશંકા વગેરે ખુલ્લાં ખેતરોમાં પતાવ્યું. હું તો બસમાં બેસી જ રહ્યો. પાસે જ હોટલ હતી ત્યાં બધાં ચા-નાસ્તો કરવા ગયાં. મારા માટે ઈડલી અને સાંભાર-વડાં લઈ આવ્યાં. ખરેખર બહુ જ સ્વાદિષ્ટ હતાં. જાણે કે તામિલનાડુનાં જ બનાવેલાં હોય! ઈડલી-સાંભારે વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ મેળવી છે. તે આરોગ્યપ્રદ છે અને સૌને ગમી જાય છે. ગુજરાતની કોઈ વાનગી ગુજરાત બહાર આટલી વ્યાપક પ્રસિદ્ધિ પામી હોય તેવું જણાતું નથી. ચા-નાસ્તાથી બધાંને સંતોષ થયો. કેટલાક સારા દુકાનદારો પણ હોય છે.

ફરી પાછાં રવાના થયાં. બસ, બન્ને તરફ ઘઉં લીધેલાં ખેતરો જ ખેતરો છે. પંજાબ પછી માળવા પણ ઘઉંનો ભંડાર દેશને પૂરો પાડે છે. હવે અમે ભોપાલ પહોંચી રહ્યાં છીએ. આઝાદી પહેલાં અહીં નવાબી રાજ્ય હતું. નવાબ પાકિસ્તાનતરફી હતા, પણ ભૌગોલિક કારણોથી પાકિસ્તાનમાં ભળી શકાય તેમ ન હતું. તેથી તે પોતાના રાજ્યને સ્વતંત્ર રાષ્ટ્ર બનાવવા માગતા હતા. તેમની બહેન જૂનાગઢના ભોળાનવાબ સાથે પરણાવેલી. આ બેગમે નવાબને પાકિસ્તાનતરફી કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવેલી. કન્યા એકલી નથી આવતી હોતી, તે પોતાની સાથે સંસ્કારો, વિચારો અને સંપ્રદાય પણ લાવતી હોય છે. જે કન્યા પતિમાં કે સાસરામાં ભળી શકતી નથી તે બધાંને પોતાનામાં ભેળવવા પ્રયત્ન કરતી રહે છે. મોટા ભાગે તે સફળ પણ રહે છે. જેણે પોતાના ઘરની પરંપરા અને ધર્મ સાચવવાં હોય તેણે ધર્મ-સંસ્કારો અને વિચારોથી જુદી પડતી દુરાગ્રહી કન્યાને પાણીના ભાવે પણ ન લાવવી જોઈએ. જૂનાગઢના નવાબનો સર્વનાશ કરાવવામાં ભોપાલીબેગમ, દીવાન શાહનવાઝ ભૂટ્ટો અને મુસ્લિમ જમિયતુલ મુસલમીન સંસ્થાના અધ્યક્ષ ઇસ્માઈલ અબ્રેહાની મહત્ત્વનાં

કારણ બન્યાં હતાં.

લ્યો ત્યારે અમે ભોપાલ પહોંચી ગયાં. ભોપાલ મસ્જિદોની નગરી છે. મુસ્લિમ શાસકો મોટા ભાગે ઇમારતોના શોખીન હોય છે. મૂર્તિપૂજાના સખત વિરોધી હોવાથી તેમનો કલારસ ઇમારતો તરફ વળે છે. ઇમારતોમાં પણ મસ્જિદોને પ્રથમ ચાન્સ મળે. ચારે તરફ ઊંચા મિનારાવાળી અનેક ભવ્ય મસ્જિદો દેખાય છે. મિનારા ન હોય તો મસ્જિદની ભવ્યતા ઘટી જાય. મિનારા બુલંદીનું પ્રતીક છે – ધર્મનું અને રાજસત્તાનું. બન્નેની બુલંદી પ્રગટે છે. મુઠ્ઠીભર પ્રજા વિશાળ બહુમતી ઉપર રાજ કરે એ તેની બુલંદી જ કહેવાય ને!

ભોપાલનો થોડો ઇતિહાસ જોઈએઃ 11મી શતાબ્દીમાં રાજા ભોજ થયા. તેમણે આ નગર વસાવ્યું હતું. ત્યારે તેનું નામ 'ભોજપાલ' હતું. રાજા ભોજની ભવ્ય જાહોજલાલી હતી. એક કહેવત છે કે "ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી" રાજ્યપરંપરામાં ચઢતી-પડતી આવે છે. મધ્યકાળમાં દિલ્હી ઉપર મુસ્લિમોની સત્તા સ્થાપિત થઈ, તેમના ઘણા અફઘાન સરદારો જુદા-જુદા પ્રદેશના હાકેમ બન્યા. તેમાંના એક દોસ્તમોહમ્મદે રાજપૂતો સાથે કાંઈક દગો-ફટકો કરીને આ નગર કબજે કરી લીધું હતું. રાજપૂતો બહાદુર તો ખરા પણ મુત્સદ્દી ઓછા તેથી છળકપટનો ભોગ બની જતા. આ દૃષ્ટિએ મુસ્લિમ શાસકો અને તેવી દૃષ્ટિએ અંગ્રેજ શાસકો વધુ મુત્સદ્દી સાબિત થતા હતા.

રાજા ભોજનું ભવ્ય પૂતળું સરોવરના કિનારે સ્થાપિત કરેલું જોઈ શકાય છે. આપણા કાંકરિયા કરતાં આ મોટું સરોવર ઘણું વિશાળ છે. તેમાં યંત્ર-નૌકાઓ સહેલ પણ કરાવે છે.

ભોપાલમાં જે શાસકો થયા તેમાં કેટલીક બેગમો પણ થઈ. 1819થી 1926 સુધીમાં શાહજહાઁ બેગમ, કુદસિયા બેગમ, વગેરે મુખ્ય રહી. આમાંથી કેટલીક બેગમોએ ભવ્ય મસ્જિદો પણ બંધાવી છે.

ભોપાલથી 11 કિ. મી. દૂર ઇસ્લામનગરમાં મુસ્લિમોની વસ્તી - ખાસ કરીને અફઘાનવંશીય લોકોની વસ્તી વધારે છે. અહીં દોસ્ત-મોહમ્મદે પોતાનો મહેલ બંધાવ્યો હતો.

ભોપાલને મધ્યપ્રદેશની રાજધાની બનાવવામાં પણ એક કારણ છે. સ્વતંત્ર થવા માગતા નવાબને સરદારસાહેબે ઘણી રીતે સમજાવ્યા હતા. છેવટમાં ભોપાલને મધ્યપ્રદેશની રાજધાની બનાવવાની શરતે ભારતમાં ભળવા તૈયાર થયા હતા. આમ જુઓ તો રાજધાની થવાનો ખરો દાવો હોલકરના ઇન્દોરનો હતો. બધી રીતે તે ઘણું યોગ્ય હતું, પણ રાજકારણમાં સોગઠાં રમતાં આવડે તેની જીત થાય.

આ ભોપાલ યુનિવર્સિટી છે. જ્યારે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અર્જુનસિંહ હતા ત્યારે તેમણે ભોપાલ યુનિવર્સિટીનું નામ બદલીને 'બરકતઉલ્લાખાન યુનિવર્સિટી' બનાવી દીધું હતું. અત્યારે હવે તે જ નામથી યુનિવર્સિટી પ્રસિદ્ધ છે. મહાત્મા ગાંધીજીથી જ કોંગ્રેસમાં એક વર્ગ મુસ્લિમો પ્રત્યે અત્યંત તુષ્ટીકરણભર્યું વલણ ધરાવતો રહ્યો છે. આ વર્ગની ખાસિયત એ રહી છે કે માગે તે તો આપવું, પણ ન માગે તે પણ આપવું. શ્રી અર્જુનસિંહ, વી. પી. સિંહ, મુલાયમસિંહ, અમરસિંહ, દિગ્વિજયસિંહ, વગેરે આ વર્ગમાં આવે ખરા. ચૂંટણી આવવાની હોય ત્યારે તો આમની ઉદારતા કહો કે તુષ્ટીકરણ કહો, સૂપડાં ભરી-ભરીને આપવાની થઈ જાય! પણ આમને કોણ સમજાવે કે આવી નીતિના કારણે જ હિન્દુવર્ગ તેમનાથી દૂર ખસી રહ્યો છે અને મધ્યપ્રદેશનું શાસન ભાજપને સોંપી દીધું છે. શુદ્ધ રાષ્ટ્રીયતા જેમાં હોય તે જ સાચો નેતા થઈ શકે, તે જ સાચો પક્ષ બની શકે.

આ ઓબે દુલ્લાગંજ છે. બાબરી મસ્જિદના પ્રકરણ પછી અહીં ભારે હુલ્લડો થયાં હતાં. પહેલા દિવસે ઓચિંતાં ફાટી નીકળેલાં હુલ્લડોએ હિન્દુઓનાં જાન-માલને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું. હંમેશના નિયમ પ્રમાણે પાછળથી હિન્દુ પ્રજા જાગી હતી અને પૂરેપૂરી વીફરી હતી. તે પછી હુલ્લડો થવાનાં બંધ થઈ ગયાં છે.

દુર્બળતા અત્યાચારોને આમંત્રણ આપે છે. પ્રબળતાથી જ અનિષ્ટોથી બચી શકાય છે.

# 3
# સાંચી

ભારતીય ધાર્મિક ક્ષેત્રમાં જો કોઈ વ્યક્તિવિશેષનો સૌથી વધુ પ્રભાવ પડ્યો હોય તો તે બુદ્ધ છે. આટલો વ્યાપક અને દૂર-દૂર સુધી કોઈ બીજી વ્યક્તિનો પ્રભાવ દેખાતો નથી. વ્યક્તિનો પ્રભાવ તેના શિષ્યો દ્વારા સ્થાપિત થતો હોય છે. વ્યક્તિ મહાન હોય પણ જો તેની પાસે શિષ્યમંડળ ન હોય તો તેનો પ્રભાવ સીમિત જ થઈ રહે. એક વ્યક્તિએ કહ્યું છે કે તથાકથિત મહાપુરુષોએ જે કાંઈ કર્યું તેવું બધું આપણા પૂર્વજોએ કર્યું હતું, પણ તેમનાં તે-તે કાર્યોને લખનારા, પ્રચાર કરનારા કોઈ ન મળ્યા તેથી તેઓ પ્રસિદ્ધ ન થયા. પ્રચાર બહુ જ મહત્ત્વની વસ્તુ છે. પ્રચારના જોરે માણસને ભગવાન બનાવી શકાય છે અને પ્રચારના જોરે માનવને રાક્ષસ પણ બનાવી શકાય છે. સત્યને શોધનારાએ પ્રચારના પ્રૉપેગેંડાથી પ્રભાવિત થયા વિના સત્યનું શોધન કરવું જોઈએ.

ભોપાલથી 46 કિ. મી. દૂર પ્રસિદ્ધ તીર્થધામ સાંચી આવે છે. અહીં જે પ્રસિદ્ધ સ્તૂપ છે તે પર્વતીય ટેકરાઓ ઉપર છે. પ્રાચીન કાળમાં તેને ‘બેદિયાગિરિ’, ‘ચેતિયાગિરિ’, ‘કાકનાથ’ વગેરે નામોથી ઓળખવામાં આવતા હતા. સ્વયં સાંચીને ‘કાકણાય’, ‘કાકણાદ બોટ’ અને ‘બોટશ્રી પર્વત’ તરીકે જાણતા હતા.

અહીં જે નિર્માણ થયું છે તે ઈ.સ. પૂર્વે તૃતીય શતાબ્દીથી બારમી શતાબ્દી સુધી થયું છે. તે પછી મુસ્લિમકાળમાં અહીં અંધકાર ફેલાઈ ગયો. અજન્ટા-ઇલોરાની માફક આ સ્તૂપો ઉપર પણ વનરાજી ફેલાઈ ગઈ અને બધું દટાઈ ગયું. એક રીતે સારું જ થયું. જો દટાયું ન હોત તો બીજાં મંદિરો-સ્થાપત્યોની માફક આને પણ ધ્વંસ કરી દેવાયો હોત. લગભગ 500-600 વર્ષ સુધી ઢંકાયેલું રહેલું આ ભવ્ય સ્થાપત્ય ઈ. સ. 1818માં જનરલ ટેલરની નજરે ચઢ્યું. તેને ઝાડી-ઝાંખરાંમાં કાંઈક દેખાયું અને તેણે શોધકામ શરૂ કરાવી દીધું. મુસ્લિમો અને અંગ્રેજોના શાસનકાળમાં એક મહત્ત્વનો ભેદ એ હતો કે મુસ્લિમો બધાંનો ધ્વંસ કરી નાખતા જ્યારે અંગ્રેજો શોધી-શોધીને તેમને સાચવતા અને પ્રસિદ્ધ કરતા. ટેલર પછી જનરલ જોનસન, પછી જનરલ કનિંઘમ પછી મૈસી પછી મેજર કૌલ અને પછી સર જોન માર્શલ જેવા અનેક સ્થાપત્યવિદોએ આ દિશામાં સતત શોધખોળ ચાલુ રાખી, જેના પ્રતાપે આજે આપણે આવાં બધાં સ્થાપત્યોને જોઈ શકીએ છીએ. જો મુસ્લિમો પછી અંગ્રેજોનો શાસનકાળ ન આવ્યો હોત તો શું થાત તે કહેવું કઠિન છે.

એવું મનાય છે કે બૌદ્ધ ધર્મનો ખરો પ્રચાર સમ્રાટ અશોકે કર્યો હતો. અથવા કહો કે તેના સમયથી શરૂ થયો હતો. અશોકે કલિંગ દેશ ઉપર આક્રમણ કર્યું. અને લગભગ એક લાખ માણસો મારી નાખ્યાં તેથી તેના હૃદયને ભારે વેદના થઈ. બરાબર આ જ સમયે તેને એક બૌદ્ધ ભિક્ષુ મળી ગયા. (કોઈ જૈન કહે છે.) ધરતીમાં વરાપ થયો હતો, તેથી સાધુએ અહિંસાનાં બીજ વાવ્યાં અને એ ઊગી નીકળ્યાં. અશોકે પ્રતિજ્ઞા કરી કે હવે હું યુદ્ધ નહિ કરું. તે પછી તેણે કદી યુદ્ધ ન કર્યું. તે બૌદ્ધ ધર્મ તરફ વળ્યો. તેને બૌદ્ધ ધર્મનો એટલો રંગ લાગ્યો કે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને રાજકુમાર કે રાજકુમારી બનાવવાની જગ્યાએ ભિક્ષુ-ભિક્ષુણી બનાવી દીધાં અને બૌદ્ધ ધર્મના પ્રચારમાં લગાવી દીધાં, જેઓ લંકા વગેરે દેશોમાં જઈને બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર કરવા લાગ્યાં.

બુદ્ધનું નિર્વાણ કુશીનગરમાં થયું હતું. તેમણે છેલ્લી ઘડીમાં પોતાના ભિક્ષાપાત્રને ઊંધું કરીને શિષ્યોને પ્રેરણા આપી કે આવી રીતે તમે સ્તૂપ બનાવજો. સાંચીનો સ્તૂપ ઊંધા કટોરા જેવો છે. બુદ્ધના નિર્વાણ પછી ત્યાં ઉપસ્થિત જુદા-જુદા દેશોના રાજવીઓ તેમની જુદાં-જુદાં અસ્થિઓ પોતાની સાથે લઈ ગયા અને તે-તે અસ્થિઓને દાટીને તેના ઉપર આઠ સ્તૂપો બનાવ્યા. અહીં વિચારવા જેવું એ લાગે કે બુદ્ધના પાર્થિવ દેહનો જો અગ્નિસંસ્કાર થયો હોય તો અસ્થિઓ મળે નહિ. કદાચ મળે તો બળતાં બચી ગયેલાં અસ્પષ્ટ અસ્થિઓ હોય, તેથી કયું અંગ છે તે નક્કી ન થઈ શકે. જો તેમનું ભૂમિ-ભંડારણ થયું હોય તો પછી શબને ચીરીને, તોડ-ફોડ કરીને પછી અસ્થિઓ કાઢી લીધાં હોય. પણ તો પછી બાકીના મૃતક દેહનું શું થયું? કદાચ નિર્વાણ પછી કશી જ ક્રિયા વિના સીધાં જ અસ્થિઓ કાઢી લીધાં હોય, જે થયું હોય તે, પણ આના પહેલાં બીજી કોઈ મહાન વિભૂતિનું આવું થયું જાણ્યું નથી. તેમના જ સમકાલીન મહાવીરસ્વામીનાં અસ્થિઓ કાઢ્યાં હોય અને આવું નિર્માણ થયું હોય તેવું જાણ્યું નથી. આ નવો રિવાજ હતો કે કેમ તે વિચારવા જેવું કહેવાય.

પેલા રાજાઓએ બુદ્ધનાં આઠ અસ્થિઓ ઉપર આઠ સ્તૂપો બનાવેલા. અશોકે તેમના ઉપર ચઢાઈ કરીને તે સ્તૂપોમાંથી સાતને ખોદાવીને અસ્થિઓ કાઢી લીધાં. અસ્થિઓ માટે પણ યુદ્ધો થયાં કહેવાય. પછી તે અસ્થિઓના ઝીણા-ઝીણા ટુકડા કરીને 84 હજાર સ્તૂપોનું નિર્માણ કરાવ્યું. જેમ રાજા-મહારાજાઓ કે રાણીઓ મંદિરો બંધાવતાં, જેમ મુસ્લિમ શાસકો મસ્જિદો બંધાવતા તેમાં બેગમો પણ નિમિત્ત બનતી, તેવી જ રીતે આ સ્તૂપોનું નિર્માણ કરાવવામાં અશોકની મહારાણી નિમિત્ત બની લાગે છે.

રાજા થતાં પહેલાં અશોક ઉજ્જયિનીનો રાજ્યપાલ હતો. ત્યાંના ચોકસી-સોનીની કન્યા દેવી સાથે તેનાં લગ્ન થયાં હતાં. તે રાજકુમારી નહિ પણ ચોકસી-સોનીની કન્યા હતી. અને તે બૌદ્ધ ધર્મ પાળતી હતી. તેના પ્રભાવથી અશોકે 84 હજાર સ્તૂપો બનાવ્યા હતા તેવું કહેવાય છે. એમ કહેવાય કે પૂરો રાજ- ખજાનો સ્તૂપોના નિર્માણ તરફ વાળી દેવાયો હતો. બુદ્ધ સાથે સંબંધિત જેટલી જગ્યાઓ હતી ત્યાં બધે જ નાનામોટા સ્તૂપો બાંધવામાં આવ્યા હતા. ગુજરાતમાં ગિરનાર, પોરબંદર પાસે, સિદ્ધસર, તળાજા, વલ્લભી, વગેરે અનેક સ્થળે આવી રચનાઓ થઈ હતી. જોકે સાંચીમાં બુદ્ધ કદી આવ્યા ન હતા. તોપણ પત્નીના પ્રભાવથી અશોકે અહીં આ ભવ્ય સ્તૂપની રચના કરી હતી.

બુદ્ધનો જન્મ ઈ. પૂ. 562માં લુમ્બિની – નેપાળમાં થયો હતો. પિતા શુદ્ધોદન અને માતા મહામાયા હતાં. બાળકનું નામ ગૌતમ રાખવામાં આવ્યું હતું, પણ ઘણા લોકો તેને સિદ્ધાર્થ પણ કહેતા. જન્મ પછી થોડા જ દિવસોમાં માતા મહામાયાનું અવસાન થઈ ગયું. તેથી તેનો ઉછેર માસી ગૌતમીએ કર્યો હતો. નાની વયમાં જ યશોધરા સાથે તેનાં લગ્ન કરી દેવાયાં અને રાહુલ નામનો પુત્ર પ્રાપ્ત થયો હતો. પછી સિદ્ધાર્થને વૈરાગ્ય થયો. તીવ્ર વૈરાગ્યમાં પત્ની યશોધરા અને પુત્ર રાહુલને ભરનિદ્રામાં સૂતેલાં છોડીને સિદ્ધાર્થે મહાભિનિષ્ક્રમણ કર્યું.

ઘણી જગ્યાએ ભ્રમણ કર્યું. છેવટે બોધિગયામાં જ્ઞાન પ્રાપ્ત થયું અને સારનાથમાં જ્ઞાનપ્રચાર શરૂ કર્યો. 81 વર્ષની ઉમ્મરે તેમણે કુશીનગરમાં સાલ વૃક્ષની નીચે દેહત્યાગ કર્યો હતો. તે દિવસે વૈશાખી પૂર્ણિમા હતી. જન્મ અને મૃત્યુ બન્ને વૈશાખી પૂર્ણિમાના રોજ થયાં હતાં, તેથી બૌદ્ધ ધર્મમાં વૈશાખી પૂર્ણિમાનું મહત્ત્વ ઘણું મનાય છે.

અમે બધાંએ નીચે હોટલમાં ઉતારો કર્યો, જમ્યાં અને પછી ઊપડ્યા સ્તૂપનાં દર્શન કરવા માટે. મને 80 વર્ષ થયાં હોવાથી હવે મારાથી પહાડીની ઊંચાઈ ચઢી શકાય તેમ ન હોવાથી સાથે એક વ્હીલચેર રાખી છે. લોકો મને તેમાં બેસાડી હોંશેહોંશે તેને ધકેલીને આગળ ચઢાવે છે. નાની પહાડી ચઢીને અમે છેક ઉપર સ્તૂપ નં. 1 આગળ પહોંચી ગયાં. અહીંના બધા સ્તૂપોમાં આ સ્તૂપનું મહત્ત્વ વધારે છે. આ સ્તૂપમાં બુદ્ધનાં અસ્થિઓ રાખવામાં આવ્યાં છે. ઊંધા ભિક્ષાપાત્રના કટોરા જેવો આ સ્તૂપ ભવ્ય લાગે છે. તેનું નિર્માણ બે-ત્રણ કાળમાં અને ભારતમાં થયેલું છે. મૌર્યકાળમાં સ્તૂપ રચાયો, પછી શુંગકાળ, કણ્વકાળ અને ગુપ્તકાળમાં પણ જુદી-જુદી રચનાઓ થતી રહી છે.

જે મુખ્ય સ્તૂપ છે, તેની ગોળાઈ 36.5 મીટર છે અને ઊંચાઈ 16.4 મીટર છે. સ્તૂપની ચારે તરફ ચાર તોરણદ્વાર છે. જે પ્રસિદ્ધ રીતે હવે ઘણી ઇમારતો આગળ બનાવવામાં આવે છે. તોરણદ્વાર ઉપર ત્રણ આડી પટ્ટીઓ છે, જે બુદ્ધના ત્રણ આદેશોની પ્રતીક છેઃ 1. બુદ્ધં શરણં ગચ્છામિ, 2. ધમ્મં શરણં ગચ્છામિ, 3. સંઘં શરણં ગચ્છામિ - આ ત્રણ પ્રસિદ્ધ સુવાક્યો છે. આ દ્વારો પાછળથી થયાં કહેવાય છે. પ્રત્યેક પટ્ટી ઉપર બુદ્ધની જાતકકથાઓ અંકિત છે. જો તમારી પાસે પૂરતો સમય હોય અને સારો ગાઇડ હોય તો એક-એક કથાનો અર્થ સમજાવે છે. તો જ સાચું દર્શન કર્યું કહેવાય.

આ કથાઓ મુખ્યતઃ બુદ્ધકેન્દ્રિત છે. બુદ્ધનો ગૃહત્યાગ, ભ્રમણ અને નિર્વાણ, વગેરે પૂરા જીવનની બધી કથાઓ અંકિત કરવામાં આવી છે. એવું લાગે છે કે પૂરો બૌદ્ધ ધર્મ બુદ્ધકેન્દ્રિત થયો છે. બુદ્ધના પહેલાં જે વૈદિક ધર્મ હતો તેમાં 1. બ્રહ્મપૂજા, 2. દેવપૂજા, 3. પ્રકૃતિપૂજા અને પાછળથી અવતારપૂજા હતી, પણ ક્યાંય વ્યક્તિપૂજા ન હતી. ઉપનિષદો એક બ્રહ્મની પૂજા ઉપર ભાર મૂકતાં હતાં, તો સાથેસાથે ઇન્દ્ર-વરુણ, વગેરે અનેક દેવોની પણ પૂજા થતી હતી. આવી જ રીતે સૂર્ય, ચંદ્ર, હિમાલય, નદીઓ, વગેરે પ્રકૃતિની પણ પૂજા થતી, હતી. પણ ક્યાંય કોઈ વ્યક્તિની પૂજા થતી ન હતી. મહાનમાં મહાન ઋષિઓમાંથી કોઈની ભગવાન તરીકે પૂજા થતી ન હતી. શ્રમણ- કાળમાં

પ્રતિમાપૂજા અને વ્યક્તિપૂજા શરૂ થઈ કહેવાય. બ્રહ્મ-દેવો, પ્રકૃતિ વગેરે ચાલ્યાં ગયાં અથવા અત્યંત ગૌણ થઈ ગયાં. મુખ્ય પૂજા વ્યક્તિવિશેષ બુદ્ધની થવા લાગી. શરૂઆતમાં ચૈત્યવંદના થતી હતી, પણ પછી પ્રતિમાનું નિર્માણ થતાં બુદ્ધની પ્રતિમાઓ સ્થાપિત થવા લાગી. આ સ્તૂપમાં ચારે તરફ એક-એક બુદ્ધપ્રતિમા સ્થાપિત કરાઈ છે, જે પાછળથી કરાઈ કહેવાય છે.

વ્યક્તિપૂજા એટલી પ્રભાવશાળી હતી કે બુદ્ધનાં અસ્થિ, ભિક્ષાપાત્ર, વસ્ત્રો, વગેરે બધું જ પૂજાવા લાગ્યું! એવું લાગે છે કે પ્રતિમાપૂજા અને વ્યક્તિપૂજાની સફળતાની પ્રતિક્રિયા-સ્વરૂપે હિન્દુ ધર્મમાં પાછળથી અવતારવાદ આવ્યો, જે અત્યધિક પ્રભાવકારી નીવડ્યો. શ્રીરામ અને શ્રીકૃષ્ણની કથાઓએ લોકોનાં મન જીતી લીધાં અને પૂરા ભારતમાં અવતારો અને કથાઓ છવાઈ ગયાં. આજે પણ લોકો વ્યક્તિપૂજાને ઘણું મહત્ત્વ આપે છે, જીવતા ભગવાનો પૂજાય છે. વ્યક્તિપૂજાના દોષથી યહૂદી, ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ બચ્યા કહેવાય. તેમના ત્યાં કોઈ પણ મહાપુરુષને ભગવાન, ઈશ્વર, અલ્લા, ગૉડ માનવામાં નથી આવતો. શીખ ધર્મમાં પણ વ્યક્તિને ભગવાન માનવામાં નથી આવતી. બહુબહુ તો એને ગુરુની કક્ષાએ માન મળે છે. પરમેશ્વર તો પરમેશ્વર જ છે. બધાં ગુણગાન તેનાં થતાં હોય છે. ભજન-કીર્તન, નામજાપ - બધું એક પરમેશ્વરનું જ થતું રહે છે, પણ વ્યક્તિ-પૂજકો, પોતાની જે-તે વ્યક્તિને જ પ્રધાનતા આપીને તેનાં જ ગુણગાન, ભજન-કીર્તન, જયજયકાર, વગેરે કરતા રહે છે. આ બધી શરૂઆત શ્રમણકાળથી થઈ લાગે છે. પહેલાં બુદ્ધં શરણં. પછી ધમ્મં શરણં પછી સંઘં શરણં થયાનું કહેવાયું છે. આ દિશાના કારણે બૌદ્ધ ધર્મ બુદ્ધકેન્દ્રિત થઈ ગયો. જેટલી ભવ્યાતિભવ્ય પ્રતિમાઓ બુદ્ધની થઈ છે તેટલી બીજા કોઈની થઈ નથી. એક વસ્તુ સારી થઈ છે કે બૌદ્ધ ધર્મમાં ગમે તેટલા ફાંટા પડ્યા હોય પણ સૌના માટે એકમાત્ર પૂજ્ય તો બુદ્ધ જ રહ્યા છે, બીજા કોઈ ભગવાન સ્વીકારાયા નથી. જૈનો આવું કરી શક્યા નહિ. તેમનો ભગવાનનો આંકડો 24 સુધી પહોંચી ગયો છે. પણ સારું એ થયું કે પછી અટકી ગયો છે. જોકે આજે તેમનામાં પણ વ્યક્તિપૂજા શરૂ થઈ ગઈ છે. બીજા પણ કેટલાક પોતાની પૂજા કરાવતા થયા છે, જ્યારે હિન્દુઓનો તો કોઈ આંકડો જ નથી. પહેલેથી સેંકડો દેવ-દેવીઓ હતાં જ, પછી વ્યક્તિપૂજાઓ એટલી વધી ગઈ છે કે અત્યારે સેંકડો જીવતા ભગવાનો પોતપોતાનાં ટોળાં આગળ પોતાની જયજયકાર કરાવી રહ્યા છે. નવાઈ તો એ છે કે બધા માણસ-ભગવાનોને ટોળાં મળી રહે છે.

પૂર્વે કહ્યું તેમ યહૂદી, ખ્રિસ્તી કે ઇસ્લામમાં કોઈ માણસ પોતાને અલ્લા કે ગૉડ કે ઈશુ કહેવડાવતો નથી, તેથી તેમનામાં જે એકતા અને સંગઠન રહે છે તે હિન્દુ પ્રજામાં નથી રહેતું. સૌ-સૌના અલગ-અલગ માણસ - ભગવાન અને તે પહેલું કામ વિભાજનનું કરે છે. હજી આ પ્રવાહ અટક્યો નથી, વધી રહ્યો છે. પણ આ વ્યક્તિપૂજાનું મૂળ શ્રમણકાળને કહી શકાય, જ્યાં કોઈ એક વ્યક્તિ ભગવાન થઈને પૂરા ધર્મ ઉપર છવાઈ જાય છે. એક વસ્તુ સારી કહેવાય કે બુદ્ધ પછી વંશપૂજા શરૂ ન થઈ. બુદ્ધપુત્ર રાહુલને ગાદીએ ન બેસાડ્યો. આ સારું થયું. આપણે વ્યક્તિપૂજા કરીને જ અટકતા નથી, પછી તરત જ વંશપૂજા શરૂ થઈ જાય છે. લગભગ બધા માણસ - ભગવાનોએ પોતપોતાના વંશોની પૂજા સ્થાપિત કરાવી દીધી છે. જેથી ગુણપૂજા કાં તો રહી નહિ કાં પછી ગૌણ થઈ ગઈ છે.

ચારે તોરણદ્વારોની ત્રણ-ત્રણ પટ્ટીઓ ઉપર આડી અને ઊભી અનેક કથાઓ ચિત્રિત કરાવે છે. બહુ જ સમજવા જેવી તથા કલાની દૃષ્ટિએ અદ્‌ભુત છે. બુદ્ધનું જ્ઞાન માટે ભ્રમણ કરવું, બોધિગયામાં તપસ્યા કરવી, જ્ઞાન થવું, સારનાથ જવું, પ્રથમ ઉપદેશ આપવો- આ બધી કથાઓ ઉત્કીર્ણ કરાયેલી છે. કથાઓ બુદ્ધના જન્મ પહેલાંની અને પછીની પણ બતાવાઈ છે.

અમે સ્તૂપની પરિક્રમા કરી રહ્યાં છીએ. ચારે દિશામાં જે ચાર બુદ્ધની પ્રતિમાઓ સ્થાપિત કરાઈ છે તેમાંથી ત્રણ ખંડિત કરી દેવાઈ છે. ધાર્મિક દૃષ્ટિએ મુસ્લિમકાળને લોકો વિધ્વંસકાળ કહે છે. મૂર્તિપૂજા પ્રત્યે અતિશય સખત નફરત લઈને આવેલા આ લોકોએ નિર્દયતાથી મૂર્તિઓનો ધ્વંસ કરી નાખ્યો છે તેની અનુભૂતિ બૌદ્ધ ભક્તોને કેટલી દુઃખદાયી થતી હશે?

ભારતના બધા ધર્મોમાં માત્ર બૌદ્ધ ધર્મ જ વિશ્વના દૂર-દૂરના ભાગો સુધી ફેલાયો, બાકી કોઈ ફેલાઈ ન શક્યું. જે ફેલાય છે તે જીવે છે, જે સંકુચિત થઈને અટકી જાય છે તે સંકેલાઈ જાય છે. બૌદ્ધ ધર્મના પ્રસારનું શ્રેય તેના ભિક્ષુઓને જ આપવું ઘટે. તેમના જેવા પ્રવાસી ધર્મપુરુષો આપણે પેદા ન કરી શક્યા. બૌદ્ધ ભિક્ષુઓ આહારાદિમાં અભડાતા ન હતા તેથી ફેલાઈ શક્યા. સૌની પાસે એક જ લક્ષ્ય હતું:

બુદ્ધ, બુદ્ધ અને બુદ્ધ. લોકો બુદ્ધકેન્દ્રિત થઈ જતા હતા. દૃષ્ટિ ટેકવવા માટે બીજી કોઈ જગ્યા જ ન હતી.

બૌદ્ધ ધર્મમાં મહાયાન, હીનયાન, વજ્રયાન જેવા પંથો થયા. પણ તે અંદરોઅંદર ભયંકર રીતે લડી મર્યા હોય તેવું જાણ્યું નથી. જેવું કેથોલિક-પ્રોટેસ્ટંટ, શિયા-સુન્ની, વગેરેની મહા મારામારી વિશે સંભળાય છે તેવું બૌદ્ધ સંપ્રદાયોમાં થયું લાગતું નથી. આજે પણ બહુ મોટો આંતરવિગ્રહ દેખાતો નથી. તેનું કારણ બુદ્ધનો શાન્તિ-ઉપદેશ હોઈ શકે. બુદ્ધના ઉપદેશોમાં ક્યાંય ઘૃણા નથી. સુધારો છે, પણ નફરત ન હોવાથી અનુયાયીઓમાં ઘૃણા નથી આવતી. જે ધર્મોએ બહુ જ ખંડનકાર્યો કર્યાં તેમાં ઉગ્રતા અને ઘૃણા બન્ને આવી તેથી તેઓ સહિષ્ણુતા ખોઈ બેઠા. મૂળ ઉપદેશ મહત્ત્વનો હોય છે. તેનાથી બ્લૂપ્રિન્ટ બને છે. બુદ્ધનો ઉપદેશ અને બુદ્ધનાં આચરણોથી બનેલી બ્લૂપ્રિન્ટ આતંકવાદીઓ પેદા નથી કરતી તે બહુ મોટું પ્રદાન કહેવાય.

બુદ્ધ અને બૌદ્ધ ધર્મનું ચરમલક્ષ્ય નિર્વાણ છે. તે ત્યાગથી પ્રાપ્ત થાય છે. ઇચ્છાઓના ત્યાગથી સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. નિર્વાણલક્ષી આ ધર્મના મૂળ પુરુષ અને પછીના ભિક્ષુઓ ત્યાગી થયા. સ્ત્રીત્યાગ અને ધનત્યાગને સર્વોચ્ચ મહત્ત્વ અપાયું, તેથી મહત્ત્વાકાંક્ષા મરી ગઈ. પ્રત્યેક પ્રજાનું એક શિખર ઉપરનું ચિંતન હોય છે. શિખર ઉપર બેઠેલા માણસો જેવું ચિંતન કરે તેવી પ્રજા બને.

બુદ્ધની મોટા ભાગની પ્રતિમાઓ પદ્માસન વાળી બેઠેલી હોય છે, મુખ્ય સાધના ધ્યાન હોય છે. ખાસ કરીને વિપશ્યનાધ્યાન બૌદ્ધ ધર્મની દેન કહી શકાય. ઇચ્છાનાશ તેનો હેતુ હોય છે. ઇચ્છાનાશ થવાથી અથવા ઓછી થવાથી શાન્તિ પ્રાપ્ત થાય છે, તે વાત સાચી પણ પછી તમે કોઈ મહાન સેનાપતિ, મહાન દિગ્વિજય કરનારો સમ્રાટ, મહાન નગરશેઠ, મહાન વૈજ્ઞાનિક, મહાન સાગરખેડુ, વગેરે પેદા ન કરી શકો; કારણ કે તેવી ઇચ્છા જ ન થાય. બધી સાંસારિક મહાનતાઓ મહેચ્છામાંથી પેદા થતી હોય છે. એટલે આ ધર્મ વ્યક્તિગત પ્રશ્નોમાંથી છુટકારો આપીને શાન્તિ આપી શકે છે, પણ રાષ્ટ્રીય પ્રશ્નો ઉકેલવામાં સહાયક થઈ શકતો નથી. તેથી મધ્યપૂર્વમાં પૂરી બૌદ્ધ ધર્મી પ્રજા, પૂરી ઇસ્લામિક થઈ ગઈ હતી. ઇસ્લામ આક્રમક ધર્મ છે. તેનું મહત્ત્વનું અંગ 'જેહાદ' છે. જ્યારે બૌદ્ધ ધર્મ આક્રમક નથી. જોકે જાપાને પ્રચંડ આક્રમણો કર્યાં હતાં તેમાં ધર્મ પ્રેરક ન હતો, જ્યારે ઇસ્લામનાં લગભગ બધાં આક્રમણો ધર્મપ્રેરક હોય છે.

બૌદ્ધ ધર્મમાં કોઈ પણ દેવી પૂજાતી નથી. જ્યારે જૈનોમાં શાસનધરદેવી પૂજાય છે. ભિક્ષુણીઓ અને સાધ્વીઓ ઘણી થઈ છે પણ કોઈ મહત્ત્વના સ્થાને પહોંચી હોય તેવું જણાતું નથી.

અહીં અશોકની પણ ભવ્ય પ્રતિમા નિર્મિત થયેલી છે, પણ આ સ્તૂપની પ્રેરણા આપનાર નગરશેઠની કન્યા અને અશોકની રાણી શ્રીદેવીની પ્રતિમા દેખાતી નથી.

અહીં બુદ્ધમંદિર પણ છે, જે 1952માં શ્રીલંકા દ્વારા નિર્મિત કરાયું છે. તેમાં બુદ્ધશિષ્ય સારિપુત્ર તથા મૌદ્‌ગલ્યાયનનાં અસ્થિઓ રખાયાં છે. પ્રતિવર્ષ નવેમ્બર માસમાં અહીં મેળો ભરાય છે. ત્યારે લોકોને દર્શન માટે બતાવવામાં આવે છે.

અહીં સ્તૂપ નંબર-2માં દશ ભિક્ષુઓનાં અસ્થિ રાખવામાં આવ્યાં છે. આ સ્તૂપ ઈ. પૂ. બીજી શતાબ્દીમાં નિર્મિત થયો મનાય છે.

અહીં ત્રીજો સ્તૂપ પણ છે, જે બીજી શતાબ્દીમાં રચાયો છે. આમાં સારિપુત્ર અને મૌદ્‌ગલ્યાયનનાં અસ્થિ રાખવામાં આવ્યાં છે.

અહીં ચૈત્યાલય તથા વિહારો પણ છે. અહીં સરસ સંગ્રહાલય છે.

અહીં એકલશૃંગી ઋષિને મળતી એક બૌદ્ધકથા પણ અંકિત છે, જેમાં હરણીનો પુત્ર ઇસીલિંગ બતાવ્યો છે. અને તેને વિચલિત કરવા ઇન્દ્રે અપ્સરાને મોકલી છે તે અલમ્બુસ નામની અપ્સરા હારી-થાકી પણ ઇસીલિંગ વિચલિત ન થયો તેવી કથા પણ છે. પ્રાચીનકાળમાં પણ તપસ્વી, ભદ્ર પુરુષોને વિચલિત કરવા યુવતીઓનો ઉપયોગ થતો.

અહીં શ્રવણને મળતી કથા પણ અંકિત કરાયેલી છે.

બધું જોઈને અમે પાછાં અમારી હોટલ પહોંચી ગયાં. સુંદર ભોજન તૈયાર હતું તે જમ્યાં અને સૂઈ ગયાં. રહેવા-જમવાનું સૌને ગમ્યું.

# 4
# પંચમઢી – ભીમબેટકા

આજે તા. 26-4-11 છે. સવારનો ચા-નાસ્તો કરીને અમે બધાં તૈયાર થઈ ગયાં છીએ. અમારે સર્વપ્રથમ ભીમબેટકા જવાનું છે. ભીમબેટકાને સમજવા જેવું છે. રામાયણ અને મહાભારતનાં પાત્રો સાથે આખા દેશમાં કેટલીયે કિંવદન્તીઓ જોડાયેલી છે. એવી જ એક કિંવદન્તી અહીં પણ જોડાયેલી છે. બન્ને મહાકાવ્યોમાં વનવાસકથાઓ છે. પાંડવોને બાર વર્ષનો વનવાસ થયો હતો, ત્યારે રખડતા-ભટકતા તેઓ બધા અહીં આવેલા. અને અહીં સાતપુડા પર્વતમાળાની આ ગુફાઓમાં કેટલોક સમય રોકાયેલા તેવી કથા છે.

સાચી વાત તો એ છે કે દશ હજાર વર્ષ ઉપર અહીં પાષાણયુગનાં માણસો રહેતાં હતાં. હજી તેમણે ઘર બનાવ્યાં ન હતાં, તેથી પર્વતીય ગુફાઓમાં વાસ કરતાં. તેમાંથી કેટલાક કલાકાર જેવા લોકોએ ગુફાઓની દીવાલો ઉપર ચિત્રો દોરેલાં, જે તે સમયની જીવનપદ્ધતિનું દર્શન કરાવે છે. આ ગુફાઓની શોધ પણ એક અંગ્રેજે કરી હતી. શિકારની પાછળ રખડતો-ભટકતો તે અહીં આવી ગયેલો અને ગુફાઓનાં રેખાચિત્રો જોઈને નવાઈ પામેલો. પછી તો સરકારે રસ લીધો અને વધુ ને વધુ શોધ થવા લાગી. અત્યારે અહીં 500 જેટલી ગુફાઓ શોધી કઢાઈ છે, જેમાં આદિ-માનવ રહેતા હતા. તેમણે જે ચિત્રો દોર્યાં છે તે હજી પણ જેવાં ને તેવાં દેખાય છે. છએક હજાર વર્ષ જૂનાં ચિત્રો હોવાથી તેનું મહત્ત્વ યુનેસ્કો - રાષ્ટ્રસંઘને સમજાયું. તેણે આ ગુફાઓને હેરિટેજનો દરજ્જો આપ્યો છે. આપણાં આવાં બધાં હેરિટેજો આપણે પશ્ચિમની આંખે જોઈએ છીએ. આપણાં શિલ્પો, સ્થાપત્યો, વગેરેની મહત્તા તે બતાવે ત્યારે આપણે જાણીએ છીએ. હજી આપણી પોતાની પરખ-આંખ બરાબર ઊઘડી લાગતી નથી.

આડાઅવળા રસ્તા પાર કરીને જંગલના સાંકડા રસ્તેથી અમે ભીમબેટકા પહોંચી ગયાં. ગુફાઓની દીવાલો ઉપર તે સમયે એટલે કે દશ હજાર વર્ષ પૂર્વે જે લોકો રહેતા હતા તેમણે ચિત્રો દોર્યાં છે. તેઓ શિકાર કરતા એટલે શિકારનાં ચિત્રો છે, તે સમયનાં પ્રાણીઓનાં ચિત્રો છે. ચરબી, માટી, વનસ્પતિઓ, વગેરે મેળવીને રંગ બનાવ્યા છે. આજની તુલનામાં ચિત્રોમાં કશી કલા નથી, પણ તે સમયમાં લોકો કેવી રીતે રહેતા તે જાણવાનું મહત્ત્વનું સાધન બની શકે છે. જે લોકો એવું માને છે કે પહેલાં સારો યુગ હતો તેમણે અહીં આવીને જોવું જોઈએ કે પ્રથમ કેવો યુગ હતો.

અહીં ભીમાપુર, પંડાપુર, લખ્ખાગામ, વગેરે નામ હોવાથી લોકો પાંડવો સાથે આ ભૂમિને જોડે છે. અહીં ભીમ બેઠેલો તેથી આ સ્થાનને ભીમબેટકા કહે છે. ઉજ્જૈન યુનિવર્સિટીના પ્રો. શ્રીધર વાકરકર આ ભૂમિને 1952માં વધુ પ્રકાશમાં લાવ્યા એમ કહેવાય છે. આ લોકો કાચું માંસ ખાતા હતા, કારણ કે ગુફામાં અગ્નિ પ્રગટાવવાનો ચૂલો દેખાતો નથી! બધું જોઈને અમે વિદાય થયાં. બીજા આવેલા દર્શકો તથા જંગલમાં રહેનારા લોકોને પેંડાનો પ્રસાદ ખવડાવ્યો. અમારી બસ ચાલી નીકળી.

અમે નર્મદા નદી પાર કરી. અહીં મધ્યપ્રદેશ રાજ્યે એક વિશાળ ડેમ બનાવેલો છે. અહીં પટેલોની વસ્તી વધારે છે. જેઓ ખેતી કરે છે. ગુજરાતની માફક અહીં પણ પટેલોની ખેતી વખણાય છે. તેઓ મહેનતપૂર્વક વ્યવસ્થિત ખેતી કરતા હોવાથી અપેક્ષાકૃત સમૃદ્ધ છે. કેટલાકનું માનવું છે કે આ પટેલો ગુજરાતથી અહીં આવેલ છે, તો કેટલાકનું માનવું છે કે પંજાબથી જે પટેલોએ સ્થળાંતર કરેલું તેમાંનું એક ગ્રૂપ અહીં રહી ગયેલું. જે હોય તે, પણ અહીં પણ પટેલોની ખેતી વખણાય છે.

અમે પંચમઢી પહોંચી ગયાં છીએ. આ સ્થળ સમુદ્રથી 3555 ફૂટની ઊંચાઈ ઉપર છે. તેનું ક્ષેત્રફળ 60 ચો. કિ. મી. છે. અહીં વધુમાં વધુ ગરમી 35.6 તથા ઓછામાં ઓછું તાપમાન 8.3 સેન્ટિગ્રેડ રહે છે. અહીં સામાન્ય રીતે 102 ઇંચ જેટલો વરસાદ થાય છે. સ્થાનીય નિવાસી 15-20 હજાર જેટલાં હશે. અહીં સેનાપ્રશિક્ષણનું મહત્ત્વનું કેન્દ્ર પણ છે. બધી જગ્યાઓની માફક આ જગ્યાનું શ્રેય પણ એક અંગ્રેજ કેપ્ટન જે. ફારસોથને જાય છે. સાતપુડાના સંશોધન માટે તે અહીં આવેલો અને તેણે 1862માં આ સ્થળ શોધી કાઢેલું. અંગ્રેજો ગરમ સ્થળોમાં રહી શકતા નહિ તેથી ઊંચી પહાડીઓ ઉપર કોઈ સ્થળ શોધ્યા કરતા. ફારસોથે ઉચ્ચ અધિકારીઓને વાત કરી. ત્યારે

આ જગ્યા ઉપર ફોરકૂના જાગીરદારનો હક્ક હતો. અંગ્રેજોએ તે જાગીરદાર પાસેથી આ પંચમઢીની વિશાળ ભૂમિ ખરીદી લીધી અને પછી તેનો વિકાસ કરવા લાગ્યા. સૌથી પહેલાં અહીં સૈન્યપ્રશિક્ષણ કૉલેજ અને કેન્દ્રનું નિર્માણ કરાવ્યું. અત્યારે અહીં કોઈ જમીન ખરીદી શકાતી નથી, જેમ સાપુતારા પર્વતીય સ્થાનમાં પ્રતિબંધ છે તેમ, જેથી વિકાસ અટકી ગયો કહેવાય. આ સ્થાનમાં ગરમી ઓછી પડતી હોવાથી મધ્યપ્રદેશની સરકારે તેની ગ્રીષ્મ રાજધાની બનાવી હતી, જેથી રાજ્યપાલથી માંડીને સૌના માટે મોટાં-મોટાં ભવનો બનાવ્યાં હતાં, જે હવે મોટા ભાગનાં હોટલોમાં પરિવર્તિત થઈ ગયાં છે. અહીં જ્યારે અંગ્રેજી શાસનકાળ હતો ત્યારે બે ચર્ચો નિર્મિત થયાં હતાં, જે આજે પણ અડીખમ ઊભાં છે. કેથોલિક અને પ્રોટેસ્ટંટના સંપ્રદાયભેદથી બન્ને અલગ-અલગ છે. હવે અત્યારે થોડા દેશી ખ્રિસ્તી રહી ગયા છે, જેઓ તેનો ઉપયોગ કરે છે. ખ્રિસ્તીઓ રોજ ચર્ચમાં નથી જતા. માત્ર રવિવારે જ જાય છે. તેથી ત્યાં ભીડ નથી હોતી.

હોટલ હાઈલૅન્ડમાં ઉતારો કરીને અમે ભ્રમણ કરવા નીકળી પડ્યા. જટાશંકર મહાદેવ દર્શનીય સ્થાન છે, ત્યાં પહોંચ્યાં. ઘણા લોકો દર્શને આવ્યા છે. એક શીખ પરિવાર પણ આવ્યો છે. બધાંને પેંડાનો પ્રસાદ આપ્યો. સૌ ખુશ-ખુશ થઈ ગયાં. અહીંથી અમે આગળ વધ્યાં. અમે હાંડી ખો પહોંચ્યાં છીએ. સાતપુડા પર્વતમાળામાં આ 300 ફૂટ ઊંડી ખીણ છે. અંગ્રેજી V આકારની આ ખીણ ગાઢી વનરાઈથી ઢંકાઈ ગયેલી છે. અહીં એક પૉઇન્ટ છે, જ્યાં ઊભા રહીને ખીણ જોવાય છે. કહેવાય છે કે હાંડી નામના એક અંગ્રેજ ઑફિસરે અહીંથી કૂદકો મારીને આત્મહત્યા કરી હતી તેથી આ સ્થળને હાંડી ખો કહેવાય છે. તેણે શા માટે આત્મહત્યા કરી હતી તે જાણી શકાયું નથી.

આત્મહત્યા કરનારાઓ પ્રત્યે મારા મનમાં અપાર સંવેદના જાગી ઊઠે છે. આ એક પ્રકારની આત્મફાંસી જ કહેવાય. માણસને અસહ્ય સ્થિતિ થઈ જાય અને કોઈ આશ્વાસન ન રહે ત્યારે જ નછૂટકે પોતે પોતાના જીવનને ટૂંકાવી નાખતો હોય છે. મારી દૃષ્ટિએ આત્મહત્યાનું મુખ્ય કારણ ભાવનાત્મક હોય છે. ભાવુક માણસો આત્મહત્યા કરી બેસતાં હોય છે. ભાવુકતા હૃદયનો વિષય છે અને હૃદય બહુ આઘાત સહન કરી શકતું નથી. તેથી જો તેને અસહ્ય ચોટ લાગે તો તે આત્મહત્યા કરી બેસે છે. આત્મહત્યા કાયરતાનું કામ છે તેવું લોકો કહેતા હોય છે, પણ મને તે સાચું લાગતું નથી. કાયરો કદી આત્મહત્યા કરતા જ નથી. તેઓ ગમે તેટલા અપમાનિત થાય, રિબાય, ન ગમે તેટલું દુઃખ વેઠે પણ તેઓ કદી આત્મહત્યા કરવાની હિમ્મત કરી શકતા નથી. આત્મહત્યા તો મોટા ભાગે સ્વમાની બહાદુર પુરુષો જ કરતા હોય છે.

બધા આઘાતોમાં પ્રેમનિષ્ફળતાનો આઘાત ઘણો પ્રબળ હોય છે. એકતરફી બેવફાઈ સહન ન થાય એટલે આત્મફાંસી કરી લે, જે લોકો બહુ આબરૂદાર હોય અને આર્થિક કારણસર તેમની આબરૂને આંચ આવે તો તે સહન કરી શકતા નથી. આબરૂદાર માણસ આબરૂ માટે જીવતો હોય છે અને આબરૂ માટે મરતો હોય છે. આબરૂ વિનાના માણસો કદી આત્મહત્યા કરતા નથી. ભિખારી ઠંડીમાં ઠરીને મરી જાય પણ આત્મહત્યા ન કરે. રાજપૂતાણીઓ જૌહર કરી બલિદાન આપી દે, કદી કોઈ વ્યભિચારિણી સ્ત્રી આત્મહત્યા ન કરે. તેને કશું બચાવવાનું હોતું જ નથી. બને તો ડાહ્યા માણસે કદી પણ કોઈ આબરૂદારની આબરૂ ઉપર હાથ ન નાખવો જોઈએ. તેની આબરૂ જ તેનું જીવન છે.

કૅપ્ટન હાંડીને કશીક એવી અસહ્ય પીડા હશે, જે સહન ન થવાથી તે આંખ મીંચીને અહીંથી કૂદી પડ્યો હશે. ખરેખર તો તેનું નામ હાર્ડી હતું, પણ લોકોએ હાર્ડીનું હાંડી કરી નાંખ્યું છે. અમારા પ્રવાસીઓમાં શ્રી ઉમેશ બોસમિયા પણ છે. તેઓ હાંડીનું અનુકરણ ન કરી બેસે તેની સૌને ચિંતા થવા લાગી. તેથી કૂદવાના પૉઇન્ટથી તેમને દૂર લઈ જવાયા. “જો તમે પ્રતિવર્ષ અહીં આવો તો હું કૂદી પડું!” તેવી તેમની શરત માનવા કોઈ તૈયાર ન થયું તેથી તેમણે કૂદવાનો કાર્યક્રમ બંધ રાખ્યો. જોકે તેમને કોઈ હાર્દિક આઘાત લાગ્યો હોય તેવું જણાયું નથી.

હાંડી ખો પૉઇન્ટ જોઈને અમે રાજેન્દ્રગિરિ સનસેટ પોઇન્ટ તરફ જઈ રહ્યાં છીએ. અહીં એક એવો ઊંચો ભાગ છે, જ્યાંથી અસ્તાચળને સારી રીતે જોઈ શકાય છે. અમે બધાં જેમતેમ કરીને ઊંચા ભાગ ઉપર પહોંચી ગયાં. આબુની માફક અહીં પણ આથમતો

સૂર્ય જોવા મોટી ભીડ ભેગી થાય છે. ચારે તરફ પર્વતમાળાઓનું સુંદર દૃશ્ય જોવાઈ રહ્યું છે. અહીંથી વિંધ્યાચલના સાતપુત્રો શરૂ થાય છે તેથી સાતપુડા (સપ્તપુત્રો) નામ કહેવાય છે. આ પર્વતમાળા છેક ગુજરાતથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર થઈને છત્તીસગઢ પાર કરે છે. ભારતના માથા ઉપર હિમાલય પર્વતમાળાની લાંબી શૃંખલા પ્રસિદ્ધ છે. આ વિંધ્યાચલ-સાતપુડા પર્વતમાળા ભારતના મધ્યભાગમાં આરપાર થઈ રહી છે. હિમાલય જેટલી પ્રસિદ્ધિ આ પર્વતમાળાને નથી મળી તોપણ મધ્યભારત અને દક્ષિણભારતની ઘણી નદીઓ અહીંથી નીકળે છે. ઉત્તરથી દક્ષિણ તરફ જનારા લોકો માટે આ પર્વતમાળા ઉલ્લંઘવી જરૂરી થઈ જાય છે. પેલું ઊંચું શિખર દેખાય તે 4419 ફૂટ ઊંચું છે. લગભગ આબુ જેટલું ઊંચું કહેવાય. કૅપ્ટન ફોરસોથ અહીં પહોંચેલો અને અહીંથી તેણે પંચમઢીની શોધ કરેલી. ત્યારે અહીં આવવા માટે વાહનમાર્ગ ન હતો. લોકો ઘોડા કે પગપાળા જ આવી શકતા. ત્યારે વીજળી પણ ન હતી. થોડે દૂર હેલીપૅડ પણ દેખાય છે. અમે જ્યાં ઊભા છીએ ત્યાં પવન ફૂંકાય છે. પાસે જ રેલવેનો માઈક્રો ટાવર ઊભો છે, જે કલકત્તાથી દિલ્હીની ટ્રેનોની ખબર રાખે છે, નિયંત્રણ કરે છે.

અમે સૂર્યાસ્ત જોયો, પણ વાદળો હોવાથી બરાબર જોવાની મજા ન આવી. તમારા પુરુષાર્થને સફળ થવામાં બીજી પણ કેટલીક અપેક્ષાઓ રહે છે, જુઓ અમે તો પૂરેપૂરો પુરુષાર્થ કર્યો, પણ કુદરતે વાદળાં મોકલી દીધાં! અમારું કાંઈ ન ચાલ્યું. વાદળોએ કાર્યને બગાડી દીધું. આવું જ જીવનનું પણ છે. તમારા પુરુષાર્થને કુદરતની અપેક્ષા રહે છે, પરિવારની અને બીજી અપેક્ષાઓ પણ રહે છે. બધું બરાબર આવી મળે ત્યારે પુરુષાર્થ સફળ થાય, એટલે પુરુષાર્થ તો કરવો, પણ તેનો બહુ અહંકાર ન કરવો. ભક્તો એટલા માટે ‘હરિઇચ્છા’ ‘ઇન્શાઅલ્લા’ કહેતા હોય છે. અહીં ઘણાં પરિચિતો મળી ગયાં. અને પ્રસાદ તો પરિચય વધારતો જ હોય છે. મારી પાસે પ્રસાદનો ઢગલો થઈ ગયો છે, જે વહેંચતાં રહીએ છીએ.

અહીં વિશાળ સરોવર છે, જેમાં નૌકાયન પણ થાય છે. સમુદ્ર, નદી, સરોવર, ઝરણાં - આ બધું કુદરતી વાતાવરણને સૌંદર્યથી ભરી દેતું હોય છે. દૃશ્યોની અસર મન ઉપર પણ પડતી જ હોય છે. મનની પ્રસન્નતા અને શાન્તિ ખપતી હોય તેણે કુદરતનો ખોળો શોધી કાઢવો. બંગલાનો A. C. રૂમ ઘણી વાર ગૂંગળાવવા લાગતો હોય છે. ઘરની ગૂંગળામણ બહાર કાઢી શકાય, પણ તેવી જગ્યા હોવી જોઈએ. તે જો પવિત્ર હોય તો શાન્તિ અને પ્રસન્નતા આપે ને જો માત્ર સુંદર જ હોય, પવિત્ર ન હોય તો આનંદ-પ્રમોદ આપે પણ તે જો વ્યસન, જુગાર, વગેરેનું કેન્દ્ર હોય તો જીવનને વિકૃતિ આપે. તમારી રુચિ ઉપર આધાર છે. વિશ્વમાં બધું જ છે, પણ રુચિનું મહત્ત્વ છે.

અમે પાછાં હોટલ હાઈલૅન્ડ આવી ગયાં. વિશાળ ભૂમિ ઉપર દૂર-દૂર ફેલાયેલા સ્વતંત્ર ઓરડાવાળી આ હોટલ અને તેનું ભોજન સૌને ગમી ગયાં.

પંચમઢીનાં બીજાં પણ કેટલાંક દૃશ્યો જોયાં. યાત્રા સારી રહી.

3-6-11

# 5
# ભેડાઘાટ

આજે તા. 28-4-11 છે. સવારે બધાં નાહ્યાં-ધોયાં અને સારી રીતે ચા-નાસ્તો કર્યો. હોટલની વ્યવસ્થા તથા કર્મચારીઓના વ્યવહારથી બધાં ખૂબ પ્રસન્ન હતાં. માણસને સગવડો જોઈએ છે. એને ઇચ્છા પ્રમાણે મળે તો તે સુખ અનુભવે છે. M. P. ટૂરિઝમવાળા યાત્રાળુઓનું ખૂબ સારું ધ્યાન રાખે છે. તેથી સૌને વિશેષ આનંદ થાય છે. અમે તૈયાર થઈને બસમાં ગોઠવાયાં. બસ અને તેનો સ્ટાફ પણ સારાં છે. બસ ચાલુ થાય એટલે સૌ એકસાથે “કૃષ્ણ કનૈયાલાલ કી જય” બોલાવે છે અને ઊંઝાના કડવા પટેલો પણ છે એટલે ‘ઉમિયામાતા કી જય’ પણ બોલાવે છે. અને ઉમેશ તો “ગિરિરાજધરણ કી જય” બોલ્યા વિના રહેતો જ નથી. તે વૈષ્ણવ છે, છતાં ડુંગળી-લસણ ખાતો હોવાથી પોતાને વંઠેલો વૈષ્ણવ કહે છે, પણ ‘ગિરિરાજધરણ’ બોલતાં તેનાં રોમેરોમ ખીલી ઊઠે છે. મહાન વૈષ્ણવાચાર્ય શ્રી ચૈતન્ય મહાપ્રભુજીએ એક જગ્યાએ કહ્યું છે કે, “તું જે કરતો હોય તે કર, પણ ‘હરિ બોલ’. હરિનામમાં એવી પ્રચંડશક્તિ છે કે તને સારો બનાવી દેશે” જો આવી શક્તિ જ ન હોય તો પ્રભુનામનો અર્થ શો રહ્યો? ઉમેશ તો સારો-ભલો પણ થોડો જિદ્દી માણસ છે, પણ ડુંગળી-લસણ ખાવાથી કાંઈ માણસ બગડી જતો નથી. કેવી ખોટી ધારણા લોકોના મનમાં ભરી દેવાઈ છે! આવું નહિ ખાનારા ઘણા ચુસ્ત લોકોને મેં પારાવાર લુચ્ચાઈ કરતાં જોયા છે. પશ્ચિમના લોકો તો ખાવા-પીવામાં આવું કશું માનતા નથી, તેથી તે વાત-વાતમાં બગડી જતા નથી. પણ પ્રામાણિકતા, સભ્યતા, પરાક્રમ, શોધ વગેરે બાબતમાં પેલા ચુસ્તો કરતાં ઘણા વિશ્વાસપાત્ર છે. આ જ સાચો ધર્મ કહેવાય.

બધા જયકારો બધા લોકો પ્રેમથી બોલે છે. કોઈને કશી ઍલર્જી નથી. આ જ હિન્દુ ધર્મની વિશેષતા છે. જેટલી ઍલર્જી વધારે તેટલો ધર્મ સંકુચિત વધારે. હું સાથે મેગાફોન પણ લાવ્યો છું. જેના દ્વારા પ્રવાસમાં બહુ મજા આવે છે. બસ ચાલુ થાય એટલે જયકારો થાય. પ્રત્યેક આરંભ ભગવાનના નામથી કરાય તો સફળ થવાય તેવી શ્રદ્ધા કામ કરતી હોય છે. જયકાર પછી માઇક બહેનો પાસે પહોંચી જાય. બહેનો એટલે શ્રદ્ધાની સાક્ષાત્ મૂર્તિ. તેમાં થોડી અંધશ્રદ્ધા પણ હોય જ. પણ તેથી શું? અંધશ્રદ્ધાને દૂર કરવાની, તેનાથી સાવધાની રાખવાની, પણ શ્રદ્ધા તો સુરક્ષિત હોવી જોઈએ. શ્રદ્ધા જ જીવન છે. એક તરફ એક શ્રદ્ધાળુ માણસ ઊભો હોય અને બીજી તરફ પ્રખર પંડિત પણ શ્રદ્ધાવિરોધી કોરો બુદ્ધિવાદી નાસ્તિક ઊભો હોય તો હું પેલી શ્રદ્ધાળુ વ્યક્તિને વધુ પસંદ કરું. તે શાન્ત હશે અને શાન્તિ આપશે. મંદિરોમાં જશે અને એક ખૂણામાં ઊભા-ઊભા હાથ જોડીને, આંખો મીંચીને, માથું નમાવીને તન્મય થઈ ગયેલા ભક્તોના ચહેરા જોઈ ધન્ય થઈ જશે. આટલી આસ્તિકતા, પવિત્રતા અને પ્રસન્નતા આખા દિવસમાં તેને ક્યાંય મળતી નથી. તમે જોતા જ રહી જશો. પણ પછી દર્પણમાં તમારો પોતાનો ચહેરો જોજો. દેખાય છે આટલી સાત્ત્વિકતા? આ જ દૃશ્ય નમાજ પઢતા મુસ્લિમોમાં દેખાશે, પ્રાર્થના કરતા ખ્રિસ્તીઓમાં દેખાશે. શ્રદ્ધા જ્યારે ચહેરા ઉપર ફરી વળે ત્યારે ચહેરો કેટલો સાત્ત્વિક - પવિત્ર થઈ જાય છે! તે જોઈને ધન્ય થઈ જવાશે.

આજે અમારે 4-5 કલાકનો લાંબો પ્રવાસ કરીને નર્મદાના ભેડાઘાટ પહોંચવાનું છે. રસ્તો સાંકડો છે. સામેથી ખ્રિસ્તી સાધ્વીઓની ગાડી મળી. કદી વિચાર કર્યો કે આ યુવાન સ્ત્રીઓને કયું બળ દૂર-દૂર આદિવાસીઓની સેવા કરવા પ્રેરી રહ્યું છે? આ ઉમ્મરે જ્યારે હજારો સ્ત્રીઓ બનીઠનીને આંખોના ઉલાળા કરતી પુરુષોને પોતાનો શિકાર કરવા લલચાવતી ફરે છે, ત્યારે આ નન્સ સીધાં-સાદાં, કશો જ મોજશોખ વિનાનાં વસ્ત્રો પહેરીને ધીર-ગંભીર પ્રસન્ન મુદ્રામાં લોકોનાં પાચ-પરુ લૂછવા ઝૂંપડે-ઝૂંપડે ફરી રહી છે. આ પગારદાર નન્સ નથી, આ તો સેવાભાવી નન્સ છે. તેમનું પ્રેરકબળ શ્રદ્ધા છે. ધર્મશ્રદ્ધા, પ્રજાશ્રદ્ધા માણસને કેવું જીવન આપે છે તે જુઓ. કોરા બુદ્ધિવાદીઓ આવું જીવન નહિ જીવી શકે. કોરી બુદ્ધિનું પ્રથમ સૂત્ર હોય છેઃ “એમાં મને શું મળશે?”

આ નન્સ (ખ્રિસ્તી સાધ્વીઓ) મેળવવા માટે નહિ, આપવા માટે ફરી રહી છે. તેઓ ધર્માંતરણ કરાવે છે તે આપણને નથી ગમતું, પણ તો પછી તેઓ જે કરે છે તે આપણે પણ કરો ને! આપણી પાસે ક્યાં ઓછી સાધ્વીઓ છે? જોકે હવે આ દિશામાં શરૂઆત થઈ છે તે સારી વાત કહેવાય.

બહેનો તન્મય થઈને પ્રભાતની આરતી-ભજન ગાઈ રહી છે. રાજકોટનાં ભગવતીબહેન ખૂંટ તો ભજનનો ભંડાર છે. આનંદ-ઉલ્લાસમાં અમે ચાલી રહ્યાં છીએ. વિચાર કરો કે આ શ્રદ્ધાળુઓની જગ્યાએ ખાણી-પીણી કરનારા હોત તો બસનું વાતાવરણ કેવું થયું હોત!

અમે દેનવા નદી પાર કરી. આ અહીંની મુખ્ય નદી છે. તેની ઊંડી ખીણ છે અને તેની રેતીમાં શાકભાજી વાવેલાં છે. રસ્તામાં પુષ્કળ માંકડાં જોવા મળે છે. કદમાં નાનાં છે અને દૂબળાં છે. અત્યારે કશું ખાવાનું નથી તેથી પ્રવાસીઓ કાંઈક નાખે તેવી આશાએ રોડની બાજુમાં બેઠાં હોય છે. પ્રત્યેકનું એક ટોળું હોય છે. તે તેમનો કબીલો કહેવાય. તેમનામાં બેટીવ્યવહાર નથી. જો આ કબીલાનું માંકડું પેલા કબીલામાં જાય તો મારામારી થઈ જાય. પહેલાં આપણા આદિવાસી પૂર્વજોનું પણ આવું જ થતું હશે!

આ ડાબી બાજુ પિપરિયા રેલવે સ્ટેશન છે. ગુજરાતથી સોમનાથ મેલ સીધો અહીં આવે છે. અહીંથી પંચમઢી જઈ શકાય છે.

અમારી બસમાં જ્યારે લાંબો પ્રવાસ હોય ત્યારે માઈકનો સારો ઉપયોગ થાય છે. શ્રી શામજીભાઈ ખૂંટની પાસે કાઢિયાવાડી દુહાનો ભંડાર છે. કબીર અને તુલસીની સાખીઓ, ઉર્દૂના શેર અને કાઠિયાવાડી દુહા જીવન જીવવાના અમૃતથી છલકતાં હોય છે. જો પીએ અમર હોઈ જાય! શામજીભાઈ જ્યારે કાગબાપુના દુહા લલકારે અને પછી તેના અર્થ કરે તો રૂંવાડાં ઊભાં થઈ જાય. પ્રવાસીઓ તન્મય થઈને સાંભળે. એવા જ બીજા પ્રવાસી છે જિતુભાઈ તિરુપતિ. તેમની પાસે અનુભવોનો ભંડાર છે. તેમની તળપદી વીસનગરી ભાષા લોકોને ભારે મનોરંજન પૂરું પાડે છે. આજે તેમણે પોતે દારૂ કેવી રીતે છોડ્યો તેનો અનુભવ સંભળાવ્યો. તેમના એક મિત્રની સાથે આબુ ગયા અને દારૂ પીધો. મિત્રે પાર વિનાનો પીધો, પછી ઘરે આવ્યા. પેલા ચકચૂર થયેલા મિત્રે જોર પત્ની ઉપર ઉતાર્યું. પરદેશમાં પણ લોકો દારૂ પીએ છે, પણ આપણા ત્યાંના જેવો નહિ. પેલા ભાઈએ પત્નીને ધીબી નાખી. કોઈ સાત્ત્વિક સ્ત્રીને દારૂડિયો પતિ મળે, તો તેની સહનશક્તિ અને વેદનાનો કોઈ પાર ન રહે. સાત્ત્વિકતા બિચારી હોય છે. સવાર થયું, પત્ની રોતીરોતી તિરુપતિ પાસે આવી. માણસને રડવાની પણ એક જગ્યા હોવી જોઈએ. પત્નીને રડવાની જગ્યા પતિ છે. પતિના ખભા ઉપર માથું મૂકીને મનભરીને રડી લે તો તેને શાન્તિ થઈ જાય. તેને કદી ઍટેક ન આવે. જેને રડવાની કોઈ જગ્યા નથી હોતી, તેને જલદી ઍટેક આવતો હોય છે. પણ વનમાં આગ લાગે તો પાણી બુઝાવે, પણ પાણીમાં જ આગ લાગે તો "ઉસે કૌન બુઝાયે?" પતિ જ રડાવવાનું કારણ બને તો હવે માથું ક્યાં મૂકવું?

પેલા ભાઈનો નશો ઊતર્યો એટલે સવારે ઘર છોડીને પશ્ચાત્તાપમાં ક્યાંક ચાલ્યા ગયા હતા. પત્નીને આ બીજી ચિંતા હતી કે "ક્યાં ગયા હશે?" દુઃખ દેનારો પતિ પણ પતિ જ હોય છે. જાતવાન સ્ત્રી તેને પણ વળગી રહે છે. કજાત પત્ની સુખ દેનારાને પણ દગો દે છે અને સમય આવ્યે છોડી દેતી હોય છે. પત્નીએ આવીને તિરુપતિને કહ્યું કે "તમારા ભાઈને શોધી કાઢો! તે ક્યાં ગયા હશે?" પ્રેમ ચિંતા વિનાનો નથી હોતો. નિશ્ચિંતતા મૂરખને હોય, જ્ઞાની-ચતુરને નહિ.

તિરુપતિ શોધવા નીકળ્યા તો ભાઈ બગીચાના સૂના બાંકડા ઉપર ઊતરેલા મ્લાન ચહેરા સાથે બેઠેલા. દારૂડિયાનો નશો ઊતરે તે પછી તેનો ચહેરો જુઓ તો રંગમંચની ભરપૂર મેકઅપ કરેલી હીરોઈનના મેકઅપ વિનાના ચહેરા જેવો ભૂંડો લાગે! માથાની વિગ ઉતારેલો બોડો ચહેરો પણ એવો જ હોય. તિરુપતિએ મિત્રને બહુ સમજાવ્યો. બંને મિત્રે દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞા કરી. તિરુપતિ ધન્ય થઈ ગયા. મિત્રની પત્ની પણ ધન્ય થઈ ગઈ. ઘરમાં દિવાળી આવી ગઈ. પણ પછી તિરુપતિને વિચાર આવ્યો કે, "મિત્રે તો દારૂ છોડ્યો, પણ હું તો હજી પીવું છું. ધિક્કાર છે મને" તિરુપતિએ પણ દારૂ છોડી દીધો! બન્ને ઘરોમાં જયજયકાર થઈ ગયો. દારૂડિયો ભૂંડો માણસ નથી હોતો તેનો સંગ ભૂડો હોય છે. જો દારૂ છોડે તો તે ઉજ્જ્વલ થઈ શકે છે. તિરુપતિ નિખાલસ માણસ છે. જે હોય તે નિખાલસતાથી બધા વચ્ચે કહી શકે છે. આથી મોટું સંતનું બીજું કોઈ લક્ષણ નથી. જે છુપાવે તે છેતરે અને જે છેતરે તે સંત ન હોય.

હવે મુખ્ય રસ્તો આવી ગયો છે અને સારો છે. બસ ધમધમાટ ચાલી રહી છે. જીવનમાં પણ કોઈ વાર ખાડા-ટેકરા, ઘાંચોવાળો રસ્તો આવે છે. તો કોઈ વાર ધમધમાટ ચાલી શકાય તેવો સારો રસ્તો પણ આવે છે. જેમની ગાડી જીવનપથ ઉપર ધમધમાટ ચાલે છે તે ભાગ્યશાળી કહેવાય.

બન્ને તરફ ખેતરો છે. ખેતી સારી છે. ફુવારાપદ્ધતિથી સિંચાઈ થઈ રહી છે, તેથી સમજાય છે કે ખેડૂતો પ્રગતિશીલ હશે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિશીલતા સુખદાયી થઈ શકે છે. રૂઢિવાદ અવરોધક હોય છે. રસ્તાના બમ્પની માફક તે અટકાવીને પછાડતો હોય છે. શેરડીનાં ખેતરો છે, પણ ક્યાંય ફૅક્ટરીઓ નથી. એકલી મજૂરીથી સમૃદ્ધિ ન આવે. એકલી ખેતીથી પણ સમૃદ્ધિ ન આવે. સમૃદ્ધિ તો ઉદ્યોગોથી આવે. ગુજરાતને જેટલા ઉદ્યાગપતિઓ મળ્યા છે તેટલા મધ્યપ્રદેશને મળ્યા નથી. તેથી ઉદ્યોગો દેખાતા નથી.

નાનાંનાનાં નળિયાંવાળાં માટીનાં ઘરોવાળાં ગામડાં આવે છે, પણ પાકાં ઘરો ઓછાં દેખાય છે. પણ સારી વાત એ છે કે, હજુ સુધી એક પણ અકસ્માત જોવા મળ્યો નથી. વાહનો થોડાં છે. તેમાં પણ નાનાં વાહનો તો બહુ જ ઓછાં છે.

હવે ભેડાઘાટ નજીક આવી રહ્યો છે. પગપાળા યાત્રા કરનારા સાધુઓ અવારનવાર દેખાય છે.

પોતાનું બચકું અને તુંબડું લઈને સાધુઓ ચાલતા જ નર્મદાજી જઈ રહ્યા છે. બસના ડ્રાઇવર મૌર્યને મેં કહી રાખ્યું છે કે, "જ્યારે-જ્યારે આવા સાધુઓ દેખાય ત્યારે બસ ઊભી રાખવી". બસ વારંવાર ઊભી રહે છે. હું પ્રસાદની મીઠાઈ અને દશ-દશ રૂપિયા આપું છું. તેઓ રાજી-રાજી થઈ જાય છે. મને આવા પગપાળા પ્રવાસનો અનુભવ છે. મને જૂના દિવસો યાદ આવે છે. "હર નર્મદે! હર નર્મદે" બોલતા-બોલતા આ સાધુઓ ચાલી રહ્યા છે. જ્યાં રાત પડે ત્યાં રોકાઈ જવાના, જે મળે તે ખાવાના, નહિ તો હરિ ઓમ! આમાં ઘણા સારા હોય છે. આમ તો ખોટા માણસો બધામાં હોય છે જ, પણ ખોટા જોવા તેના કરતાં ખરા જોવા સારા. અને આપણામાં ક્યાં ખોટા નથી? ઢગલાબંધ છે. દર્પણ જોઈએ તો દેખાય ને!

લ્યો ત્યારે અમે ભેડાઘાટ પહોંચી ગયા. અમારા માટે જમવાનું તૈયાર છે. નર્મદાજીના કિનારા ઉપર જ M. P. ટૂરિઝમની હૉટલ છે. બધાં ખૂબ સ્વાદિષ્ટ વાનગીઓ જમ્યાં. સ્વાદમાં જીવન છે. બેસ્વાદ તો નરક છે. જેનું જીવન જ બેસ્વાદ થઈ જાય તેને મરીને નરકે જવાની શી જરૂર? જીવન જ નરક છે. બને તો કોઈના જીવનમાં સ્વાદ ભરવો, નહિ તો કોઈના સ્વાદિષ્ટ જીવનને બેસ્વાદ તો ન જ કરવું. કેટલીક વાર એવું બને કે બહુ જ સ્વાદિષ્ટ ભોજન તમે જમતા હોવ અને ઓચિંતો દાંત પડી જાય તેવો કાંકરો આવી જાય તો બધું ધૂળધાણી થઈ જાય. જીવનમાં પણ એવું બની શકે છે. રાજા ભર્તૃહરિનું જીવન બહુ જ સ્વાદિષ્ટરૂપ ચાલી રહ્યું હતું. અને ઓચિંતો પિંગળાનો કાંકરો આવી ગયો. બધું ધૂળધાણી થઈ ગયું. રાજા, જોગી થઈ ગયો અને રઝળવા લાગ્યો. કાંકરો તો ફેંકાઈ જ જતો હોય છે. પણ જીવનમાં શું-શું થઈ જતું હોય છે! પણ જમનારા ઉપર જાણે જમ બેસી જતા હોય છે. જીવનનું કાંઈ કહેવાય નહિ. ક્યારે કોના જીવનમાં શું થઈ જાય! ધાર્યું ઓછું થાય અને ન ધાર્યું વધારે થાય તેનું નામ તો જીવન કહેવાય.

ઘાટ ઊતરીને કિનારે પહોંચ્યાં તો નૌકાના ખારવાઓની ભારે ભીડ ભેગી થઈ ગઈ. "મારી નાવ", "મારી નાવ" એમ ખેંચાખેંચ કરવા લાગ્યા. તીર્થક્ષેત્રો કેટલા બધા માણસોને રોજી પૂરી પાડે છે. ભેડાઘાટ તીર્થ ન હોત તો અહીં કોણ આવત? આટલી બધી રોજીઓ ક્યાંથી પૂરી થાત? ઘાટ ઉપર અને ઉપર પણ જાતજાતની કેટકેટલી દુકાનો લાગી છે! તેમાં મૂર્તિઓનું તો જાણે મોટું બજાર જ લાગ્યું છે. શિવજીની પ્રતિમાઓ ભવ્યાતિભવ્ય મળી રહે છે. માળા, કંઠી, ઘૂઘરા વગેરે ગણ્યાં ન ગણાય તેટલાં વેચાઈ રહ્યાં છે. જેમતેમ કરીને સમજાવીને બે નાવમાં 22×22 માણસો ગોઠવાયાં.

લ્યો નવી રોજી જોઈ લ્યો. 8-10 વર્ષનાં બાળકો નદીમાં તરે છે. અને યાત્રાળુઓને સિક્કા નાખવાનું કહે છે. યાત્રાળુ સિક્કો નાખે એટલે ફટ દઈને ડૂબકી મારીને તે લઈ આવે છે. પેલો સિક્કો નદીના તળિયે પહોંચે તેના પહેલાં જ વચ્ચેથી પકડી લે છે. બધા સિક્કાઓ ગલોફામાં ભરી લે છે. માંકડાં જેમ ગળાની કોથળીમાં ચણા વગેરે ભરી લે તેમ. આ બાળકો પણ સિક્કા ભરી લે છે. ઘણાં બાળકો ઘણે જ દૂર સુધી સિક્કા નખાવવા માટે સાથે તરતાં રહ્યાં.

ગાઇડ શર્માજીનું કહેવું છે કે પ્રાચીનકાળમાં અહીંથી ભેડો(ઘેટાં) ભરીને લોકો ચારવા માટે પેલી તરફ લઈ જતા અને પાછાં લાવતા તેથી આ ઘાટને ભેડાઘાટ કહેવાય છે. ભેડ એટલે ઘેટું. કેટલાંક માણસો ઘેટાં જેવાં હોય છે. પોતાની બુદ્ધિનો કશો ઉપયોગ જ નહિ કરવાનો. માથું નીચું ઘાલીને પાછળ-પાછળ ચાલ્યા જ કરવાનું - ભલે ને ખાઈમાં પડવાનું થાય. અમારે ત્યાં ચાર દીક્ષાઓ માની છેઃ 1.

જીવનદિશાદીક્ષા, 2. મંત્રદીક્ષા, 3. બુંદદીક્ષા અને 4. ઘેટાદીક્ષા. જ્યાં હજારો-લાખો માણસો આંખ મીંચીને દીક્ષા લે તેને ઘેટાદીક્ષા કહેવાય. ઘેટાં શિષ્યો હોય ત્યાં કોઈ રબારી, ભરવાડ, માલધારી જ ગુરુ હોય, જેને ડચકારા અને જુદા-જુદા અવાજ કરતાં આવડે. તેના ડચકારે ડચકારે ઘેટાં ચાલે. સમર્થ રામદાસને ઘેટાં ન હોય એક છત્રપતિ શિવાજી બહુ થઈ ગયા.

અમારો ખારવો નરેશ છે. બહુ મજાનો માણસ છે. પૂરા નૌકાવિહારમાં તેણે લોકોને ખડખડાટ હસાવ્યે જ રાખ્યા. અહીં 80 ફૂટ ઊંડું પાણી છે અને પેલા કિનારે જ્યાં પાણી ખળખળાટ કરી રહ્યું છે ત્યાં માત્ર એકાદ ફૂટ જ ઊંડું છે. નરેશનું કહેવું છે કે પાણી જેટલું ઊંડું તેટલો અવાજ ઓછો - કહો કે બિલકુલ નહિ અને જેટલું પાણી નેંડું તેટલો ખળખળાટ વધારે. જુઓ પેલો કિનારો. માણસનું પણ આવું જ હોય છે. માણસ જેટલો ઊંડો તેટલો ધીર-ગંભીર ઓછાબોલો. અને જેટલો છીછરો - નેંડો તેટલો બકવાસ વધારે. તે વગર જોઈતું બોલ-બોલ કરે. આ તો 'अधछल गगरी छलकत जाय' જેવો ઘાટ થયો. અર્થાત્ અધૂરો ઘડો વધુ છલકાય.

આ જગ્યાએ નર્મદાજીમાં માછલી મારવાની મનાઈ હોવા છતાં પણ અમુક લોકો ગલ નાખીને જ બેઠા હોય છે. પવિત્રમાં પવિત્ર જગ્યાએ પણ અમુક લોકો અપવિત્ર કાર્ય કરનારા રહેતા જ હોય છે. પવિત્રતાની પાછળ પણ થોડીક અપવિત્રતા સંતાઈને રહેતી હોય છે. નાવ ચાલી રહી છે અને નરેશની કૉમેડી પણ ચાલી રહી છે. જુદા-જુદા પૉઇન્ટનું વર્ણન તે ઉપમાઓ આપી-આપીને એવી રીતે કરે છે કે બધાં ખડખડાટ હસી પડે છે. બે હાથે તે હલેસાં મારી રહ્યો છે અને બોલી રહ્યો છે. સફેદ માર્બલના પહાડોની આગળથી નૌકા ચાલી રહી છે. હજારો વર્ષોથી આ પહાડો અહીં અડીખમ ઊભા છે. એક પહાડનો આકાર નંદીના આકાર જેવો છે. અહીં જુદી-જુદી ફિલ્મોનું શૂટિંગ થયેલું અને ગીતો ગવાયેલાં તે બધું નરેશ બતાવે છે. અહીં આત્મહત્યા કરવા માટે ત્રણ પૉઇન્ટો છે. એક તો પરીક્ષામાં ફેલ થયેલા છાત્રો માટે છે. આ બીજો પૉઇન્ટ પત્નીના ત્રાસથી કંટાળેલા પુરુષો માટે છે. અને આ ત્રીજો પૉઇન્ટ પ્રેમભંગ થયેલાં યુવક-યુવતીઓ માટે છે.

મનુષ્યજન્મ દેવદુર્લભ કહેવાય છે. પણ બધાંના માટે તે તેવો નથી હોતો. કેટલાકના માટે તો મનુષ્યજન્મ ઘોર નરકથી પણ વધારે ભયંકર હોય છે. નરકથી છૂટવા માટે લોકો આત્મહત્યા કરતા હોય છે. સૌથી વધુ આત્મહત્યાઓ પ્રેમની નિષ્ફળતાથી થતી હોય છે. ભારતમાં પ્રેમ ધાર્મિક, સામાજિક અને કેટલીક વાર આર્થિક શરતો સાથે થઈ શકતો હોય છે. આ શરતો પૂરી ન થાય તો પ્રેમ સફળ ન થઈ શકે, પશ્ચિમમાં હવે પ્રેમકથાઓ ઓછી થઈ ગઈ છે. સૅક્સકથાઓ વધી ગઈ છે. ભારતમાં પણ હવે પ્રેમની જગ્યા સૅક્સે લઈ લીધી છે.

પ્રેમ કદી પણ પીડા વિનાનો હોય જ નહિ. શામજીભાઈએ સૌરાષ્ટ્રની એક પ્રેમકથા દુહાઓ સાથે સંભળાવી. કથાનો સાર આવો છેઃ એક મુદ્દો યાદ રહે કે જ્યાં પ્રેમકથાઓ હોય ત્યાં જ શૌર્યકથાઓ હોય અને જ્યાં શૌર્યકથાઓ હોય ત્યાં જ ભક્તિકથાઓ હોય. આ ત્રણે કથાઓ એકબીજાની પૂરક હોય છે. ડાહ્યા વ્યાપારીઓ પ્રેમ ન કરે - હા, સૅક્સ કરે. પ્રેમ તો પીડાભર્યો અને બલિદાનભર્યો હોય છે. તે ડાહ્યા માણસને ન પોષાય. એટલે મોટા ભાગે પ્રેમકથાઓ લાગણીપ્રધાન, નેકી-ટેકીવાળા લોકોની હોય છે. બહુ ડાહ્યા માણસો બહુ-બહુ તો નેકીવાળા હોય, ટેકીવાળા ન હોય. કથા ટેકીની હોય. કથા છેઃ "શેત્રુંજીના કાંઠે."

શેત્રુંજીના કાંઠે માલધારી પરિવારના બે નેસ હોય છે. બેય નેસમાંથી બે બાળકો રોજ ભેંસો ચરાવવા નીકળે છે. છોકરાનું નામ છે. 'દેવરો' અને છોકરીનું નામ છે. 'આણલદે' દેવરો બાર વર્ષનો અને આણલદે 10 વર્ષની. આખો દિવસ ભેંસોની પાછળ ફરતાં-રમતાં બન્ને વચ્ચે પ્રીત બંધાણી, પ્રીત કરાતી નથી, થઈ જાય છે. સભાનતા અને પ્રીત બન્ને એકલાથી ન ચાલે. સભાનતા હોય તો જોઈ-વિચારીને, કેટલીક વાર તો દહેજના સોદા કરીને લગ્ન થાય. ખબર નહિ, પછી પ્રીત થાય કે ન થાય. પ્રીતનો સોદો ન હોય. આણલદે અને દેવરો જોત-જોતામાં બાળપણ વટાવીને જુવાન થઈ ગયાં! દેવરાની મા વિધવા આહીરાણી બિચારી. આણલદેનો બાપ મોભાદાર અને માથાભારે. તોપણ બાપ હરસુર આણલદેનાં લગ્ન દેવરા સાથે કરવા તૈયાર ખરો. પણ તેની ઘરવાળી આહીરાણીને દેવરાની ગરીબી જરાય ન ગમે. તેણે વિરોધ કર્યો, અને તેની આગળ દેવસુરનું કશું ચાલ્યું નહિ. અંતે આણલદેનાં લગ્ન બીજા આહીર સાથે થઈ ગયાં. આણલદે રોતી રહી. દીકરી ને ગાય દોરે ત્યાં જાય. તેનો પતિ ઢોલરો પાનનાં બીડાં ચાવીને મરક-મરક હસી રહ્યો છે. તેને આણલદે મળી

છે તેનો ગર્વ અને આનંદ છે. અને દેવરો ઊતરેલા ચહેરે ભમી રહ્યો છે.

આખી વાતને કવિએ દુહામાં વાચા આપી છે. શામજીભાઈ દુહા લલકારે છે અને પછી સમજાવે છે. અમારાં રૂંવાં ઊભાં થઈ જાય છે. અંતે મનમાં ને મનમાં રોતી-કકળતી આણલદે વિદાય થઈ. સારું થયું કે કન્યાના મોઢા ઉપર ઘૂંઘટો હોય છે, જેથી તેનાં આંસુ, હસતા જાનૈયાઓને દેખાય નહિ. દેવરો બિચારો હાથ ચોળતો રહી ગયો. "यहाँ जो भी आया गया हाथ मल के।" વેલડું શેત્રુંજીના કાંઠે ચાલી રહ્યું છે. કવિ આણલદેની વેદના દુહામાં આમ વ્યક્ત કરે છેઃ

*"આ તરવેણીને તીર અમે સાગવનેય સરજ્યાં નહિ,*
*નીકર આવતડો આહીર દાતણ કરવા દેવરો."*

"અરેરે! હું આ વનમાં ઝાડ થઈ હોત તોપણ સારું થાત. મારો દેવરો દાતણ કરવા રોજ મારી ડાળી તોડવા તો આવત." આણલદે કહે છે.

મનમાં ને મનમાં રોતીકકળતી આણલદે સાસરે ગઈ. પ્રથમ સોહાગરાતે જ ઢોલરાને સમજાઈ ગયું કે આ મારી નથી. લાખ પ્રયત્ને પણ આણલદેએ ઢોલરાને સ્પર્શ કરવા ન દીધો! તેણે કહ્યું કે, "કુળની લાજ ખાતર હું તારે ત્યાં આવી છું, તારી દાસી થઈને છાણ-વાસીદાં કરીશ પણ મને અડીશ નહિ. હું તો દેવરાની થઈ ચૂકી છું." ઢોલરો પણ જાતવાન આહીર હતો. તે સમસમી તો રહ્યો પણ ઘણા દિવસ પછી પાકો નિશ્ચય કરીને આણલદેને વેલડામાં બેસાડીને દેવરાના ત્યાં લઈ ગયો. અને દેવરાને કહ્યું કે, "લે, સંભાળ આ જ તારી ખરી પરણેતર છે. મેં તો પહેલા દિવસથી જ તેને માજણી બહેન માની છે." દેવરાના આશ્ચર્યનો પાર ન રહ્યો, દેવરે પ્રસ્તાવ મૂક્યોઃ મારી બે બહેનો છે તેને તમે પરણો. તરત જ ચોરી રચાય છે. એક તરફ દેવરો-આણલદે, બીજી તરફ ઢોલરો અને દેવરાની બે બહેનો. દુઃખાંત કથા સુખાંત થઈ ગઈ! ઢોલરાની ઉદારતાથી કવિ કહે છેઃ

*"દીકરિયું દેવાય વઊવું દેવાય નહિ.*
*એક સાટે બે જાય, ઢાલ માગેતોય ઢોલરો."*

દીકરીઓનાં માગાં હોય અને દીકરીઓ દેવાય. પણ કાંઈ વહુનાં માગાં ન હોય. વહુ ન દેવાય. પણ જુઓ તો ખરા! ઢોલરાએ પોતાની વહુ આણલદેને દેવરાને સામે ચાલીને સોંપી દીધી. કારણ કે તે તેની હતી. અને દેવરાએ પણ ઢોલરાને ખાલી હાથે જવા ન દીધો. પોતાની બન્ને બહેનોને એક જ માંડવે પરણાવી દીધી. ઝવેરચંદ મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધારા'માં આ આખી કથા છે. રસ હોય તેણે વાંચવી. આણલદે મહાન છે. દેવરો મહાન છે. અને ઢોલરો પણ મહાન છે. આહીરોના નેસડા આવી કથાઓના ભંડાર છે. કારણ કે નેસડામાં મહાન લોકો વસે છે.

ફરીથી યાદ કરાવું છુંઃ ડાહ્યા વ્યાપારીઓ સેક્સ તો કરે, પ્રેમ ન કરે. પ્રેમ પીડામાંથી જન્મતો હોય છે. પીડામાં જીવતો હોય છે. અને પીડામાં અમર થતો હોય છે. ડહાપણનો અર્થ થાય છેઃ "પોતાના જ સુખનો વિચાર."

અમારી નાવ આગળ ચાલી રહી છે અને નરેશ અસ્ખલિત રીતે બધું બતાવી-બતાવીને સમજાવી રહ્યો છે. અહીં ફૉલ્સ છે. મીની ફૉલ્સ જોઈને આવ્યાં તે જ રસ્તે પાછાં વળ્યાં. હવે પ્રવાહ સાથે પાછા વળી રહ્યાં છીએ.

નરેશે અમને સૌને એક પ્રશ્ન પૂછ્યોઃ "આ નદીમાં સૌથી વધુ ખતરનાક કઈ વસ્તુ છે?" કોઈએ 'મગર' કોઈએ 'પૂર' વગેરે જવાબ આપ્યો. મેં કહ્યું કે નદીમાં સૌથી વધુ ખતરનાક ભમર હોય છે. ભમર એટલે એવી જગ્યા જ્યાં પાણી સ્ક્રૂની માફક ગોળ-ગોળ ફર્યા કરતું હોય છે. આ ભમરમાં તરવૈયો પણ ડૂબી જાય. તેનું જોર એટલું બધું હોય કે માણસ તરી જ ન શકે. ભમરમાં ડૂબતા માણસને કદાચ બચાવી શકાય તો દૂરથી જ બચાવી શકાય. દોરડું, કપડું, વગેરે નાખીને. કૂદીને-પહોંચીને બચાવી શકાય નહિ. ભમર બે પ્રકારનાં હોય છેઃ એક નીચે ખેંચી લઈ જનારું અને બીજું ઉપર ફેંકી દેનારું. નીચે લઈ જનારું બહુ ખતરનાક હોય છે અને તેજ વધારે હોય છે.

નર્મદાજીમાં આવાં ભમરો ઘણાં છે, તેથી પ્રતિવર્ષ અનેક માણસો ડૂબી જાય છે.

સંસાર પણ નદી જ છે. તેમાં પણ મોટા-મોટા મગરો હોય છે. જે અનિચ્છાએ પણ પકડીને ઊંડા પાણીમાં ખેંચી લઈ જાય તે મગર કહેવાય. તમારે ન ખેંચાવું હોય તોપણ તે તમને ખેંચી લઈ જાય. આ મોહ નામનો મગર છે.

સંસારમાં અવારનવાર પૂર આવતાં હોય છે. પૂરના ચાર પ્રકાર છેઃ

1. દરિદ્રતાનું પૂર - ચારે તરફ દરિદ્રતા જ દરિદ્રતા.

દરિદ્રતામાં એક વ્યક્તિ નહિ, પૂરો પરિવાર તણાઈ જાય. કિનારો જ ન દેખાય.

2. ધન-વૈભવનું પૂર - કેટલીક-વાર કોઈ-કોઈને ત્યાં ધનવૈભવનું પૂર આવી જતું હોય છે. બસ ધનના ઢગલા થઈ જાય. કલ્પનાય ન કરી હોય તેટલો ધન-વૈભવ આવી જાય. જેને સાઇકલનું ઠેકાણું ન હોય તેના આંગણે મર્સિડીઝ ગાડીઓ ડોલવા લાગે. આ પૂરમાં પણ માણસ તણાઈ જાય - ન તણાય તો મહાન થઈ જાય.

3. દુઃખ-આપત્તિ-વિપત્તિઓનું પૂર - આવું પૂર આવે. ઉપરા-ઉપરી વિપત્તિઓ આવે. એકમાંથી છૂટ્યા ન હોય ત્યાં બીજી, ત્રીજી, ચોથી આપત્તિ-વિપત્તિ આવે. આવા પ્રસંગથી વ્યક્તિ જ્યોતિષ અને નડતર વગેરેને માનતો થઈ જાય.

4. શોક-વિયોગ-નિરાશાનું પણ પૂર આવે. વિયોગ, પ્રેમીને હોય, તેમાંથી શોક અને ફરીથી યોગ થવાની શક્યતા ન રહે તો નિરાશાનું પૂર આવી જાય. આ પૂરમાં માણસજાત તણાય જ નહિ. જીવનથી ફેંકાઈ જાય. ફેંકાઈ જવાના બે પ્રકાર છેઃ 1. સૌની સાથે ચાલી ન શકવાથી ફેંકાઈ જાય. અને 2. લોકો તેને તરછોડી દે. છોડી દેવું તો ઠીક, પણ તરછોડવું બહુ દુઃખદાયી થાય. નિરાશ-હતાશ થયેલો માણસ પોતાની ઉપયોગિતા ખોઈ બેસે. તેથી લોકો તેને ફેંકી દે. ઉપયોગિતા સાચવવી અને વધારવી એ જ સંસારમાં ટકી રહેવાનું મુખ્ય કારણ કહેવાય. સંસાર-સરિતામાં આવાં નાનાંમોટાં અનેક ભમરો આવતાં હોય છે.

નરેશે અમારું ધ્યાન દોર્યું: “જુઓ પેલું ભમર દેખાય છે.” થોડે દૂર પાણી ગોળ-ગોળ ભમરીઓ લઈ રહ્યું છે. આ ભમર છે. અહીં 500 ફૂટ ઊંડું પાણી છે. ચોમાસામાં 800 ફૂટ ઊંડું થઈ જાય છે. અહીં નર્મદા બે ઊંચા પર્વતોની વચ્ચેથી વહે છે. બે કરાલ ભેખડોની વચ્ચેનું અંતર હજારેક ફૂટ જેટલું હશે. મને વિચાર આવે છે કે આ તો શક્તિનો પુંજ કહેવાય. આ પહાડથી પેલા પહાડ સુધી હજારેક ફૂટ લાંબી સાફ્ટીન ઉપર શટર ગોઠવી દીધાં હોય તો ધસમસતું વહેતું પાણી રોજરોજ ફરે અને વીજળી ઉત્પન્ન થાય. આવી એક નહિ, અનેક સાફ્ટીનો થોડેથોડે દૂર ગોઠવી શકાય. કારણ કે આ જગ્યા ઘણી લાંબી છે. કદાચ ભવિષ્યમાં કોઈ વિચાર કરશે. હવે આપણે ડૂબકી મારી પરલોક સુધારવાનું ચિંતન પછી કરવાનું છે. પહેલાં આ લોકોને સુધારવાનું ચિંતન કરવાનું છે. ભલે કોઈ ભૌતિકવાદી કહે. એવું અધ્યાત્મ શા કામનું જે આ લોક બગાડે!!

એક 100-150 ફૂટ ઊંચા પર્વતશિખર ઉપર બારેક વર્ષનો છોકરો ઊભો છે. પાણીમાં બે રૂપિયાની નોટ નાખવાનું કહે છે. જેવી તમે નોટ નાખો કે તરત જ ત્યાંથી કૂદકો મારીને નર્મદા નદીમાં પડે. પેલી નોટ પકડી પાડે અને ફરી પાછો શિખર ઉપર ચઢી જાય. આખો દિવસ આ જ કામ કરે છે.

અમારી નૌકાઓ કિનારે પહોંચી. ફરી પાછાં 10-20 છોકરાઓ ઘેરી વળ્યા. પૈસા નાખો તો ડૂબકી મારીને લઈ આવે. કિનારે ઊતરીને મેં બધાં બાળકો, ભિખારીઓ, વગેરે સૌને દશ-દશ રૂપિયા વહેંચ્યા. પડાપડી થઈ ગઈ.

પગથિયાં ચઢીને અમે ઉપર જવા લાગ્યાં. બન્ને તરફ જાત-જાતની દુકાનો છે. તેમાં મૂર્તિઓનો તો ભંડાર છે. કેટલા બધા લોકો રોજી કમાય છે! અમારે રાત્રિરોકાણ અહીં જ નર્મદાકિનારાની M. P. ટૂરિઝમની હોટલમાં કરવાનું હતું, પણ અહીં 44 માણસોનો સમાવેશ થઈ શકે તેમ ન હોવાથી અમારે જબલપુર જવાનું છે.

રસ્તામાં ધૂંઆધાર જળપ્રવાહ આવ્યો. લોકો જોવા ગયા અને રાત્રે જબલપુર પહોંચીને કલચુરી હોટલમાં રાત રહ્યાં.

4-6-2011

# 6
# અમરકંટક

આજે તા. 29-4-2011 છે. સવારે ચા-નાસ્તો કરીને અમે બધાં હોટલ કલચુરીમાંથી વિદાય થયાં. આજે અમારે અમરકંટક જવાનું છે. ઉમેશે ‘ગિરિરાજધરણ કી જય’ બોલાવી અને બસ વિદાય થઈ. બહેનોએ આરતી ગાવાની શરૂ કરી. સવારના પહોરમાં ધાર્મિક વાતાવરણ બહુ તાજગી આપી રહ્યું છે. અજિત શાહ વારંવાર બિસલરી પાણીનાં બૉક્સ લઈ આવે છે. પૂરા પ્રવાસમાં બિસલરીમાં થનારો પાણીનો પૂરો ખર્ચ લાભુભાઈ લાખાણી આપી રહ્યા છે. આ બિસલરીએ ઘણા રોગોથી લોકોને મુક્ત કર્યા છે. પૂરા પ્રવાસમાં અમારામાંથી કોઈ માંદું ન થયું. તેનું કારણ બિસલરી જ કહેવાય. જો બધાંએ ચાલુ પાણી પીધું હોત તો થોડાંક તો જરૂર માંદાં થાત. લોકો કહેત કે, “પાણી લાગી ગયું.” ખરેખર તો પાણી નહિ, પાણીના બૅક્ટેરિયા લાગી જતા હોય છે. હવે ચોખ્ખા પાણીની વાત લોકો સમજતા થયા છે.

અમે જબલપુર પાર કરી રહ્યાં છીએ. જબલપુર શસ્ત્ર-ઉત્પાદનનું પણ કેન્દ્ર છે. હિન્દુપ્રજાની ગુલામી અને દુર્બળતાનું પ્રથમ અને મુખ્ય કારણ શસ્ત્રોની ઉપેક્ષા છે. અહીં શસ્ત્રત્યાગીઓ ભગવાન થઈને પૂજાય છે. શસ્ત્રત્યાગ એટલે વીરતાનો ત્યાગ. શસ્ત્ર વિનાની વીરતા કદાચ સજ્જનો સામે ચાલે, દુર્જનો સામે ન ચાલે. અંગ્રેજો સામે ચાલી એટલે આપણા શેખચલ્લી નેતાઓ માની બેઠા કે હવે આપણે શસ્ત્રો અને સેનાની જરૂર જ નથી. બધાં કામ અહિંસાથી થઈ જશે! 1962માં ચીને આ વૈચારિક પાણીનો પરપોટો ફૂંક મારીને ફોડી નાખ્યો. શેખચલ્લીઓને હવે કાંઈક ભાન થયું. ભગવાન કરે કે કોઈ દેશને શેખચલ્લી જેવા નેતા ન મળે. પણ મળ્યા. ચાણક્ય જેવા ચાણક્યને છોડીને શેખચલ્લીને વળગ્યા. પરિણામ ભોગવી રહ્યા છીએ. 1962 પછી આપણે જાતે શસ્ત્રઉત્પાદન કરવા લાગ્યા છીએ. પણ હજુ વિશ્વકક્ષાનાં યુદ્ધવિમાનો, યુદ્ધક ટૅંકો, યુદ્ધક તોપો, વગેરે બનાવી શક્યા નથી. ચરખાચિંતને આપણને ભારે હાનિ પહોંચાડી. હજી પણ આ ચિંતન પૂરેપૂરું સમાપ્ત થયું નથી. કેટલાંક ડોસા-ડગરાં હજી પણ મરેલા સાપની કાંચળી લઈને ફરતાં રહે છે.

અમારી ડાબી બાજુ તોપો નિર્માણ કરનારું કારખાનું ચાલી રહ્યું છે. હજી આપણે 155 M. M.ની તોપો બનાવતા નથી. નાની બનાવીએ છીએ. 155 M.M.ની બોફોર્સ તોપો સ્વિડનથી લીધી હતી. તેને બહુ બદનામ કરી, પણ આ જ તોપોએ કારગીલ યુદ્ધમાં રંગ રાખ્યો હતો. થોડા જ દિવસોમાં ગોળા ખૂટી પડ્યા. ઘણા પ્રયત્નો પછી પણ ચિઢાયેલા સ્વિડને નવા ગોળા ન આપ્યા. તાબડતોબ પાંચગણો ભાવ આપીને દક્ષિણ આફ્રિકાથી વિમાનમાર્ગે મંગાવવા પડ્યા. ક્વાત્રોચી કમિશન લે અને બદનામ તોપોને કરો તો સ્વમાની દેશ ચિડાય ને! ક્વાત્રોચી, નેતાઓનો મળતિયો હતો તેથી તેને ભગાડી દીધો. કેસ અભરાઈએ ચઢાવી દીધો. હવે આપણે 155 M.M. તોપો ખરીદવા માટે પ્રયત્નો કરી રહ્યા છીએ!

આ બીજું શસ્ત્ર-ઉત્પાદનનું કારખાનું છે. અહીં નાનાં-મોટાં શસ્ત્રો ઉત્પન્ન થાય છે. વિશ્વની ટૅક્નોલૉજી જેટ-ગતિથી આગળ દોડે છે. આપણી ગતિ ગોકળ ગાયની છે, જેથી આપણે પાછળ ને પાછળ પડતા જઈએ છીએ. નથી તો આધુનિક શસ્ત્રો ઉત્પન્ન કરી શકતા કે નથી સમય પહેલાં વિશ્વમાંથી મંગાવી શકતા. પાડોશી દેશો ક્યાંય આગળ નીકળી ગયા છે. અત્યારે 1962 કરતાં પણ ભૂંડી સ્થિતિ છે. તમારી પાસે કેટલું છે તે મહત્ત્વનું નથી. તમારા શત્રુઓની તુલનામાં તે કેટલું છે તે મહત્ત્વનું છે. કેટલાક લોકો ભૂલો સુધારવા જન્મ્યા હોય છે, તો કેટલાંક ભૂલો ઉપર ભૂલો કરવા જન્મ્યા હોય છે. સેનાનો ‘શક્તિમાન’ ટ્રક અહીં પેદા થાય છે, જે હવે ઘણો જૂનો થઈ ગયો છે.

જબલપુર પાર કર્યું. હવે બન્ને તરફ ખારી જમીન છે, ઉપજાઉ નથી. વૃક્ષો પણ નથી. સૂકી જમીન ઉપર ઘણી વાર લીલા-ઉદાર-માણસો રહેતા હોય છે. અને લીલી જમીન ઉપર ઘણી વાર સૂકા માણસો રહેતા હોય છે.

એક સાધુ પગપાળા અમરકંટક જઈ રહ્યા છે. બસ ઊભી રાખીને પેટ ભરાય તેટલી બરફી આપી. હું બરફીનો મોટો ડબ્બો ભરી લાવ્યો છું. રોજ આપ્યા કરું છું. જેની પાસે કશું નથી તેને થોડુંક આપો તોપણ રાજી થઈ જાય, પણ જેની પાસે ઢગલા પડ્યા છે તેના ઢગલા ઉપર ઢગલા કરો તો સામું પણ ન જુએ. સાધુને દક્ષિણા આપી એટલે રાજીરાજી થઈ ગયા.

આ બે-ત્રણ જિલ્લાઓ આદિવાસીઓના છે. વસ્તી આછી અને દૂર-દૂર છે. ગાયો બહુ જ નાનીનાની દેખાય છે. જ્યાં રોજીઓ હોય ત્યાં જીવન હોય. રોજી જીવન છે. અહીં રોજીઓ નથી તેથી જીવન બહુ ધીમું ધબકે છે. રોજીઓ ઉદ્યોગોથી આવે. તે અહીં નથી. રોજી વિનાના લોકો ગમે તે કાર્યો કરે. લૂંટ-ફાટ પણ કરે. તેમને સારા બનાવવા હોય તો સર્વ પ્રથમ રોજી આપો.

હવે સૂકી ભૂમિ પૂરી થઈ, ગીચ જંગલ આવ્યું છે. અમરકંટક હવે માત્ર 8 કિ.મી. જ દૂર રહ્યું છે. આ કબીરચોતરો છે. અહીં બેસીને કબીરજીએ દોહરા રચ્યા હતા તેવી લોકમાન્યતા છે. સંતમાર્ગના આદિપ્રણેતા કબીર ખરેખર મહાન વિભૂતિ હતા. તેમણે જે સાહિત્ય રચ્યું તે અમર થઈ ગયું. કવિ, લેખક, શાયર, સાહિત્યકાર જ્યાં રહે, જ્યાં બેસે અને કાવ્યોનું નિર્માણ કરે તે ભૂમિ ધન્ય થઈ જાય. કબીર વિચારોના નિર્માતા હતા. પેલી શસ્ત્ર-ફૅક્ટરીઓ કરતાં પણ આ વિચારનિર્માણની ફૅક્ટરી ઘણી મહાન કહેવાય, વિચારો એ જ કહેવાય જે મરી ન જાય, જે જૂના ન થઈ જાય, જે અપ્રસ્તુત ન થઈ જાય. શેખચલ્લીના વિચારો તરત જ મરી જતા હોય છે. ચાણક્ય કવિ નથી પણ વિચારક છે. તેણે કોઈ મહાકાવ્ય નથી રચ્યું પણ અર્થતંત્ર અને રાજતંત્ર રચ્યું છે, જે આજે પણ પૂરેપૂરું પ્રસ્તુત છે. ખરેખર તો આ દેશને ચાણક્યવાદી થવાની જરૂર હતી, પણ ચરખાવાદી થઈ ગયો! આપણે વિચારોથી મરેલી પ્રજા બની ગયા તેથી માર ખાઈએ છીએ.

લ્યો ત્યારે હવે અમે અમરકંટક પહોંચી ગયાં, આ જ અમારી મુખ્ય યાત્રા છે. M. P. ટૂરિઝમ તરફથી અહીં બે પ્રકારની વ્યવસ્થા છેઃ તંબુઓમાં ઉતારો કે પછી રૂમોમાં ઉતારો. અમે બધાં રૂમોમાં ઊતર્યાં છીએ. સરસ સ્વાદિષ્ટ ભોજન તૈયાર હતું. બધાં જમ્યાં. પેલા પગપાળા સાધુઓ ક્યાં જમવાના? કશું ઠેકાણું નહિ. હું પણ એવી રીતે ખાસું ફરેલો છું, તેથી તેમની સ્થિતિ સમજી શકું છું.

અમારી સાથે બનાસકાંઠાના ઠાકોર બળવંતસિંહ તથા તેમનાં ધર્મપત્ની લીલાબહેન પણ છે. છેક ગામડામાં ગ્રામ્ય જીવન જીવનારાં અને ગ્રામ્ય પોશાક પહેરનારાં. બળવંતસિંહ તો અઢીવટાની જગ્યાએ લેંઘો-ઝભ્ભો પહેરીને આવ્યા છે. પાઘડીની જગ્યાએ માથું ઉઘાડું રાખે છે, પણ લીલાબહેન તો તે જ જૂનો પોશાક પહેરીને ફરે છે. બાકીનાં બધાંથી તેઓ જુદાં પડી જાય છે, પણ બન્ને સ્વભાવનાં સારાં છે. બળવંતસિંહ બટાકાંની મોટી ખેતી કરે છે. અને નડેચીમાતામાં દર વર્ષે 100-150 મણ બટાકાં આપે છે. તેમને અલગતા ન લાગે તે માટે ભગવતીબહેનને આ નવી જીવનપદ્ધતિ સમજાવવા-શીખવવાનું કામ સોંપ્યું છે. બાથરૂમ અને કમોડવાળાં સંડાસ - બધું નવું-નવું લાગે. ભગવતીબહેન મોટી બહેનની માફક બધું પ્રેમથી સમજાવે છે. તેમને જરાય ઓછું નથી આવતું. સાથેનાં માણસો મોટાઈના ડોળવાળાં નથી. લગભગ બધાં જ આ સ્થિતિથી પસાર થયેલાં હશે. આજે ભગવતીબહેને લીલાબહેનને પંજાબી ડ્રેસ પહેરાવ્યો છે. સાથેનાં સીતાબહેન તેમના જેવાં જ ઊંચાં છે, એટલે તેમનો ડ્રેસ બરાબર આવી ગયો છે. આ શું? લીલાબહેન ફેરવી-ફેરવીને ડ્રેસ જુએ છે. કેવું લાગતું હશે? તેવો વિચાર આવતો હશે. પણ બધાં સાથે ભળી ગયાં! અને બધે ફર્યાં. ડ્રેસ સારો લાગતો હતો. બધાં રોજ સવારે મારી પાસે દર્શન કરવા આવે. હું મૂઠી ભરીને કાજુ-કિસમિસનો પ્રસાદ આપું. પછી બધાં બસમાં બેસે. હું તો ઓળખી જ ન શક્યો! હવે તેઓ વસ્ત્રોથી સૌમાં ભળી ગયાં. વસ્ત્રોથી ભળવું પણ મહત્ત્વનું છે.

નર્મદાજી વિશે થોડીક વાતો જાણીએ. મધ્ય પ્રદેશના અનુપપુર જિલ્લામાં મેકલ પર્વતમાંથી નર્મદાજીની ઝીણી ધારા પ્રગટે છે. તેને ઉદ્‌ગમ સ્થાન માનવામાં આવે છે. અહીં જ અમરકંટક તીર્થ છે. નર્મદાજીને ‘મેકલસુતા’ પણ કહેવાય છે. એવું મનાય છે કે જ્યારે દેવો અને અસુરોએ મળીને સમુદ્રમંથન કર્યું અને તેમાંથી વિષ નીકળ્યું ત્યારે સૌને બચાવવા મહાદેવજીએ તે વિષનું પાન કરી લીધું. વિષના પ્રભાવને ખાળવા માટે તેમણે અહીં આવીને તપ કર્યું. ત્યારે તેમના કંઠમાંથી શ્વેત ધારા નીકળવા લાગી, અર્થાત્ વિષ અમૃત થઈ ગયું! આ ધારા જીવાત્માઓને અમર બનાવનારી હોવાથી સ્થાનનું નામ પડ્યું ‘અમરકંઠ’ પણ સમય જતાં લોકોએ તેને ‘અમરકંટક’ બનાવી દીધું! મૂળનામ ‘અમરકંઠ’ હતું.

અહીં અમરકંટકથી સોન અને જોહિલા નામની બીજી બે નદીઓ પણ નીકળે છે. સોનભદ્ર ઉત્તર-પૂર્વમાં છેક બિહારમાં જઈને ગંગાજીમાં ભળી જાય છે. ત્યાં તેનું ઘણું વિશાળ રૂપ થઈ જાય છે. તેના પટમાં પશુઓનો વિશાળ મેળો ભરાય છે. નર્મદાજી પશ્ચિમ તરફ ગુજરાતમાં થઈને છેક અરબી સમુદ્રમાં ભળે છે.

અમરકંટકની ઊંચાઈ 1060-70 મીટર છે. તેથી ગરમી ઓછી રહે છે. ગાઢ વનમાં આ સ્થાન હોવાથી અહીં ઘણા ઋષિ-મુનિઓ તપસ્યા કરવા રહેતા હતા. વર્તમાનમાં સાધુ-સંતોના ઘણા આશ્રમો આવેલા છે.

એવું મનાય છે કે દશમીથી બારમી શતાબ્દીકાળમાં અહીં કલચુરીવંશનું રાજ્ય ચાલતું હતું. તે સમયના રેવા નાયક નામના કોઈ રાજાએ આ તીર્થનું નિર્માણ કરાવ્યું હશે. રેવા નાયકની પ્રતિમા સ્નાનકુંડ ઉપર લગાવેલી મળે છે. તેના નામ ઉપરથી નર્મદાજીને રેવા પણ કહેવાય છે.

પાછળથી નાગપુરના ભોંસલે રાજાઓએ બીજા કુંડો બનાવ્યા છે. તે પછી અહીંના રીવા રાજ્યના મહારાજા ગુલાબસિંહે બીજું ઘણું નિર્માણ કરાવ્યું છે.

નર્મદામંદિરના પ્રવેશદ્વારને જુઓ તો તે દરવાજો ઈદગાહના દરવાજા જેવો દેખાય છે. બન્યું એવું કે રીવા મહારાજે આ કામ એક મુસ્લિમ કારીગરને સોંપેલું. મુસ્લિમ કારીગર ધર્મચુસ્ત હશે. તેણે પોતાના ધર્મ પ્રમાણે દરવાજો બનાવી દીધો. ધાર્મિક કટ્ટરતા આંધળી હોય છે. તેને ભાન નથી હોતું કે આ મંદિર છે, ઈદગાહ નથી. પછી રાજા કોપાયમાન ન થઈ જાય તે માટે દરવાજાના મથાળે ગણેશની પ્રતિમા બેસાડી દીધી છે!

નર્મદાના મંદિરના વિશાળ પ્રાંગણમાં કુલ 24 મંદિરો છે. અહીં પથ્થરનો બનેલો એક નાનો હાથી છે. તેના પગમાંથી પાર થઈને લોકો બહાર નીકળે છે. જગ્યા એટલી સાંકડી છે કે મહામુશ્કેલીએ જ બહાર નીકળાય. તિરુપતિએ સાહસ કર્યું. જેમ-તેમ જેમ-તેમ મથી-મથીને તે બહાર નીકળી ગયા. અજિત શાહ પણ નીકળી ગયા. બહેનોમાં ભગવતીબહેન પાછાં રહે તેવાં નહિ, તે પણ નીકળી ગયાં. અહીં જે પ્રાચીન મંદિર છે તે કલચુરીકાળમાં અગિયારમી શતાબ્દીમાં ચેદીરાજા કર્ણદેવે બનાવ્યું હતું. આ મંદિરને કર્ણમઠ પણ કહેવાય છે.

24 મંદિરોમાં વિષ્ણુમંદિર પણ છે. આ મંદિરસમૂહથી દૂર પ્રાચીન મંદિરો પણ ઊભાં છે. તેમાં એક પાતાળેશ્વર મહાદેવનું મંદિર છે. મંદિરમાં 10 ફૂટ ઊંડે મહાદેવજી છે. એવું મનાય છે કે પ્રતિવર્ષ શ્રાવણ મહિનાના અંતિમ સોમવારે અહીં શિવલિંગના ઉપર સુધી જળ ચઢી આવે છે. લોકમાન્યતા છે કે નર્મદાજી શિવજીને સ્નાન કરાવવા આવે છે. વર્ષના બાકીના દિવસોમાં જળ ઉપર નથી આવતું.

અહીં બર્ફાની બાબાનો આશ્રમ પણ છે. આશ્રમ રામાનંદી વૈષ્ણવ પરંપરાનો હોવા છતાં બધા સાધુઓને અહીં આશ્રય મળે છે. હિન્દુ પરંપરામાં બે પ્રકારનાં ધર્મસ્થાનો હોય છેઃ 1. જેમાં માત્ર ને માત્ર પોતાના સંપ્રદાયના સાધુઓને જ આશ્રય મળે છે. અને 2. જે બધા સાધુઓને આશ્રય આપે છે. બીજો પ્રકાર ઉદાર કહેવાય. ષડ્દર્શનના કોઈ પણ સાધુને આશ્રય મળી રહે છે. આશ્રયનો અર્થ ઉતારો અને રોટી-ભોજન.

અહીં કલ્યાણ સેવા આશ્રમ પણ છે. અમે બધાં દર્શને ગયાં. શ્રી કલ્યાણદાસજી તો હાજર ન હતા, પણ સંતો હતા. સંતોનાં લક્ષણ દરવાજા ઉપરથી જ દેખાયાં. નમસ્કાર-આવકાર મળે તો આનંદ થઈ જાય. મોઢું ચડેલું હોય અને ઉપેક્ષા દેખાય તો આનંદ ન રહે. આવકારનો આનંદ પ્રથમ આનંદ કહેવાય. વિશાળ અને ભવ્ય આશ્રમ માત્ર મકાનોથી જ ભવ્ય નથી. અહીં માનવતાવાદી પ્રવૃત્તિઓ પણ થાય છે. તેનાથી પણ ભવ્ય લાગે છે.

અહીં એક જીર્ણ શાલવૃક્ષ છે. જેની નીચે બેસીને વર્ષો પહેલાં બાબા કલ્યાણદાસજીએ તપ કર્યું હતું. આ અમરકંટકની એકાંત પવિત્ર ભૂમિ ઉપર વર્ષો સુધી તે તપ કરતા રહ્યા. તપ ફળ્યું અને જોતજોતાંમાં માગ્યા વિના ધનનો ઢગલો થવા લાગ્યો. આ ભવ્ય આશ્રમ બની ગયો. હજી પણ નિર્માણકાર્ય થયા જ કરે છે. ઘણા લોકો ઉઘરાણાં કરી-કરીને મરી જતા હોય છે, પણ કાંઈ હાથમાં આવતું નથી, તો કેટલાક લોકો યાચના કર્યા વિના જ ધનના ઢગલા મેળવતા હોય છે. આ તપસ્યાનું પરિણામ જ કહેવાય. ભક્તિમાર્ગમાં તેને ઈશ્વરકૃપા કહેવાય છે. બાબા કલ્યાણદાસજી ઉદાસીન પરંપરાના છે. આ પરંપરા પંજાબથી ગુરુ નાનકદેવજીના ભાઈ શ્રીચંદજીએ ચલાવી હતી. ભારતભરમાં ફેલાયેલા સાધુ-સંતો અનેક આશ્રમો બનાવીને રહેતા જોવા મળે છે.

અહીં ચક્રતીર્થ, કપિલધારા, દૂધધારા, વગેરે બીજાં પણ ઘણાં ધર્મસ્થાનો છે જે સમય હોય તો જોવાલાયક છે. અહીં 150 આશ્રમો છે, અહીં મસ્જિદ નથી. માંસાહારનિષેધ છે. 12 હજારની આબાદી છે.

આ સંત કબીર સરોવર છે. કબીરજી અહીં આવતા હતા અને ગુરુ નાનકદેવજી પણ આવ્યા હતા. આ ડાબી બાજુ કપિલમુનિ સરોવર છે. મહર્ષિ કપિલ અહીં રહેલા અને સાંખ્યદર્શનનું નિર્માણ અહીં કરેલું તેવું મનાય છે. ગ્રંથનું નિર્માણ ભવ્ય સ્થાપત્યના નિર્માણથી જરાય ઓછું ન કહેવાય. કેટલીક વાર તો સ્થાપત્યો કાળક્રમે નષ્ટ થઈ જતાં હોય છે. પણ અમરગ્રંથો કાળજયી અને દેશજયી હોય છે. કપિલના ગ્રંથ કાળજયી અને દેશજયી થયા છે.

અમારી ડાબી બાજુ નર્મદાજી જઈ રહ્યાં છે. સાવ પાતળી ધારા છે, પૂરી દેખાય પણ નહિ અને આ બધી દેરીઓ છે, તે સાધુ બાબાઓની સમાધિ છે. સાધુપરંપરામાં બે માર્ગ છેઃ 1. અગ્નિદાહ અને 2. ભૂમિદાહ. અગ્નિદાહવાળા ચિતાગ્નિમાં શરીરનો સંસ્કાર કરતા હોય છે. પછી માત્ર ભસ્મ જ રહી જતી હોય છે. ભૂમિદાહવાળા મૃતકને ભૂમિમાં દાટતા હોય છે, પછી તેના ઉપર નાની-મોટી દેરી-સમાધિ બનાવતા હોય છે. અગ્નિદાહવાળાની કશી નિશાની રહેતી નથી, જ્યારે ભૂમિદાહવાળાની નિશાની સમાધિ તરીકે રહે છે. બુદ્ધના સ્તૂપોને સમાધિ જ કહેવાય. જેમાં નાનાં-મોટાં અસ્થિઓ દાટ્યાં હોય છે. એવું કહી શકાય કે પ્રતિમાપૂજા, વ્યક્તિપૂજા અને અસ્થિપૂજા પણ બૌદ્ધ ધર્મની દેન કહી શકાય. હિન્દુ પ્રણાલીમાં અસ્થિનું વિસર્જન કોઈ પવિત્ર તીર્થ કે નદીમાં કરી દેવાનું હોય છે. હું અગ્નિદાહ અને ભૂમિદાહ બન્નેના પક્ષમાં છું. જેની પાસે પર્યાપ્ત જમીન હોય તે ભૂમિદાહ કરી શકે, પણ જમીન ન હોય તેના માટે અગ્નિદાહ સારો. મુસ્લિમોની મજારો, મકબરા આજે પણ પૂજાય છે. જો આ ન બન્યા હોત તો કશી નિશાની ન રહી હોત. સૂફી, પીર, ઓલિયાની હજારો દરગાહો પૂજાય છે. લોકોનાં ટોળેટોળાં જિયારત કરવા જતાં હોય છે.

આ બાજુ સાધુઓની કુટિયાઓ છે. કુટિયાને સમજવા જેવી છે. જે સાધુ આશ્રમ નથી બનાવી શકતો. અથવા નથી બનાવવા માગતો પણ સ્વતંત્ર રીતે સ્થાયી રહેવા માગે છે તે આવાં તીર્થક્ષેત્રોમાં થોડી જમીન લઈ પોતાના પૂરતી નાનીસરખી કુટિયા બનાવી લેતો હોય છે. આહારવ્યવસ્થા અન્નક્ષેત્રોથી થઈ જતી હોય છે અથવા પોતે બનાવી લેતો હોય છે. બાકી પૂરી સ્વતંત્રતા. સ્વતંત્રતા જેવું કોઈ સુખ નથી અને પરાધીનના જેવું કોઈ દુઃખ નથી. પણ સ્વતંત્રતાની કિંમત ચૂકવવી પડતી હોય છે.

આ જુઓ, આ પાતળી રેખા નર્મદાજીની છે. શિયાળામાં અહીં ઘણી ઠંડી પડે છે. કોઈ-કોઈ વાર બરફ જામી જાય છે. અહીં સૌથી વધુ યાત્રીઓ ગુજરાતથી આવે છે, પછી બંગાળ અને પછી મહારાષ્ટ્રથી આવે છે. દિવાળીના વૅકેશનમાં ઘણા ગુજરાતીઓ આવે છે. અમરકંટકનું પ્રાચીન નામ ‘અમરકૂટ’ પણ છે, જેમ ચિત્રકૂટ. અમરકૂટમાંથી અમરકંટક નામ બન્યું છે. આ દેવનગરી છે. અહીં મધુમખ્ખીઓથી સાવધાન રહેવું જોઈએ. અહીં મધ ઘણું થાય છે. અમે કપિલધારા પહોંચી રહ્યાં છીએ. સ્ટૅન્ડ ઉપર બસ ઊભી રહી ગઈ. અડધો કિ.મી. પગપાળા જવાનું છે.

શ્રી તિરુપતિએ મધમાખીઓના અનુભવ સંભળાવ્યા. “એક વાર કાર લઈને અમે ક્યાંક જતા હતા. ઉપાધ્યાયસાહેબ પણ સાથે હતા. એવામાં રસ્તામાં જોયું તો એક યુવાન રોડ ઉપર સૂઈ ગયેલો હતો, તેણે પોતાનું ડગલું મોઢે ઓઢી લીધેલું અને તેના આખા શરીર ઉપર હજારો મધમાખીઓ ચોંટી પડેલી. યુવાન મડદાની માફક ચેષ્ટા વિનાનો થઈને પડી રહેલ. અમે તેને બચાવવાનો વિચાર કર્યો. પણ વગરજોઈતી ઉપાધિમાં ન પડવું તેવી સાથીદારોની સલાહથી અમે માખીઓના ભયથી અટકી ગયા. કદાચ મરી ગયો હોય અને પોલીસનું લફરું થાય તો? અને મધમાખીઓ આપણા ઉપર ત્રાટકે તો? ત્રાટકે જ. આવા ભયના કારણે ઘણી વાર સારા માણસો નિષ્ક્રિય થઈ જતા હોય છે. અમે આગળ ચાલ્યા, પણ હજુ થોડુંક જ ચાલ્યા હોઈશું ત્યાં પેલા યુવાનનો પગ ઊંચો થતો જોયો. એટલે ખાતરી થઈ કે હજી યુવાન જીવે છે. મને થયું કે હવે તો આ યુવાનને મરવા ન દેવાય. અમે તો ડ્રાઇવરને દબાણ કરીને તરત જ ગાડીને રિવર્સ લીધી. રિવર્સ ગાડી પેલા યુવાન પાસે આવી તો ગાડીના એક મોટા પાઈપમાંથી વછૂટતો કાર્બન મૉનોક્સાઈડનો ધોધ પેલી માખીઓ ઉપર પડ્યો. તરત જ માખીઓ ઊડી અને અમારી ગાડી ઉપર આવીને ચોંટી ગઈ. કાચ બંધ હતા એટલે વાંધો ન આવ્યો. પણ ગાડીને હથોડાની માફક ધડ-

ધડ ડંખ મારવા લાગી. બીજી તરફ પેલો યુવાન તો ઊભો થઈને મૂઠીઓ વાળીને જે ભાગ્યો કે પત્તોય ન લાગ્યો. અમે ગાડી ચલાવી દીધી. થોડોક સમય માખીઓ સાથે આવી, પણ પછી તે પણ પાછી વળી ગઈ. આ રીતે યુવાન બચી ગયો. માખીઓ ધુમાડાથી ભાગે. અને અમારી જાણ બહાર જ ગાડીના કાર્બન મૉનોક્સાઈડે ધુમાડાનું કાર્ય કર્યું. જીવ બચાવ્યાનો આનંદ થયો. આવા સમયે પોલીસ કે બીજી કોઈ ઉપાધિ ભવિષ્યમાં આવશે તેમ વિચારીને ભાગી છૂટવું ન જોઈએ. ભવિષ્યમાં જે થવું હોય તે થાય, પણ અત્યારે તો આને બચાવવો જ જોઈએ. તેવું વલણ રાખવું જોઈએ."

મને વ્હીલચેરમાં બેસાડીને તિરુપતિ ધકેલી રહ્યા છે. ચારે તરફ પુષ્કળ મધપૂડાઓ છે. માંકડાં પણ ઘણાં છે. અમે કપિલધારા અને કપિલઆશ્રમ જોયાં.

અહીં માર્ગના કિનારે બેસીને આદિવાસીઓ જડીબુટ્ટીઓ વેચે છે. એક જડીબુટ્ટી એવી છે કે ઘરમાં રાખો તો કોઈ પણ ઝેરી જાનવર, કીડા-મકોડા આવે નહિ. અમે લીધી અને વહેંચી. જશભાઈનું કહેવું છે કે "જડીબુટ્ટી ખરું કામ કરે છે. જ્યાં રાખીએ છીએ ત્યાંથી કીડા-મકોડા તરત ખસી જાય છે."

પ્રાચીનકાળમાં ઋષિ-મુનિઓ પોતાની પર્ણકુટિઓમાં આવી જડીબુટ્ટી રાખતા હશે. વર્તમાનમાં આવી જડીબુટ્ટીઓ ઉપર સંશોધન કરી તેમાંથી ઔષધિ બનાવવી જોઈએ.

એક વૃદ્ધ પ્રોફેસર અગ્રવાલજી પોતાના વિદ્યાર્થીઓને લઈને જળની ઊંડાઈનું સંશોધન કરવા આવ્યા છે. તેમનું કાર્ય ચાલી રહ્યું છે. મેં બધાંને બરફી ખવડાવી. ચારે તરફથી આદિવાસી બાળકો-વૃદ્ધો આવી ગયાં. સૌને ખવડાવી. સ્ટૉક પૂરો કરી દીધો. હાશ શાન્તિ થઈ. વધુપડતો સંગ્રહ અશાન્તિ પેદા કરે છે. તેમાંથી છુટકારો મેળવી શકાય તો શાન્તિ થાય. પણ સંગ્રહ છોડવો બહુ કઠિન કામ છે. વૈરાગ્ય હોય તો જ સંગ્રહ છૂટી શકે.

આ જુઓ, સોન નદીનું ઉદ્‌ગમ સ્થાન છે. સોન અને જોહિલા નદીઓ અહીંથી નીકળે છે. એવું કહેવાય છે કે નર્મદાજી પોતાની બન્ને બહેનોથી રિસાઈને ઊંધી દિશામાં ચાલી નીકળી છે. જીવનમાં સાથે રહેનારાં કોઈ-કોઈ વાર રિસાય પણ ખરાં. સૌથી વધુ પતિ-પત્ની રિસાતાં હોય છે. પ્રેમ અને રીસ સાથે જ રહેતાં હોય છે. જે પત્ની કદી રિસાતી જ નથી, તો સમજવું કે તે સંપૂર્ણ સમર્પિત હશે. સંત તિરુવલ્લુવરની પત્ની વાસુકિ કદી રિસાઈ ન હતી. કબીરનાં પત્ની પણ કદી રિસાયાં ન હતાં. બન્ને સંપૂર્ણ સમર્પિત હતાં. સંપૂર્ણ સમર્પિતમાં મનભેદ હોય જ નહિ. પતિનો મત એ જ મારો મત, પછી રિસાવાનું ક્યાંથી હોય! અમારી સાથે ઊંઝાના જયંતિભાઈ છે. તેમનાં પત્ની સીતાબહેન. જયંતિભાઈનાં બહુ જ વખાણ કરતાં રહે છે. મેં તેમને પૂછ્યું કે "તમે કોઈ વાર લડો-ઝઘડો કે રિસાઓ છો?" તો કહે કે "હા, 4-6 મહિને અબોલા થઈ જાય. પણ થોડા સમય પછી પાછાં બોલતાં થઈ જઈએ. લાંબો સમય ન ચાલે". અબોલા છોડ્યા પછી પ્રેમ ઊભરાય. ડંખીલાં માણસો જલદી મનાય નહિ. તેમનો ડંખ લાંબો ચાલે. તેઓ ઝેરમાં ને ઝેરમાં જ જીવે. પટેલ ડંખીલો ન હોય, તેથી વેર-ઝેર ઓછાં હોય.

40-50 વર્ષથી અહીં કાયદો બન્યો છે કે નવાં ઘર બાંધી શકાય નહિ. અમરકંટકનું અરણ્યસ્વરૂપ સાચવવા માટે આ કાયદો બનાવ્યો છે. પણ સાધુ-સંતો આશ્રમો બાંધી શકે છે. તેથી ઘણા લોકો બનાવટી સાધુ થઈને ઘરો બાંધી લેતા હોય છે!

આ વૈતરણી નદી છે અને આ ગુરુદ્વારા છે. ગુરુ નાનકદેવજી અહીં પધારેલા. ઘણા શીખો પણ આવે છે. શ્રદ્ધાળુઓને તીર્થ હોય છે, નાસ્તિકોને તીર્થ નથી હોતાં.

અમે માર્કન્ડેય આશ્રમ પહોંચ્યાં છીએ. અહીં પુષ્કળ માંકડાં છે. મેં આખું છાબડું લઈને ચણાનો ઢગલો કરી દીધો, પણ બીજી સીમામાં રહેતાં માંકડાં અહીં આવી ન શકે. અહીંનાં જ માંકડાં ખાવા લાગ્યાં. સૌની પોતપોતાની સીમાઓ છે. પ્રત્યેક માંકડાને ચાર-પાંચ પત્નીઓ પણ છે. સીમાનું ઉલ્લંઘન થાય તો મહાસંગ્રામ થઈ જાય છે.

આ પાતાળેશ્વર મંદિર છે. આઠમી શતાબ્દીમાં બંધાયેલાં છે. બધાં મંદિરો જોઈને હવે અમે નિર્મિત થઈ રહેલા જૈન મંદિરે પહોંચી ગયાં છીએ. ગાઇડનું કહેવું છે કે, "આ જિલ્લાના કલેક્ટર અને બીજા મોટા અમલદાર જૈન હતા. તેથી અમરકંટકનો સૌથી ઊંચો અને વિશાળ ટેકરો આ મંદિર માટે અર્પિત થયો. આખા અમરકંટકમાં આ સૌથી ઊંચી અને મોકાની વિશાળ જગ્યા છે.

અમે આદિનાથજીના મંદિરે પહોંચી ગયાં. પ્રથમ તેની વિગત જાણીએ. આ મંદિરમાં આદિનાથજીની 10 ટનની અષ્ટધાતુનિર્મિત દિગમ્બર પ્રતિમા સ્થાપિત થઈ છે, જેની ઊંચાઈ 10 ફૂટ છે. પ્રતિમા ખરેખર ભવ્ય છે. સોનેરી કોર લગાવેલી છે. ભગવાન હંમેશાં રૂપાળા જ હોય. રૂપાળા ન હોય તોપણ ભક્તો તેને રૂપાળા બનાવી દે. અને ભગવાન જુવાન જ હોય, કદી વૃદ્ધ ખખડી ગયેલા ન હોય. શ્રી આદિનાથજીની પ્રતિમા એક વિશાળ અને ભવ્ય કમળ ઉપર બિરાજમાન છે. જેનું વજન 17 ટન છે. કમળ અમદાવાદમાં બન્યું છે, તેવું જાણવા મળ્યું.

મંદિરની લંબાઈ 450 ફૂટ અને પહોળાઈ 125 ફૂટ છે અને શિખરની ઊંચાઈ 151 ફૂટ છે. આ પાકો પહાડ છે તોપણ 25 ફૂટનો પાયો કરીને તેના ઉપર મંદિર બંધાવ્યું છે. પાયો દેખાતો નથી પણ બધો ભાર પાયો જ ઉપાડે છે. કળશ સોનાનો હોય છે. તે ભાર કરે છે, ભાર ઉપાડતો નથી. પાયો તો ખડબચડા પથ્થરોનો હોય છે, તેની શોભા નથી હોતી; કારણ કે દેખાતો જ નથી. જે દેખાય તેનો શણગાર હોય. જે ન દેખાય તેનો શણગાર ન હોય. સમાજમાં પણ આવું જ થતું હોય છે. જે પાયાના પથ્થર હોય છે તેમની પ્રસિદ્ધિ નથી હોતી. પ્રસિદ્ધિ તો શિખર અને કળશની જ હોય છે. હું રોજ પરમેશ્વરની પ્રાર્થનામાં માગું છું કે મને પ્રસિદ્ધિનો મોહ ન આપીશ. હોય તો દૂર કરજે.

આ મંદિરના નિર્માણમાં ચૂનો, ગોળ, બીલાં, ગુંદર, અડદ વગેરેનું મિશ્રણ કરીને સિમેન્ટ તરીકે વપરાય છે. સિમેન્ટ વપરાતો નથી.

મંદિરના નિર્માણ માટે છેક રાજસ્થાનના ભરતપુરથી બંશીપહાડ પરનો મજબૂત પથ્થર આવે છે. મોટીમોટી શિલાઓ ઢગલાબંધ પડી છે. 2 લાખ ઘનફૂટ પથ્થર વપરાવાનો છે. મંદિરને આઠ દરવાજા થવાના છે. મંદિરમાં કોતરકામવાળા કલાત્મક 108 થાંભલા ઊભા થઈ ચૂક્યા છે. આ ભવ્ય મંદિરના સ્થાપક સી.બી. સોમપુરા છે તેનું આપણે ગૌરવ લઈ શકીએ. જ્યારે આ મંદિર પૂરું થશે ત્યારે માત્ર અમરકંટકનું જ નહિ, પૂરા ઉત્તરભારતનું ભવ્ય મંદિર બનશે. પ્રજાને ગૌરવ આપનારી ચાર વસ્તુઓ હોય છેઃ 1. ભવ્ય ઇતિહાસ, 2. મહાન કવિ-સાહિત્યકારો, 3. મહાન વૈજ્ઞાનિકો અને 4. મહાન સ્થાપત્યો.

1. પ્રજા જ્યારે સિકંદર, નેપોલિયન જેવા વિશ્વવિજેતા સમ્રાટો પેદા કરતી હોય છે ત્યારે તેનું ગૌરવ મળે છે. ગુલામોને ગૌરવ ન હોય.

2. પ્રજા જ્યારે વિશ્વવ્યાપી મહાન કવિઓ – સાહિત્યકારો પેદા કરે છે, ત્યારે તેનું ગૌરવ હોય છે.

3. પ્રજા જ્યારે મહાન વૈજ્ઞાનિકો પેદા કરે છે ત્યારે તેનું ગૌરવ અને અગ્રિમતા પ્રાપ્ત થાય છે. વિજ્ઞાન વિનાની પ્રજા પછાત થઈ જતી હોય છે. પછાતપણાનું ગૌરવ ન હોય. હોય તો તે કાલ્પનિક હોય.

4. પ્રજા જ્યારે મહાન સ્થાપત્યોનું નિર્માણ કરે છે ત્યારે તેને તેનું ગૌરવ મળે છે. ભારતનો તાજમહેલ જોવા વિશ્વભરમાંથી ટોળેટોળાં આવે છે. ચીનની દીવાલ, રોમનું કોલોસિયમ, અમેરિકાનાં બિલ્ડિંગો, ફ્રાંસનો એફિલ ટાવર વગેરે ગૌરવ અને કમાણી બન્ને અપાવે છે. ભારતમાં ભવ્યાતિભવ્ય મંદિરો હતાં, પણ વિધ્વંસકાળમાં બધાં તોડી નંખાયાં અને નવાં થવા ન દીધાં. હવે પ્રજા સ્વતંત્ર છે તેથી નવનિર્માણ જોરશોરથી થવા લાગ્યું છે. પણ ફરી પાછો વિધ્વંસકાળ નહિ જ આવે તેની કશી ગૅરન્ટી નથી. ઇતિહાસનું પુનરાવર્તન થતું રહે છે. જે પ્રજા ઇતિહાસમાંથી બોધપાઠ નથી લેતી તે વગર મોતે મરતી હોય છે. મંદિરોની ભવ્યતાની સાથે તેને સાચવનારાં બાવડાં પણ ભવ્ય હોવાં જરૂરી છે. દુર્બળોની ભવ્યતા બિચારી હોય છે.

મંદિરની બહાર ઘણી દુકાનો છે. પુષ્કળ માલ-સામાન વેચાય છે. એક દુકાનદાર જૈન સજ્જને માહિતી આપી કે અહીં અબજ રૂપિયા ખર્ચાઈ ગયા છે. અમને અતિશયોક્તિ લાગી. હા, મંદિરની ભવ્યતા જોતાં એક અબજ ખર્ચાયા હશે. હજી તો ઘણું કામ બાકી છે. તિરુપતિનું કહેવું છે કે "ભલે ભવ્ય મંદિરો બને પણ એકાદ કરોડની એક હૉસ્પિટલ પણ બને તો આ આદિવાસી પ્રજાને રાહત થાય."

આ મંદિરના પ્રેરણાદાતા મહાન આચાર્ય વિદ્યાસાગરજી છે, જેમનું વિશાળ નગ્નચિત્ર મંદિરમાં મૂકેલું છે. ધાર્મિક કે આધ્યાત્મિક નગ્નતા પૂજાય છે. તેને અસભ્ય કે વલ્ગર માનવામાં નથી આવતી. હેતુ મહત્ત્વનો છે. હેતુ વિકારી ન હોવાથી ત્યાગની પરાકાષ્ઠા માનીને સર્વોચ્ચ પૂજ્યતા પ્રાપ્ત થાય છે. મારી દૃષ્ટિએ નગ્નતા કરતાં અર્ધનગ્નતા વધુ વિકારી હોય છે. પશુઓની નગ્નતા વિકારી નથી હોતી, કારણ કે કપડાં પહેરીને પછી નગ્ન થતાં નથી. કપડાંવાળાની જાંઘ દેખાય તોપણ વિકાર ભડકી ઊઠે! પશ્ચિમ હવે નગ્નતાપ્રૂફ થઈ ગયું છે. કશી જ અસર નહિ. નગ્નતા જોઈ-જોઈને હવે થાક્યા છે. કાંઈ જ નવું નથી. કદાચ આપણે પણ ભવિષ્યમાં આવી રીતે પ્રૂફ થઈ જઈશું. મારે એક દિગંબર જૈન સાધુને મળવા જવાનું થયેલું. તેઓ પ્રાચીન જૈન અવશેષો સાચવવાનું કામ કરે છે. મારી નવાઈ વચ્ચે તેમનાં પત્ની અને દશ-બાર વર્ષની દીકરી, વગેરે પરિવાર સાથે અહીં જ રહેઠાણમાં રહેતાં હતાં. કોઈને કશો વિકાર નહિ. જોઈ-જોઈને થાક્યાં. હવે શાનો વિકાર! ન જોયાનો કે અડધું જોયાનો વિકાર હોય. પૂરું જોયાનો અને સતત જોતા રહેવાનો વિકાર ન હોય. ખજુહારોના ગાઇડને કશો વિકાર થતો નથી. રોજનું કામ રહ્યું.

પણ નગ્નતા સહજસ્ફુર્ત ન હોય અને નિયમ બની જાય, તેની ગુડવીલ થઈ જાય તો તેની સહજતા ન રહે. દિગંબર સાધુઓ સૌથી મોંઘા પડે છે. તેમને નિભાવવા-સાચવવા પાછળ ઘણો ખર્ચો કરવો પડે છે. તેમને એકલા મુકાય નહિ. પરાધીનતા પણ ઘણી. હા, એ જ સહજસ્ફુર્ત હોય તો મસ્તી જ મસ્તી. પણ તેને લોકો વચ્ચે આવવાની કે રહેવાની જરૂરત ન રહે. લોકોથી, માન-પાન-પ્રતિષ્ઠાની દુનિયાથી દૂર તેઓ તેમની મસ્તીમાં રમ્યા કરે. લોકોમાં રહેવું હોય તો લોકાચારને માન આપવું જોઈએ.

આ મંદિરમાં ઋષભદેવજીની ભવ્ય પ્રતિમા સ્થાપિત થઈ છે. તેમને આદિનાથ પણ કહેવાય છે; કારણ કે તે પ્રથમ તીર્થંકર ભગવાન થયા મનાય છે. ઋષભદેવજી આપણે ત્યાં પણ થયા છે. પહેલાં તેમની થોડી વાતો જાણીએ.

ભાગવતના પાંચમા સ્કંધના ચોથા અધ્યાયથી ઋષભદેવજીનું ચરિત્ર લખાયું છે.

નાભિ નામના રાજા અને મેરુદેવી નામની મહારાણીથી ઋષભદેવજીનો જન્મ થયો હતો. ઋષભ (સાંઢ) જેવી બળવાન કાયા-ભુજાના કારણે પિતાએ તેમનું નામ ઋષભ રાખ્યું. ગુરુકુળનું અધ્યયન પૂર્ણ કરીને પિતાજીની આજ્ઞાથી ઇન્દ્રની કન્યા જયન્તી સાથે તેમનો વિવાહ થયો તથા તેના દ્વારા સો પુત્રો પેદા કર્યા. જેમાં ભરત સૌથી મોટો અને ગુણવાન હતો. પછી સમય આવતાં ઋષભદેવજીએ પુત્રોને રાજગાદી આપી પોતે દિગમ્બર થઈને ઘર-બાર, રાજ-પાટ છોડીને ચાલી નીકળ્યા. પાગલ માણસો જેવાં આચરણો કરતા તે નગ્નાવસ્થામાં ફરવા લાગ્યા. લોકો તેમને ગાંડો સમજીને હેરાન કરવા લાગ્યા. પછી તેમણે અજગરવૃત્તિ ધારણ કરી. અજગરની માફક પડ્યા જ રહેતા. સૂતાં-સૂતાં ખાતા-પીતા અને મળ-મૂત્રનો ત્યાગ પણ સૂતાં-સૂતાં જ કરતા. પોતાના મળમાં આળોટતા તેથી લોકો દૂર ભાગતા. પછી તેઓ ગાંડા જેવા કુટકાચલના વનમાં ફરવા લાગ્યા. અહીં પ્રચંડ દાવાનળ લાગ્યો અને તે દાવાનળમાં તેમનું શરીર બળીને રાખ થઈ ગયું. આ કુટક દેશનો રાજા અર્હત્ ઋષભદેવજીના નામે સ્નાન ન કરવું, કેશ ખેંચવા, વગેરે વેદવિરુદ્ધ આચરણવાળા ધર્મનો પ્રચાર કરવા લાગ્યો.

આ થયા ભાગવતના ઋષભદેવજી. હવે જૈન દૃષ્ટિએ ઋષભદેવજીને જાણીએ.

જૈનમાન્યતા પ્રમાણે યુગલ સંસ્કૃતિની સમાપ્તિ પછી ઋષભદેવજીનો નાભિ રાજા અને મેરુદેવીથી જન્મ થયો હતો. અને સાથે એક પુત્રી પણ જન્મી હતી. પુત્રનું નામ ઋષભ અને પુત્રીનું નામ સુનંદા રાખવામાં આવ્યું. ત્યારે બધાં ભાઈ-બહેનો યુગલ-ધર્મ પ્રમાણે લગ્ન કરતાં. ઋષભદેવજી જ્યારે યુવાન થયા ત્યારે તેમનાં લગ્ન પોતાની સગી બહેન સુનંદા સાથે થયાં. ત્યારે બધાં લગ્નો આવાં જ થતાં તેવું જૈનો માને છે. પાછળથી મેરુદેવીને એક અનાથ કન્યા સુમંગળા પ્રાપ્ત થઈ. તે કન્યા સાથે ઋષભદેવજીનાં બીજાં લગ્ન કરાવી દીધાં.

આ રીતે ઋષભદેવજીને બે પત્નીઓ થઈ: સગી બહેન સુનંદા અને અનાથ કન્યા સુમંગળા. સુનંદાથી એક યુગલ જન્મ્યું: બાહુબલી અને સુંદરી. બીજી પત્ની સુમંગળાને પચાસ યુગલો જન્મ્યાં તેમાં ભરત અને બ્રાહ્મી સિવાયનાં બાકીના 98 પુત્ર જ પેદા થયા તે અને ભરત તથા બાહુબલી મળીને સો થયા. ઋષભદેવજીને કુલ 102 સંતાનો થયાં, જેમાં 100 પુત્રો અને 2 પુત્રીઓ થઈ.

ઋષભદેવજીએ ખેતી શિખવાડી, કારણ કે લોકો ભૂખે મરતા હતા. પછી અગ્નિ અને રાંધવાની કળા આપી. પછી તલવાર આપી જેથી રક્ષણ કરી શકાય. પછી મસી એટલે કે શ્યાહી... લખવા-વાંચવાનું શિખવાડ્યું. પછી વર્ણ આપ્યા. પૂરી વર્ણવ્યવસ્થા ચાલુ થઈ ગઈ. પછી ભાઈ-બહેનનાં લગ્નો ઉપર પ્રતિબંધ મુકાયો હતો. ભાઈ-બહેન પરણતાં નહિ. તેત્રાયુગ પૂરો થયો. આગળ જતાં સગોત્ર વિવાહ પણ નિષિદ્ધ મનાયો.

83 લાખ વર્ષ સુધી તેમણે ગૃહસ્થાશ્રમ ભોગવીને ફાગણ વદ આઠમના દિવસે ગૃહત્યાગ કરી દીધો. વસ્ત્રો ત્યાગીને દિગંબર થઈ ગયા. માથાના થોડા કેશ લોચન કરવાના રહી ગયા તેથી ત્યારથી લોકો ચોટી રાખતા થયા. તેમની સાથે ચાર હજાર લોકોએ દીક્ષા લઈ લીધી. આમાંથી કેટલાક કંદાહારી બન્યા, તો કેટલાક મૂલાહારી બન્યા. બીજા કેટલાક ફળાહારી થઈ ગયા.

ઋષભદેવજીને શુદ્ધ આહાર ન મળવાથી પ્રથમ બાર માસ સુધી તેમણે કશું જ ખાધું નહિ. ફરતા-ફરતા તેઓ હસ્તિનાપુર પહોંચ્યા. અહીં માતા મેરુદેવીએ દીક્ષા લીધી તથા બાકીના અઠ્ઠાણું ભાઈઓએ પણ દીક્ષા લઈ લીધી. આખરે પોષ વદ તેરસના દિવસે તેઓ નિર્વાણ પામ્યા. ત્યારે તેમનું આયુષ્ય 84 લાખ વર્ષનું હતું. તેમાં 20 લાખ વર્ષ કુમારકાળ, 63 લાખ વર્ષ રાજ્યકાળ અને એક લાખ વર્ષ દીક્ષાકાળ અર્થાત્ સાધુકાળ. આમ 84 લાખ વર્ષ થયાં.

તેમની સાથે 84 હજાર સાધુઓ અને 3 લાખ સાધ્વીઓ ફરતાં હતાં. તેમના શરીરની ઊંચાઈ 500 ધનુષ્ય જેટલી હતી. એક ધનુષ્યનું સાધારણ માપ છ ફૂટ માનીએ તો 3000 ફૂટ ઊંચું શરીર હતું તેમ કહેવાય. એક પ્રશ્ન એવો પણ થાય કે આ ઊંચાઈ સૌની હતી કે માત્ર તેમની જ હતી? તેમની પત્નીઓ, પુત્રો, સાધુ, સાધ્વીઓ, વગેરે બધાં જ ત્રણ-ત્રણ હજાર ફૂટ ઊંચાં હતાં કે કેમ? જો તેવું ન હોય તો ઉપાધિનો પાર ન રહે. માનો કે પાંચ-છ ફૂટની પત્ની હોય અને ત્રણ હજાર ફૂટનો પતિ હોય તો જોડું કેવું લાગે? એટલે તે સમયનાં બધાં જ નર-નારીઓ 3000 ફૂટ જેટલાં ઊંચાં હશે તેમ માનવું જોઈએ. તો પછી વૃક્ષો, મહેલો, ગુફાઓ વગેરે કેટલાં ઊંચાં હશે? તેમની સાથેના 84 હજાર દિગંબર સાધુઓ ચાલતા હશે તો કેવું લાગતું હશે? 84 લાખ વર્ષનું આયુષ્ય માત્ર તેમનું જ હશે કે સૌનું હશે? સૌનું જ ગણાય, નહિ તો કેટલી પત્નીઓ બદલવી પડે! આ તો એવું થાય કે માથા ઉપર (ત્રણ હજાર ફૂટ ઉપર) ઉષ્ણતામાન 10-15 ડિગ્રી હોય અને પગ આગળનું ઉષ્ણતામાન 35-40-45 ડિગ્રી હોય. માણસ સૂઈ જાય તો ગરમી લાગે અને ઊંચો થાય તો ઠંડક લાગે (માથા ઉપર). અને તેમના પલંગ કેવા હશે?

અજિત શાહનું કહેવું છે કે "મારા ગળે તો કશું ઊતરતું નથી." મેં કહ્યું કે, "ગળે ન ઊતરે તેને તો ધર્મ કહેવાય. ગળે ઊતરે તેને વિજ્ઞાન કહેવાય." પ્રજા વિજ્ઞાન કરતાં ધર્મની પાછળ વધુ ધન ખરચે છે. જે દિવસે આ ધન વિજ્ઞાન અને માનવતા તરફ વળશે તે દિવસે ખરેખર પ્રજા મહાન થશે. હું મંદિરોનો વિરોધી નથી, સમર્થક છું. પ્રજાની અસ્મિતા ધાર્મિક સ્થાપત્યોથી પણ પ્રગટતી હોય છે. પણ મારી દૃષ્ટિએ ધર્મસ્થાનોમાં ત્રણ વાતો હોવી જોઈએ અને ત્રણ ન હોવી જોઈએ. જે હોવી જોઈએ તે આ છે:

1. ધર્મસ્થાનોમાં માનવતા જરૂર હોવી જોઈએ.
2. ધર્મસ્થાનોમાંથી એકતાનો સંદેશ નીકળવો જોઈએ.
3. ધર્મસ્થાનો પ્રજાને બળવાન બનાવનારાં હોવાં જોઈએ.

આ ત્રણ તત્ત્વો ન હોવાં જોઈએ:

1. ધર્મસ્થાનોને વ્યાપારી કેન્દ્ર ન બનાવવું જોઈએ. તે માત્ર પૈસા કમાવાની દુકાન ન થઈ જાય.
2. ધર્મસ્થાનમાં સમાનતા હોય, ઊંચ-નીચના ભેદ ન હોય.
3. ધર્મસ્થાનમાં ગંદકી ન હોય, સ્વચ્છતા હોય.

અમે બધાં ભવ્ય જિનાલયને વંદન કરીને નીકળ્યાં. હવે સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. પાછાં ઉતારે આવ્યાં અને જમીને સૂઈ ગયાં.

# 7
# બાંધવગઢ

આજે તા. 30-4-2011 છે. ચા-પાણી-નાસ્તો કરીને બધાં બસમાં ગોઠવાયાં. M. P. ટૂરિઝમ પ્રતિદિન સરસ ચા-નાસ્તો કરાવે છે. આપણે જે કહીએ તે કરી આપે છે. કશી ના જ નહિ. હવે અમારે બાંધવગઢ જોવા જવાનું છે. બાંધવગઢ વનમાં સફેદ વાઘ રહે છે. જે વિશ્વપ્રસિદ્ધ છે. તેને જોવાનો પણ લહાવો હોય છે. જે દુર્લભ હોય તેનાં દર્શન હોય, સિંહ-વાઘનાં દર્શન હોય. હરણા-સસલાંનાં દર્શન ન હોય.

અમારી બસ ચાલી રહી છે. બે પગપાળા સાધુઓને જોઈને બસ ઊભી રહી. ડ્રાઇવરે બન્નેને બસ ઉપર મારી પાસે આવવા જણાવ્યું પણ તેઓ આવતા ન હતા. ડરતા હતા. પછી માંડ-માંડ સમજાવીને ઉપર બોલાવ્યા. બન્નેને 20-20 રૂપિયા, બદામ અને મીઠાઈ વગેરે આપ્યાં. પછી ખબર પડી કે આ ક્ષેત્ર ડાકુઓનું છે તેથી અજાણ્યા લોકોથી લોકો ડરે છે. કદાચ આવા જ કારણસર શ્રીરામે વનવાસ વેઠ્યો હશે. લોકોના પ્રશ્ન ઉકેલાય તે તપ કહેવાય. તેમણે ડાકુઓના પ્રશ્નો ઉકેલ્યા હશે.

ચાલુ બસમાં બધા પ્રવાસીઓ પોતપોતાના અનુભવો માઇક દ્વારા વ્યક્ત કરી રહ્યા છે. તિરુપતિ-વેવાઈ વગેરેએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા. અમે વનમાં પ્રવેશ કર્યો છે. બન્ને તરફ વાંસનાં ગાઢ જંગલો છે. વચ્ચે-વચ્ચે જ્યાં થોડી ખુલ્લી ભૂમિ આવે છે ત્યાં હરણાં ચરતાં હોય છે. હરણાં સતત વાઘના ભય નીચે જ જીવન જીવતાં હોય છે. હરણાંના સાચા મિત્રો વાનરો તથા પક્ષીઓ છે. જરાક વાઘનો અણસાર આવે કે વૃક્ષ ઉપરથી તરત જ વાનરો અને પક્ષીઓ ખાસ પ્રકારનો અવાજ કરવા લાગે જેથી હરણાં વગેરે સાવધાન થઈ જાય. પણ અંતે તો આ હરણાંને શિકાર થઈને જ મરવાનું છે. તેઓ વૃદ્ધ થઈને કુદરતી મોતે મરવાનાં નથી. પ્રજામાં પણ જે હરણાં-પ્રજા હોય છે તે વાઘ જેવા માથાભારે લોકો કે માથાભારે પ્રજાથી ડરતાં-ફફડતાં જીવન જીવતી હોય છે. ભારતમાં મોટા ભાગના ધર્મો પ્રજાને હરણાં જેવી બનાવે છે. સિંહ જેવી પ્રજા બનાવનારો એક જ ધર્મ છે અને તે છે શીખ ધર્મ.

પહેલાં આ રીવા સ્ટેટ હતું. રીવાના મહારાજ શિકારના શોખીન હતા. શિકાર પણ શોખ હોય છે. શોખ જ્યારે દુઃખદાયી થઈ જાય ત્યારે તેને વ્યસન કહેવાય. જેના વિના રહી ન શકાય તે વ્યસન કહેવાય. મહારાજા અવારનવાર અહીં શિકાર કરવા આવતા અને વાઘનો શિકાર કરતા. તેમણે 111 વાઘોનો શિકાર કર્યો હતો. 1947માં રીવા સ્ટેટ ભારતમાં ભળ્યું ત્યારે મહારાજાએ પોતાનો શિકાર કરવાનો હક્ક ચાલુ રહે તેવી શરત રાખી હતી. વધુપડતા શિકારથી વાઘોની સંખ્યા ઘટી ગઈ હતી.

આ બાંધવગઢ અરણ્યનું ક્ષેત્રફળ 448 વર્ગ કિ. મી. છે. જેમાં સાલ વૃક્ષો અને વાંસનું ગાઢ જંગલ છે. અહીં ખાસ પ્રકારની ખુલ્લી જીપોમાં વનદર્શન માટે લોકોને લઈ જવાય છે. ખાનગી વાહન ચાલી શકે નહિ. આ વનમાં ૫૫ વાઘો વસે છે. વાઘોની વસ્તી ઓછી હોવાનું મુખ્ય કારણ તેમની ફળદ્રુપતા કહી શકાય. વાઘણ ત્રણ વર્ષ પછી ગર્ભ ધારણ કરે છે. તેનો ગર્ભધારણકાળ 90થી 105 દિવસનો હોય છે. તેને બે કે ત્રણ બચ્ચાં થાય છે. જેમાંથી માંડ એકાદ જીવતું રહે છે. ઉંદરડી એક જ વર્ષમાં 250 બચ્ચાંની માતા-દાદી બને છે. પ્રજામાં પણ આવું જ હોય છે. જે પ્રજા ઓછાં બાળકો પેદા કરે છે તે બળવાન અને બુદ્ધિશાળી હોય છે, પણ જે ઉંદરિયા પ્રજા હોય છે તે મોટા ભાગે મજૂરિયા પ્રજા થઈ જતી હોય છે. પણ જો લોકશાહી હોય અને સમાન મતાધિકાર હોય તો આ ઉંદરિયા પ્રજા રાજ્ય કરે તો નવાઈ નહિ. પણ ઉંદરિયા પ્રજામાં મૉરલ અને પરાક્રમ નથી હોતાં. તે હિંસક નથી હોતી પણ ફૂંકી-ફૂંકીને પગનું તળિયું ખોતરી ખાવામાં કુશળ હોય છે!

શિકારના કારણે તથા ફળદ્રુપતા ઓછી હોવાના કારણે વાઘો ઘણા ઓછા થઈ ગયા છે. અમે વનમાં ફરી રહ્યા છીએ. ક્યાંય વાઘ દેખાતો નથી, હરણાં પુષ્કળ દેખાય છે. પણ લોકો હરણાં જોવા થોડાં આવે છે? લોકો તો વાઘ જોવા આવે છે. વાઘની એક ખાસિયત છે કે તે જ્યારે સૂતો હોય અને હરણાં તેને જોઈ જાય તો અવાજ નથી કરતાં. નિર્ભય થઈને ચરે છે, પણ તે જ્યારે જાગે અને ઊભો થાય

અને તેનું શરીર શિકારની સ્થિતિમાં આવી જાય, ત્યારે હરણાં સમજી જાય કે હવે આ શિકાર કરવાનો છે. શિકારની ઇચ્છા અને પ્રવૃત્તિ થતાં જ તેનું સ્વરૂપ બદલાઈ જાય છે. માણસની માફક તે અનેક ચહેરા રાખી શકતો નથી. આ દૃષ્ટિએ તે માણસ કરતાં ઓછો ખતરનાક કહેવાય. વાઘ સો-દોઢસો મીટર સુધી જ દોડી શકે છે. પછી થાકી જાય છે, તેથી તે છુપાઈને શિકાર કરે છે. તેની એક બીજી ખાસિયત એ છે કે 50-100 હરણાંમાં જેને નિશાન બનાવે તેનો જ શિકાર કરે છે. બીજું કોઈ હરણું નજીક આવી જાય તોપણ તેને તે મારતો નથી.

ચારે તરફ શાલવૃક્ષો ઊભાં છે. અંગ્રેજોએ આ વૃક્ષોમાંથી રેલવેના સલેપાટ બનાવેલા. હરણાં વર્ષમાં બે વાર પ્રસૂતિ કરે છે. અહીં જંગલમાં દયા નામની કોઈ ચીજ નથી હોતી. જ્યારે કોઈ પ્રાણી મરે છે ત્યારે તે બીજાને જીવન આપે છે. અહીં માટે કહી શકાય કે "जीवो जीवस्य जीवनम्।" જો કોઈ મરે જ નહિ તો કોઈ જીવે પણ નહિ. કદાચ આ જ નિયમ પૂરા વિશ્વમાં થોડાઘણા રૂપમાં ચાલી રહ્યો છે. અહીં "જીવો અને જીવવા દો"નો નિયમ ચાલે નહિ. જીવવું હોય તો 'મારો અને જીવો'નો નિયમ અહીં કામ કરે છે. ગીરના જંગલમાં જેમ થોડાક માલધારીઓ રહે છે, તેમ અહીં પણ થોડાક આદિવાસી ગોંડ લોકો રહે છે. તેમની વસ્તી માત્ર એક હજાર છે. બીજી જાતિ બેગા કહેવાય છે. બન્ને જુદાંજુદાં છે. ઓળખી શકાય તેવી તેમની આકૃતિ હોય છે. હવે તો તેઓ ઘણા સુધરી ગયા છે. વર્તમાન મુખ્યમંત્રી શ્રી શિવરાજસિંહે આદિવાસીઓ તરફ ખૂબ ધ્યાન આપ્યું છે, તેથી તેમનો વિકાસ થયો છે. અહીં પ્રત્યેક કન્યાને સ્કૂલે જવા સાઇકલ આપવામાં આવે છે. તેથી કન્યાશિક્ષણ સારું વધ્યું છે. શ્રી અજિત જોગી અહીંના જ વતની છે, તે પહેલાં અહીં કલેક્ટર હતા. તેઓ ખ્રિસ્તી હતા. હવે છત્તીસગઢ ગયા છે. ત્યાંના મુખ્યમંત્રી બન્યા હતા.

અમારો ગાઇડ વાઘને શોધી રહ્યો છે. માર્ગની ધૂળમાં પડેલા પંજા ઉપરથી તે નક્કી કરે છે કે વાઘ અહીં છે કે નહિ. પંજા ઉપરથી વાઘ અને વાઘણનો ભેદ આ લોકો જાણી શકે છે. જંગલી પ્રાણીઓ માટે અમુક જગ્યાએ ટૅન્કરોથી હવાડા ભરાય છે. કેટલાંક ઝરણાં પણ છે. વાઘ જ્યારે લપાતોછુપાતો શિકાર પાસે જાય છે તો પાંદડાંનો પણ અવાજ થવા દેતો નથી. આ વનમાં એક એવી વનસ્પતિ છે કે સૂર્યાસ્ત પછી તેનાં પાંદડાં કડવાં થઈ જાય છે. અને સૂર્યોદય પછી મીઠાં થઈ જાય છે. અહીં કોઈ વૃક્ષ કાપી શકાતું નથી. પોતાની મેળે પડી ગયેલું હોય તોપણ તેનું લાકડું લઈ જવાતું નથી. પડ્યુંપડ્યું ઊધઈ ખાઈ જાય છે. ગીરના માલધારીઓ જેમ સિંહની ખાનદાનીનાં વખાણ કરે છે, તેને યોગંધર કહે છે, તેમ અહીંના લોકો પણ વાઘનાં વખાણ કરે છે. વાઘ કદી માણસને મારતો નથી. કદાચ જંગલમાં સામો મળી જાય તો બાજુમાંથી ચાલ્યો જશે પણ મારશે નહિ તેવું માને છે. કોઈ-કોઈ વાર કાંઈક ખાસ કારણવશાત્ તે માણસને મારે છે. તેનો પંજો 50 કિલોગ્રામનો પ્રહાર કરે છે, જેના એક જ પ્રહારથી પ્રાણી મરી જાય છે.

આદિવાસીઓનું એક નાનું ગામ આવ્યું. બધાં માણસો શાન્તિથી બેઠાં છે. અને તેમનાં ઢોરાં ચરી રહ્યાં છે. આ લોકોને વાઘ ઘણી વાર દેખાય છે, પણ નુકસાન નથી કરતો. ઢોરાંને ખબર પડી જાય છે. ચીતળ હરણને પહેલી ખબર પડી જાય છે. અહીં ચારોળીનાં ઘણાં વૃક્ષો છે. વાંદરાઓ ચારોળી ખાય છે. અત્યારે વાંદરાઓ ચારોળી ખાઈ રહ્યા છે. વાનરો અને હરણાં વચ્ચે ઘણો મેળ છે. વૃક્ષો ઉપરથી વાનરો ફળો પાડે છે. હરણાં ખાય છે. જે વૃક્ષ ઉપર વાનરો હશે તેની નીચે હરણાં પહોંચી જશે. અને વાનરોને વાઘ-દીપડો દેખાશે કે તરત જ તે હરણાંઓને સાવધાન કરી દેશે. આ રીતે તેઓ એકબીજાનાં પૂરક બને છે. પેલા પર્વત ઉપર બાંધવગઢ દેખાય છે. જ્યાં 45 ફૂટ લાંબી ભગવાન વિષ્ણુની પ્રતિમા છે. અહીંથી નેત્રાવતી ગંગા નીકળી છે. અહીં એવી માન્યતા છે કે જે વાઘનો શિકાર કરે છે કદી સુખી થતો નથી. પરિવાર સાથે નષ્ટ થઈ જાય છે. અહીંની ગોંડ અને બેગા જાતિ પરસ્પર બેટી-વ્યવહાર નથી રાખતી.

આ જંગલમાં બાયસન નામની એક જંગલી ભેંસોની જાતિ પણ રહે છે. તે શુદ્ધ શાકાહારી છે. ખાણદાણ વિના પણ તેમનું શરીર અલમસ્ત હોય છે. અમે સાત બાયસન જોયાં. એક નર અને બીજી માદાઓ છે. બહુપત્નીત્વપ્રથા ચાલુ છે.

અમારા ભોમિયા શર્માજીએ નજરે જોયેલી વાત સંભળાવીઃ "વિદેશીઓની ત્રણ ગાડીઓ લઈને અમે અહીં જંગલમાં જોવા નીકળ્યા હતા. તેવામાં એક રીંછણ પોતાનાં બે બચ્ચાં લઈને નીકળી. બચ્ચાં નાનાં હોવાથી વારાફરતી તે તેમને પોતાની પીઠ ઉપર બેસાડતી. થોડી વાર ચાલીને એક બચ્ચાને ઉતારીને બીજાને બેસાડતી હતી. આ દૃશ્ય અમે તન્મય થઈને જોઈ રહ્યાં હતાં. પ્રાણીઓમાં માતૃવ્યવસ્થા ચાલે

છે અર્થાત્ બધાં પ્રાણીમાં બચ્ચાંઓને ઉછેરવા-રક્ષવાની જવાબદારી માતાની હોય છે. પિતા તો વીર્યદાન કરીને છૂટો થઈ જાય છે. થોડી જ વારમાં ચીતળ બોલ્યું. અમે સમજ્યા કે રીંછને જોઈને ચીતળ બોલ્યું હશે. પણ ના-ના, વાઘ આવી રહ્યો હતો. વાઘ અને રીંછણ સામસામે થઈ ગયાં. બન્નેએ ઘુરકિયાં કર્યાં અને લડી પડ્યાં. રીંછણે પોતાનાં બચ્ચાંને વૃક્ષ ઉપર ચઢી જવા ઇશારત કરી પણ બચ્ચાં સમજ્યાં નહિ. રીંછણ લોહીલુહાણ થઈ ગઈ હતી. પેલાં બચ્ચાં અમારી ગાડીઓ પાસે આવીને રડવા લાગ્યાં. રીંછ માણસના બાળક જેવું જ રડે છે. તેઓ ખૂબ રડ્યાં – જાણે કે કહેતાં હતાં કે, 'મારી માને બચાવી લો!' પણ અમે લાચાર હતાં. અંતે વાઘે રીંછણને મારી નાખી અને બચ્ચાંઓને પણ મારી નાખ્યાં, બહુ જ કરુણ દશ્ય હતું." ગોરીબહેન ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યાં. તેમણે સાંજનું ભોજન પણ ન લીધું. કોઈની હત્યા થતી જોવી તે ભારે કરુણ દશ્ય હોય છે. પણ અહીં તો કોઈ મરે છે, બીજાને જિવાડવા માટે. તેને રોકી ન શકાય. માંસાહારીઓ, કતલ થતાં પશુઓને જુએ તો ઘણા માંસાહાર છોડી દે.

અમે જંગલમાં ઘણું રખડ્યાં પણ વાઘ જોવા ન મળ્યો. અંતે હારીને - થાકીને પાછાં ફર્યાં. સૂર્યાસ્ત પહેલાં તમારે જંગલ બહાર નીકળી જવું જોઈએ તેવો નિયમ છે. કોઈ ગાડી બાકી રહી ગઈ હોય તો ચિંતા થાય અને તપાસ થાય.

પાછાં હોટલ ઉપર આવી ગયાં. બધાં ખૂબ પ્રેમથી જમ્યાં. અમારે સત્સંગ કરવા હૉલ જોઈએ છે, પણ સંચાલકે ઑફર કરી કે, "હું તમને વાઈલ્ડ લાઈફની ફિલ્મ બતાવું." બધાને વાત ગમી ગઈ. ફિલ્મ ગોઠવાઈ ગઈ. ફિલ્મની વાત કરતાં પહેલાં એક મહત્ત્વની વાત કરી દઉં. જીવસૃષ્ટિમાં મુખ્યતઃ બે પ્રકાર છેઃ 1. સમૂહમાં રહેનારાં પ્રાણીઓ અને 2. એકાકી રહેનારાં પ્રાણીઓ. સિંહ સમૂહમાં રહે છે. સમૂહમાં શિકાર કરે છે. પણ વાઘ એકાકી રહે છે. વીર્યદાન પૂરતો જ વાઘણના સંપર્કમાં આવે છે. અને તે પણ વાઘણની પહેલથી. વાઘણ અમુક પ્રકારની ગંધ છોડે છે. જેથી વાઘ દૂર-દૂરથી ખેંચાઈ આવે છે. બે-ત્રણ દિવસ સુધી સાથે-સાથે રહે છે. ખાધાપીધા વિના તે સતત 40થી 60 વાર સંભોગ કરે છે. પ્રત્યેક સંભોગ માત્ર અડધી મિનિટનો જ હોય છે. પછી જુદાં પડી જાય છે. પછીની બધી જવાબદારી વાઘણની. હવે વાઘને કાંઈ લેવાદેવા નહિ. વાઘણ પણ એકાકી રહે છે. વાઘણોનાં ટોળાં નથી હોતાં પણ બચ્ચાં સાથે હોય છે. ત્રણેક વર્ષ પછી બચ્ચાં મોટાં થઈને જુદાં થઈ જાય છે. સિંહ ને સિંહણોનું ટોળું હોય છે. 5-7-10-12-15નું ટોળું હોય છે. નર એક જ બાકી બધી માદાઓ. બચ્ચામાંથી યુવાન થયેલો સિંહ જુદો થઈ જાય છે. અથવા જુદો કરી દે છે. પણ સિંહની અને વાઘની પાછલી જિન્દગી બહુ કરુણાભરી વીતે છે. પાંચસાત વર્ષમાં સિંહ વૃદ્ધ થવા લાગે એટલે તેની સિંહણો ઉપર કબજો જમાવવા રખડતા એકાકી વાંઢા સિંહો હુમલો કરે છે. ભયંકર યુદ્ધો થાય. સિંહણો જોયા કરે. આખરે જુવાન સિંહો જીતી જાય. અને વૃદ્ધ સિંહને ભગાડી મૂકે. પછી આનાકાની કરતાં-કરતાં સિંહણો નવા સિંહોને આધીન થઈ જાય. નવા સિંહો પોતાનો વંશ ચલાવે. જૂનાં બાળકોનો – નરોનો – ત્યાગ કરી નાખે. સર્વત્ર માદાઓ ત્યાજ્ય નથી હોતી, નર ત્યાજ્ય હોય છે.

નાગ, ચિત્તો, દીપડો વગેરે સામૂહિક પ્રાણી નથી, એકલા જ ફરતા હોય છે. અને એકલા જ શિકાર કરીને ખાતા હોય છે. કૂતરા, શિયાળ, વરુ, ગાય, ભેંસ, ઘોડા-હાથી, વાનર, વગેરે સામૂહિક જીવન જીવે છે. સામૂહિક જીવન હોય ત્યાં નેતૃત્વ હોય જ, તેના વિના સામૂહિક જીવન ચાલી શકે નહિ. નેતૃત્વ કોઈ જગ્યાએ નરપ્રધાન હોય છે તો કોઈ જગ્યાએ માદાપ્રધાન હોય છે. સિંહોમાં નરપ્રધાન નેતૃત્વ હોય છે. નરને સૌથી મોટી ચિંતા માદાઓને સાચવવાની હોય છે. તે માટે ખૂનખાર યુદ્ધો કરવાં પડતાં હોય છે. માદાઓ શિકાર કરે પણ પ્રથમ જમવાનો હક્ક નરને હોય છે. પછી માદાઓ જમે. નર-માદા ક્યાંય સમાન નથી હોતાં. તેમનાં આકાર, પ્રકાર, વજન, દેખાવ, સામર્થ્ય બધું અલગ જ તરી આવે છે. આ નર છે, તેવું કહેવું ન પડે. આપોઆપ જણાઈ આવે.

માનવસૃષ્ટિમાં સામૂહિક જીવન હોય છે. કોઈ-કોઈ એકાકી જીવન જીવતાં હોય છે. તે બે રીતેઃ અનિચ્છાએ સાથી ન મળવાથી, અને ૨. ઇચ્છાપૂર્વક વિશિષ્ટ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે. જે લોકો અનિચ્છાએ એકાકી જીવન જીવે છે, તે પાછલી જિંદગીમાં બહુ દુઃખી થતાં હોય છે. ખાસ કરીને સ્ત્રીઓ વધુ દુઃખી થતી હોય છે. સ્ત્રી પુરુષમાં ભળીને પૂર્ણ થતી હોય છે. અહંકારવશ અથવા બીજાં કારણોથી ન ભળનારી સ્ત્રી જલદી વૃદ્ધ થઈ જતી હોય છે; કારણ કે તે લાગણીહીનતાનો સતત અનુભવ કર્યા કરતી હોય છે. આવી સ્ત્રી કાં તો પાછલી જિંદગીમાં નિઃશ્વાસો નાખી-નાખીને જીવતી અને મરતી હોય છે. કાં પછી અનેકોના હાથનું રમકડું બની જતી હોય છે.

સમૂહજીવનનું કેન્દ્ર લાગણીઓ છે. બધાં લાગણીઓથી બંધાયાં હોય છે. લાગણીમાં રાગ અને દ્વેષ બન્ને આવી જાય. લડે-ઝઘડે, હસે–ખેલે આનંદ કરે. બધું કરે. એકાકી વ્યક્તિ આ બધાંથી બચી જાય છે. પણ લાગણીનું ટૉનિક પ્રાપ્ત ન કરવાથી મૂંઝાયેલી અને ફિક્કી રહે. અનિચ્છાએ રહેનારો એકાકી વ્યક્તિને જોજો. તે લાગણીહીનતાનો શિકાર થઈ જાય છે. વીતરાગ એકાકી હોય, પણ ભક્તો અને ભક્તાણીઓની લાગણીઓ તેને પુષ્કળ મળતી હોય, તેથી તેમાં લાગણી હોય. પણ જો તે ટોળાંમાંથી કોઈ એકના પ્રત્યે લાગણી કરતો થઈ જાય તો અશાન્તિ થાય. દ્વેષ થાય, આવું ન થાય એટલા માટે તેણે બહુ જ સાવધાનીપૂર્વક વીતરાગનું પાત્ર ભજવતા રહેવું જોઈએ. તેમ છતાં લાગણી થઈ જ જતી હોય છે. શ્રીકૃષ્ણને અર્જુન પ્રત્યે, શ્રીરામને લક્ષ્મણ અને હનુમાન પ્રત્યે, બુદ્ધને આનંદ પ્રત્યે, મહાવીરને ગૌતમ પ્રત્યે, આમ જોશો તો મોટા-મોટા વીતરાગોને પણ કોઈ એકાદ પ્રિયપાત્ર હોય જ છે. એટલે શ્રીકૃષ્ણે કદી પણ વીતરાગપણાનો દાવો નથી કર્યો. તેમણે જીવનને ભરપૂર ભોગવ્યું છે. તેઓ ત્યાગી નથી, યોગી છે. જે લોકો વિશિષ્ટ લક્ષ્ય માટે ત્યાગી થઈને એકાકી જીવન જીવતા હોય છે ધીરે-ધીરે તેમને ચોંટનારું ટોળું ભેગું થઈ જતું હોય છે. તેમાં પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે હોય છે. મોટા ભાગના બધા તથાકથિત વીતરાગીઓ ટોળાંઓથી ઘેરાયેલા રહેતા હોય છે, કારણ કે મનુષ્ય પ્રકૃતિથી સામૂહિક જીવન જીવનારું પ્રાણી છે.

જે અનિચ્છાએ એકાકી રહે છે - રહેવું પડે છે, તે ભાગ્યે જ દીર્ઘજીવી હોય છે. લાગણીહીનતાની ભૂખ તેને મારી નાખે છે. લાગણી જ જીવન છે. લાગણીહીનતાથી જીવન ખોવાઈ જાય છે. પશ્ચિમના લોકો આ વાતને સમજી - સ્વીકારી શક્યા છે. તેથી 80 વર્ષે પણ સાથીદાર શોધી લે છે અને સાથે રહે છે. આપણે આ બધું સ્વીકારી શક્યા નથી તેથી 10 વર્ષની વિધવા કે વિધુર જીવનભર એકાકી જીવન જીવે છે. પણ પશ્ચિમમાં પ્રેમની જગ્યા સેક્સે લઈ લીધી છે. શારીરિક આવશ્યકતા જ સાથે રહેવાનો હેતુ બની ગયો છે. જેથી અનન્યતા જામતી નથી. પુરુષ કરતાં સ્ત્રીની શારીરિક અને બીજી આવશ્યકતાઓ ઘણી હોય છે. તે પુરુષને થકવી નાખે છે. પ્રેમનું બંધન ન હોવાથી તે જલદીથી થાકેલા પુરુષને છોડી દે છે. બિચારો પુરુષ! તે ફરી પાછી નવી દુનિયા શોધે છે - મળી રહે છે. આમ ને આમ સાવ થાકેલો પુરુષ સાવ એકાકી થઈ જાય છે અને સ્ત્રી પણ એકાકી થઈ જાય છે.

ભારતમાં પણ આવું થતું. પ્રત્યેક ગામની ઊંચી જ્ઞાતિઓમાં અનેક વિધવાઓ અને અનેક વિધુરો નિઃસાસા નાખી-નાખીને જીવન જીવતાં. કોઈ એકાદ અપવાદ હોય. પણ હવે પરિવર્તન આવ્યું છે. હવે કન્યાઓની ઘોર અછતે હજારો પુરુષોને પરણ્યા પહેલાં જ વિધુર બનાવી દીધા છે. દિલ્હીની દીવાલો ઉપરની જાહેરખબરો વાંચજો. લોકો છેતરાઈ રહ્યા છે. લાચારીનો ફાયદો ઠગો ઉપાડે છે. “रीस्ते ही रीस्ते” ‘रीस्ते’ એટલે લગ્ન. કન્યા મેળવો.

મૂળ વાત ઉપર આવીએ. જંગલ વચ્ચે એક મહાદેવનું મંદિર છે. તેનો પૂજારી પૂજા કરતા-કરતાં વૃદ્ધ થઈ ગયો છે. રોજ સવારે આવે છે અને સાંજે પાછો ગામ ચાલ્યો જાય છે. મંદિરની આજુબાજુ પ્રાણીઓ રહે છે. તેમને ઓળખતો થઈ જાય છે. તેમાં એક વાઘ પણ છે– મહાબળવાન, ખૂનખાર વાઘ. તેની ધાક જામી છે. બધું વન તેનાથી ધ્રૂજે છે. આ વાઘે ઘણી વાઘણોને વીર્યદાન કર્યું. તેમાંથી એક તેનો પૌત્ર હવે યુવાન થયો છે. અને વાઘ વૃદ્ધ થયો છે. યુવાન વાઘે સામ્રાજ્ય મેળવવા યુદ્ધ કર્યું. ઘણા લાંબા યુદ્ધ પછી દાદાને હરાવી દીધા. દાદા હવે વૃદ્ધ થઈ ગયા હતા. દાદાને ભગાડી મૂક્યા. સામ્રાજ્ય કબજે કરી લીધું. સમય જતાં દાદા આંધળા થયા, દાંત પડી ગયા. મૃત્યુની આશામાં ગુફામાં પડી રહે. પણ પાણી ક્યાં મળે! તેની દીકરી વાઘણ. આવીને જેમ-તેમ દોરતી-દોરતી પથ્થરોમાં અથડાતી કુટાતી વાઘને નીચે પાણી સુધી લઈ જાય છે. પાણી પિવડાવે છે. પેલા પૌત્રનો ભય તો ખરો જ. વાઘણ પાછી પેલી ગુફામાં પહોંચાડે છે. પણ આવું કેટલા દિવસ ચાલે? અંતે એક દિવસનો આ જંગલનો સમ્રાટ ભૂખ્યો ને તરસ્યો ગુફામાં મરી જાય છે. તે એકાકી હતો, પરિવાર ન હતો. પરિવારની ઓથ સૌથી મોટી ઓથ હોય છે. તે ન હતી. એકાકી નર-નારીની દશા લગભગ આવી જ થતી હોય છે. તેમાં પણ એક જમાનાના વાઘ જેવા લોકો પાછલી જિંદગીમાં આવી અસહાય કરુણ દશા ભોગવતા થઈ જાય છે. તે કરુણા જ કહેવાય. ઘણાને સાથીદાર જોઈતો હોય, પણ મળે નહિ. સાથીદાર માટે ઝૂરતો રહે. કદાચ મળે તો સ્વીકારાય નહિ. કરિયર બગડે! અહીં કૃત્રિમ કરિયર લોકોને ખોટી રીતે દુઃખી કરતું રહે છે.

ચાલો, વનમાં તો વાઘ ન જોયો, પણ ફિલ્મમાં તો જોયો! બોધપાઠ લેવા જેવી ફિલ્મ રહી. બધાં એકાકી પ્રૌઢોને એકાકીપણાના

ત્રાસમાંથી છોડાવી શકાય ખરાં! તેમની વેદનાને કોઈ સમજી શકશે?

7-6-2011

# 8
# ચિત્રકૂટ

હવે અમે ચિત્રકૂટ જઈ રહ્યાં છીએ. અત્યારે અહીં મધ્યપ્રદેશમાં ભાજપનું રાજ્ય ચાલે છે. શ્રી શિવરાજસિંહ મુખ્યમંત્રી છે. અમારા ભોમિયા શર્માજી તેમના ખૂબ પ્રશંસક છે. તેમનું કહેવું છે કે પહેલાં ચિત્રકૂટ જતાં લોકોને ભારે ભય લાગતો હતો, કારણ કે આ બધો પ્રદેશ ડાકુઓનો હતો. હવે અત્યારે જરાય ભય નથી લાગતો. હવે કોઈ ડાકુ નથી. 20-25 વર્ષ ઉપર અમે પણ આ જ રસ્તે મૅટાડૉર લઈને ચિત્રકૂટ પહોંચેલાં, પણ ત્યારે ભારે ભય લાગતો હતો. અમારી ગાડી બગડેલી અને રાત પડી ગઈ હતી. સાથે બહેનો પણ હતી. જ્યારે અનસૂયા પહોંચ્યાં ત્યારે મહન્તજીએ ચિંતા વ્યક્ત કરેલી કે તમે ભાગ્યશાળી કહેવાઓ કે હેમખેમ આવી ગયાં. હવે આજે એવું રહ્યું નથી. સૌથી મોટું સુખ રાજસુખ હોય છે. રાજા પ્રજાને રક્ષણનું સુખ આપે છે. રક્ષણ હોય તો જ બીજાં સુખ ભોગવી શકાય. અત્યારે બિહારમાં પણ આવી જ સ્થિતિ છે, અર્થાત્ પ્રજા સુરક્ષિત છે. કાયદો અને વ્યવસ્થા બરાબર હોય તો પ્રજા સુખી કહેવાય. અહીં અત્યારે અનેક યોજનાઓ લાગુ કરાઈ છે. જેમાં "લાડલી લક્ષ્મી યોજના" ચલાવવામાં આવી છે, જેમાં ઘરમાં કન્યાનો જન્મ થાય તેના નામે સરકાર તરત જ એક લાખ રૂપિયા જમા કરાવે છે. તે કન્યા જ્યારે 18 વર્ષની થાય છે ત્યારે વ્યાજ સહિત રકમ તેને મળે છે.

અત્યારે પૂરા દેશમાં કન્યાઓની અછત થઈ ગઈ છે. ગુજરાતમાં વિશેષ કરીને આવી અછત અનુભવાય છે. દિલ્હી-હરિયાણામાં તો રોજ 2-4 બળાત્કારના કેસો બને છે. જીવન કુદરતી સંતુલનના આધારે ચાલતું હોય છે. જો કુદરતી સંતુલન બગાડી નાખવામાં આવે તો જીવન અનેક પ્રશ્નો ઊભા કરતું થઈ જાય છે. શર્માજી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પણ બહુ જબરા પ્રશંસક છે. વાતવાતમાં તેઓ મોદીનાં વખાણ કરતા રહે છે. હવે અહીં મધ્યપ્રદેશમાં હિન્દુ-મુસ્લિમોનો કોઈ પ્રશ્ન નથી રહ્યો. બધા હળીમળીને સંપીને રહે છે. શહેરોમાં કોઈ-કોઈ વાર થોડો પ્રશ્ન ઊભો થાય છે, બાકી શાન્તિ.

અત્યાર સુધીમાં પહેલો એક અકસ્માત જોયો. હવે રસ્તા સારા થઈ રહ્યા છે. ચિત્રકૂટનો અડધો ભાગ મધ્યપ્રદેશમાં છે અને અડધો ભાગ ઉત્તરપ્રદેશમાં છે.

અમે ચંબલક્ષેત્ર પાર કરી રહ્યા છીએ. પહેલાં આ ડાકુઓનું ક્ષેત્ર કહેવાતું. અત્યારે પણ થોડોક પ્રભાવ તો હશે, પણ હવે સારી સરકાર હોવાથી ડાકુપ્રશ્ન ઓછો થઈ ગયો છે. નાનાં-નાનાં ગામો આવે છે. માટીનાં ઘરો છે. ક્યાંય સમૃદ્ધિ દેખાતી નથી. ઉદ્યોગો નથી. વરસાદ આધીન ખેતીમાંથી લોકો જીવન જીવે છે. ડાકુગીરીને શાન્ત કરવાનો સાચો ઉપાય રોજગાર છે. રોજગાર ઉદ્યોગોથી આવે. ઉદ્યોગો ઉદ્યોગપતિઓથી મળે અને ઉદ્યોગપતિઓ કાયદાની દૃઢ સુરક્ષા હોય ત્યાં ઉદ્યોગો સ્થાપે. ગુજરાતમાં પુષ્કળ ઉદ્યોગો આવ્યા છે – આવી રહ્યા છે. તેથી કોઈ બેકાર નથી. સૌને રોજી મળી રહે છે. ડાકુગીરીનો આ જ સાચો ઉકેલ છે.

અહીં ગામેગામ ટોલ ભરવો પડે છે. લાકડું આડું નાખીને વાહન રોકવામાં આવે છે. ટોલ આપ્યા પછી જ વાહન આગળ જઈ શકે છે. બપોરનો એક વાગ્યો છે અને અમે ચિત્રકૂટ પહોંચી ગયાં છીએ. ભોજન કરીને થોડો આરામ કરીને અમે દર્શન કરવા નીકળ્યાં છીએ. પંદર વર્ષનો એક નાનો છોકરો અમારો ગાઇડ બન્યો છે. ચિત્રકૂટમાં આ કામતગિરિ પર્વત ઉપર શ્રીરામ 11॥ વર્ષ રહ્યા હતા. છોકરો બહુ જ વિનયી-વિવેકી છે.

અમે બધાં મંદાકિની કુંડ ઉપર - કામતગિરિમાં પહોંચ્યા. અહીં ભગવાન રોજ સ્નાન કરવા આવતા હતા. તેથી અહીં સ્નાન કરવાનું માહાત્મ્ય છે. અમારામાંથી ઘણાંખરાંએ સ્નાન કર્યું, પણ ચોખ્ખાઈ બરાબર ન હોવાથી કેટલાંકે સ્નાન ન કર્યું. માંકડાં ઘણાં છે. પંડા પણ ઘણા છે. બધાને પૈસા વહેંચ્યા.

અહીંથી 14 કિ. મી. દૂર અનસૂયાધામ જઈ રહ્યાં છીએ. જ્યાં 20-25 વર્ષ પહેલાં અમે રાત્રીવાસો કર્યો હતો. અનસૂયા વિશે થોડી પૌરાણિક કથા જાણીએ.

અત્રિ નામના મહાન ઋષિ થયા. તેમને અનસૂયા નામની મહાન પતિવ્રતા પત્ની હતી. તેના પતિવ્રતની પ્રશંસા ચારે તરફ થવા લાગી. પ્રશંસા કદી ઈર્ષા વિનાની નથી હોતી. કોઈની પ્રશંસા થાય તો કોઈને ન ગમે. ઈર્ષ્યા કરે. ઈર્ષ્યામાંથી દ્વેષ પેદા થાય અને દ્વેષમાંથી દુષ્કર્મ પેદા થાય. આ પ્રશંસા છેક બ્રહ્મા-વિષ્ણુ-મહેશની પત્નીઓ સુધી પહોંચી. સ્ત્રીઓ મહાન હોય છે, પણ મહાન સ્ત્રીઓ પણ ઈર્ષ્યામુક્ત હોતી નથી. અનસૂયાની પ્રશંસા સાંભળીને ત્રણે સ્ત્રીઓ ઈર્ષામાં બળવા લાગી. સમાનધર્મીઓમાં સ્પર્ધા હોય છે. અને સ્પર્ધામાં જે આગળ નીકળી જાય તેની ઈર્ષ્યા પાછળ રહી જનારાં કરતાં હોય છે, એટલે મોટા ભાગના સંતો સ્પર્ધા વિનાનું જીવન જીવતા હોય છે. સૌથી પાછળ રહો તો કોઈ ઈર્ષ્યા ન કરે.

ત્રણે પત્નીઓ પતિવ્રતા હતી. તેમને લાગ્યું કે “અમારાથી ચઢી જાય તેવી વળી આ કોણ નીકળી?” પત્નીઓ જે કામ પોતે જાતે ન કરી શકે તે કામ પોતાના પતિ દ્વારા હઠ કરીને કરાવે, કારણ કે સ્ત્રીમાં ઈર્ષ્યાહઠ પ્રબળ હોય છે. પત્નીઓની હઠ પૂરી કરવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ, અનસૂયાજીના આશ્રમે પહોંચી ગયા. અત્રિજી હાજર ન હતા. પતિ હાજર ન હોય ત્યારે અજાણી વ્યક્તિને ગૃહપ્રવેશ આપવો નહિ તેવી મર્યાદા છે. પણ ભાવુકતા ભૂલ વિનાની નથી હોતી. અતિથિ માટે પ્રબળ ભાવુકતામાં અનસૂયાએ ત્રણેને આસન આપીને માનપૂર્વક બેસાડ્યા. રસોઈ બનાવી જમવા બોલાવ્યા, પણ ત્રણેએ હઠ કરી કે “તમે નગ્ન થઈને અમને ખોળામાં બેસાડીને જમાડો તો જ અમે જમીએ નહિ, તો જમ્યા વિના જ પાછા જઈશું.” ધર્મસંકટ થઈ ગયું. હવે શું કરવું? પતિ સિવાય પરપુરુષ આગળ નગ્ન થવાય નહિ અને ખોળામાં તો ના જ બેસાડાય. અનસૂયાએ ધ્યાન કર્યું. તેમને રસ્તો મળી ગયો. તેમણે તરત જ પોતાના સતીત્વના પ્રભાવથી ત્રણેને નાનાં ધાવણાં બાળકો બનાવી દીધાં. પછી તેમની ઇચ્છા પ્રમાણે વસ્ત્ર ઉતારીને જમાડી પારણામાં પોઢાડી દીધા.

બીજી તરફ ત્રણેની પત્નીઓ પતિની રાહ જોતી બેસી રહી. “કોઈ ન આવ્યા. શું થયું હશે?” આવી ચિંતા થવા લાગી. પ્રેમ કદી ચિંતા વિનાનો નથી હોતો. છેવટે તેમને ખબર પડી કે, “અમારા પતિઓ તો ધાવણાં બાળ થઈને પારણામાં ઝૂલી રહ્યા છે!” ત્રણે પત્નીઓ અહીં અનસૂયાજી પાસે આવી, ક્ષમા માગી અને પછી સતીએ શ્રાપમુક્ત કરી ત્રણેને વિદાય કર્યા.

આ પુરાણકથામાંથી પતિવ્રતાસ્ત્રીને સતી કહેવાઈ છે અને સતીનો કેટલો મોટો પ્રભાવ હોય છે તે બતાવ્યો છે. જે બ્રહ્મા-વિષ્ણુ-મહેશને પણ બાળકો બનાવી શકે છે તે મહાસતી અનસૂયા છે. તેનું શિયળ તે પોતે જ રક્ષે છે.

અહીં પરમાનંદ આશ્રમ છે. હવે તો ઘણો વિશાળ થઈ ગયો છે. ત્રણ માળ સુધી અનેક મૂર્તિઓ સ્થાપિત કરાઈ છે. જેટલી મૂર્તિઓ વધારે તેટલી આવક વધારે. પ્રત્યેક મૂર્તિ આગળ યાત્રાળુ કાંઈ ને કાંઈ મૂકે જ. સાંજે ઢગલો થઈ જાય. આશ્રમ ચાલે, આશ્રમની પ્રવૃત્તિઓ ચાલે. અમે ફરી-ફરીને બધે દર્શન કર્યાં. મંદાકિનીના કિનારે બેઠાં છીએ. પુષ્કળ માંકડાં છે. વેવાઈ ચણા અને કાકડી નાખે છે. નદીમાં પુષ્કળ માછલીઓ છે, તેનો ચારો પણ નાખે છે. ઘણા સાધુઓ છે. સૌને દક્ષિણા આપી. મારી પાસે પૈસા ખૂટતા નથી. દશ-દશની એક થપ્પી પૂરીય ન થાય ત્યાં બીજી આવી જાય. મારું સૂત્ર “ઈન કમિંગ અને આઉટ ગોઈંગ” ભારે કામ કરે છે. વાતાવરણ રમણીય છે.

અને આ સ્ફટિકશિલા છે. શ્રીરામ જ્યારે અહીં વનમાં રહેતા હતા ત્યારે સીતાજીને ઓછું ન લાગે તે માટે તેમને ખૂબ પ્રેમ કરતા હતા. આદર્શ પત્ની પણ પતિપ્રેમની ભૂખી હોય છે. જો તેને ભરપૂર પતિપ્રેમ મળે તો તે તૃપ્ત રહે. તૃપ્ત સ્ત્રી કદી ઉપદ્રવ ન કરે. સતત અતૃપ્ત રહેનારી સ્ત્રી ઉપદ્રવ કર્યા વિના રહે નહિ, જેનાં પરિણામ તેના પતિને જ ભોગવવાં પડે. પ્રેમ બે પ્રકારનો હોય છેઃ 1. સામગ્રી વિનાનો માત્ર વાણીનો અને 2. સામગ્રીથી ભરપૂર, વાણી ઓછી, મૌન વધારે. પ્રથમ પ્રેમ લાંબા ગાળે લુખ્ખો લાગવા માંડે. બીજો પ્રેમ હંમેશાં ભર્યો-ભર્યો લાગે. તેમાં પણ સ્ત્રી જ્યારે પરદેશમાં પરિવાર- સ્વજનો વિનાની એકાકી હોય ત્યારે તેને વધુ ને વધુ હૂંફની જરૂર પડે. સ્ત્રી સંવેદનશીલ હોય છે. તેની સંવેદનાને જાણે અને પૂરી કરે તે જ સફળ પતિ થઈ શકે. શ્રીરામ વીતરાગ નથી, પ્રેમાવતાર છે. એક દિવસ તેમણે સીતાજીને આ સ્ફટિકશિલા ઉપર બેસાડ્યાં અને પોતાના હાથે તેમના વાળ ઓળ્યા. અંબોડો બાંધી આપ્યો અને પછી પોતાના હાથે બનાવેલી પુષ્પવેલીને અંબોડામાં બાંધવા લાગ્યા. આ દૃશ્ય અલૌકિક હતું. પ્રેમ સૌથી મોટું ટૉનિક છે. એટલે જ્યારે સ્ત્રીને પ્રેમ મળે ત્યારે તે સોળે કળાએ ખીલી ઊઠે. પ્રેમથી મોટો કોઈ મેકઅપ નથી. પ્રેમ-મેકઅપ લગાવ્યો હોય તો ખોટા લપેડા કરવાની જરૂર જ ન રહે. ખોટા

લપેડા તો તે કરતા હોય છે જેમની પ્રેમભૂખ ભાંગી નથી, તેથી વાસનાભૂખ તીવ્ર થઈ ગઈ છે.

આ અલૌકિક દશ્યને ઉપરથી જતા ઇન્દ્રના પુત્ર જયંતે જોયું. તેની વાસના ભડકી ઊઠી. વાસનાપ્રધાન વ્યક્તિઓ આવાં દશ્યો જોઈ શકતી નથી. તેઓ તરત જ વિચલિત થઈ જાય છે. વિચલિત થયેલા જયન્તે, છેડતી કરવા નિર્ણય કર્યો. તેણે કાગડાનું રૂપ ધારણ કર્યું, અને સીતારામ જ્યાં સ્ફટિકશિલા ઉપર પ્રેમતરબોળ હતાં ત્યાં આવીને સીતાજીને ચાંચ મારી. પ્રેમતરબોળ યુગલોને કદી વિક્ષેપ ન કરવો જોઈએ. ધ્યાનમગ્ન યોગીને ધ્યાનભંગ કરાવવાનું જે પાપ લાગે તે જ પાપ પ્રેમતરબોળ યુગલોને પ્રેમભંગ કરવાથી લાગે. ખરેખર તો આ સજોડે ધ્યાન જ કરી રહ્યાં છે. મનની તન્મયતા એ જ ધ્યાન છે.

ચાંચ વાગવાથી સીતાજીના શરીરમાંથી લોહી વહેવા લાગ્યું. રૂપાળી પત્ની અને ખુલ્લેઆમ પ્રેમ કરનારે આવા કાગડિયા જયન્તોથી હંમેશાં સાવધાન રહેવું જોઈએ. જો સામર્થ્ય ન હોય તો રૂપાળી પત્ની પરણવી નહિ અને પરણો તો લોકદષ્ટિથી બચતા રહો. સ્વમાની પતિ માટે પત્નીનું અપમાન અસહ્ય હોય છે. શ્રીરામે ધનુષ્ય ઉપર બાણ ચઢાવ્યું. પ્રેમ કરનારો પરાક્રમી હોય તો જ પત્નીનું રક્ષણ કરી શકે. પરાક્રમ વિનાનો નમાલો પતિ તો સામે ચાલીને અર્પણ કરી દે તો નવાઈ ન પામશો.

હવે જયંત ગભરાયો. ભાગ્યો, ભાગ્યો, પણ કોઈએ શરણ ન આપ્યું. છેવટે તે રામના શરણે આવ્યો. રામે તેની એક આંખ ફોડી નાખી દંડ દીધો. ત્યારથી કાગડો એકાક્ષી થઈ ગયો. હવે કોઈ જયંત ઊંચી આંખ કરી શકતો નથી. શસ્ત્રોથી સમસ્યાનો ઉકેલ આવે છે - અનશન કરવાથી કે હડતાલ પાડવાથી ન પણ આવે. સામે સજ્જન માણસ હોય તો જ અનશન સફળ રહે. શઠો માટે તો શસ્ત્રો જ સફળ રહે.

હા, આ સ્ફટિકશિલા ઉપર જ સીતાજીએ બેસીને રામ પાસે વેણી બંધાવી હતી. જેને પ્રેરણા લેવી હોય તે લ્યો.

અહીં નાનાજી દેશમુખ શોધ સંસ્થાન બંધાવ્યું છે. અમે બહારથી જ જોયું.

**હવે સંત રણછોડદાસજીની પ્રેરણાથી બંધાયેલું વિશાળ અને ભવ્ય નેત્રચિકિત્સાલય જોઈ રહ્યા છીએ. શ્રી રણછોડદાસજીનાં દર્શન મેં કાશીમાં એક વાર કરેલાં, માંડ 45 કિલો વજન હશે. દૂબળા, પાતળા, ઠીંગણા, પણ આ માણસે ગજબનાં કાર્યો કર્યાં છે. તેમને શેઠ અરવિંદભાઈ મળ્યા. પોતાની સંપત્તિને ગરીબો અને દરિદ્રો તરફ વાળી. મિલમાલિક હોવા છતાં તેમણે તન, મન, ધનથી ગરીબોની સેવા કરી - ગુરુ એવા મળ્યા એટલે. તેમની ગુરુદીક્ષાની કથા સાંભળવા જેવી છે.**

રણછોડદાસજી સામાન્ય કુટિયા બનાવીને અહીં ચિત્રકૂટમાં રહેતા હતા. શેઠ અરવિંદભાઈને ગુરુમંત્ર લેવાની ઇચ્છા થઈ. કુટિયા ઉપર પહોંચી ગયા. મહારાજે કહ્યું કે “બેસ, દીક્ષા આપું છું.” મહારાજ કુટિયામાં ગયા અને કડછી અને સાવરણી લઈને પાછા આવ્યા. “લે આ દીક્ષા” અરવિંદભાઈ વિચારમાં પડી ગયા કે, “આ કેવી દીક્ષા?” ત્યાં તો મહારાજે સમજાવ્યું કે “જો, આ દેશ બહુ ગરીબ છે. લોકો ભૂખે મરે છે. તું ધનવાન છે. આ કડછીથી અન્ન રાંધી-રાંધીને લોકોને જમાડ, આ પ્રથમ દીક્ષા છે. અને પછી હું અન્નદાતા છું તેવું અભિમાન ન થાય એટલા માટે આ ઝાડુથી એઠવાડ જાતે વાળ. આ દીક્ષા છે.” જીવનની સાચી દિશા બતાવે તેને દીક્ષા કહેવાય. આ દેશમાં બે દીક્ષાઓ મહત્ત્વની થઈ કહેવાય. એક તો સ્વામી રામદાસે શિવાજી મહારાજને તલવારની દીક્ષા આપી, સાચી દિશા મળી ગઈ. શિવાજી ધન્ય-ધન્ય થઈ ગયા. અમર થઈ ગયા. બીજી દીક્ષા આ મહારાજ રણછોડદાસજીએ આપી. શેઠ અરવિંદભાઈ ધન્ય થઈ ગયા. જો કોઈ કંઠી બાંધી કે કાન ફૂંકાવી, ગુરુ પાસે દીક્ષા લીધી હોત તો ઘેટું બનીને ઊન કતરાવતા હોત; કાં તો બળદ બનીને ઘાણી ફેરવતા હોત. ઘેટાં-ટોળાંને કોણ સમજાવે કે વાડામાં પુરાઈ જવું તે દીક્ષા નથી! વાડામાંથી મુક્ત થઈને સાર્થક હેતુપૂર્ણ કાર્યો કરવાં તે દીક્ષા કહેવાય.

અમે વિશાળ હૉસ્પિટલ જોઈ. એક સજ્જન બધું બતાવવા સાથે-સાથે ફર્યા. સેંકડો - કદાચ હજારો દરદીઓ જુદા-જુદા વિભાગોમાં ઑપરેશનો, દવાઓ, વગેરે લઈ રહ્યાં છે. પરલોક નહિ પ્રથમ આ લોકને ઠીક કરો. આ લોક બગાડીને પરલોક સુધારવાની દીક્ષા લેનારા મૃગજળ પાછળ દોડી રહ્યા છે. પગ ઘસી-ઘસીને મરી જશો તોપણ કશું મળવાનું નથી – હા, પ્રતિષ્ઠા મળી શકે છે. હવે આ સંસ્થામાં

કમ્પ્યુટર કોર્સ પણ ચાલે છે. "સદ્ગુરુ સેવા સંસ્થાન" જોઈને અમે સૌ ધન્ય થઈ ગયાં. રણછોડદાસજીને જેટલાં વંદન કરો તેટલાં થોડાં. જો બધા સાધુ-સંતો આ માર્ગે ચાલે તો ભારત ધન્ય થઈ જાય.

બધે ફરીને હવે અમે મંદાકિનીના ઘાટે પહોંચ્યાં છીએ. નાવિકોની પડાપડી થઈ રહી છે. અંતે બે નાવોમાં બધાં ગોઠવાયા. અમે વિહાર કરવા ચાલ્યાં. રાત પડી ગઈ છે. નદીના એક કિનારે ઉત્તરપ્રદેશ છે, તો બીજા કિનારે મધ્યપ્રદેશ છે. મધ્યપ્રદેશ તરફ ઘણી બત્તીઓ તથા સારી સ્વચ્છતા અને નવા ઘાટો છે, પણ માણસો નથી. જ્યારે આ તરફ અજવાળું ઓછું છે, ગંદકીનો પાર નથી. અને માણસોની જબ્બર ભીડ છે. બન્ને તરફ લગભગ બે કિલોમીટર લાંબા પાકા ઘાટ છે. મધ્યપ્રદેશના મુખ્ય મંત્રી શિવરાજસિંહે પોતાની ભૂમિ ઉપર પુષ્કળ પૈસો ખર્ચીને લાંબા, સ્વચ્છ વિશાળ ઘાટ બનાવ્યા છે. મોદીએ પણ ગુજરાતનાં દેવસ્થાનોમાં આવું જ કર્યું છે. બન્ને તરફનાં માંકડાં પણ પોતપોતાની સીમામાં જ રહે છે. સીમા પાર કરતાં નથી. અમારો નાવિક નરેન્દ્ર મોદીનો આશિક છે. તેનું કહેવું છે કે, "જો નરેન્દ્ર મોદી અહીં આવે તો મધ્યપ્રદેશને સ્વર્ગ બનાવી દે." અમારામાંથી કોઈ બોલ્યું કે, "ધીરજ રાખો, તે સીધા દિલ્હી જવાના છે."

યુ. પી.ના ઘાટોમાં કશું નવનિર્માણ થયું નથી અને ગંદકીના તો ઢગલેઢગલા પડ્યા છે. સંત તુલસીદાસજીનું એક ભવ્ય પૂતળું મુકાયેલું છે. માન્યતા એવી છે કે અહીં તુલસીદાસજીએ ચંદન ઘસીને શ્રીરામને તિલક કરેલું.

"तुलसीदास चंदन घीसे तिलक करे रघुवीर।"

તુલસીદાસ ધન્યધન્ય થઈ ગયા. પણ તુલસીદાસજીની ભવ્ય પ્રતિમાની નીચે જ 50 ટ્રેક્ટર ભરાય તેટલી ગંદકી ભેગી થઈ છે, જેમાં પ્લાસ્ટિકની થેલીઓ ઘણી છે. યુ.પી.નાં માયાવતી બૌદ્ધ તીર્થો તરફ અઢળક ઢળ્યાં છે. હિન્દુ તીર્થોની ઉપેક્ષા થઈ રહી છે.

આરતી થઈ રહી છે. લોકો ભેગા થઈ ગયા છે. અમે પણ આરતીનાં દર્શન કર્યાં. નૌકાવિહાર પૂરો થયો.

8-6-2011

# 9
# ખજુરાહો - ઓરછા

આજે તા. 1-5-2011 છે. હવે અમે ખજુરાહો-ઓરછા તરફ જવાનાં છીએ. માંકડાંઓનો ભારે ત્રાસ છે. લોકોનાં બચકાં પડાવી લે છે, પણ હનુમાનજીનું પ્રતીક હોવાથી કોઈ કશું કરતું નથી.

જ્યારે પ્રવાસ ગોઠવાતો હતો ત્યારે મેં ખજુરાહો જવાનો વિરોધ કરેલો. અજિત-ઉમેશ વગેરેનો આગ્રહ હતો કે ખજુરાહો જરૂર જવું જોઈએ. મારા વિરોધનું કારણ એ હતું કે બહેનો સાથે હોય અને અશ્લીલ ગણાતાં શિલ્પો જોવાય અને ગાઇડ તેની સમજૂતી આપે તો સારું ન લાગે. ખજુરાહો તેનાં અશ્લીલ શિલ્પો માટે પ્રસિદ્ધ છે. અહીં પુષ્કળ વિદેશીઓ આવે છે. તેમના માટે અહીં ખાસ હવાઈ મથક બન્યું છે. કેટલી બધી હોટલો, વાહનો, ગાઇડો, દુકાનદારો ચારે તરફ રોજીઓ પ્રાપ્ત કરી રહ્યા છે.

અમારા પ્રવાસમાં ન હોવા છતાં બધાંએ M. P. ટૂરિઝમના શ્રી નીતિન કટારાને વિનંતી કરી, તેમણે સ્વીકારી લીધી. એટલે હવે અમે રસ્તામાં જ આવતા ખજુરાહોનાં દર્શન કરીને પછી આગળ વધીશું.

બસ ચાલી રહી છે. ચારે તરફ જમીન સુક્કી છે. બન્ને તરફ ગરીબાઈ છે. ક્યાંય ઉદ્યોગો નથી. અમારી સૌની જમવાની વ્યવસ્થા ટૂરિઝમ તરફથી રસ્તામાં જ કરવામાં આવી હતી. આ કેન્દ્રમાં અધ્યક્ષ નીતિન કટારાના ભાઈ છે. બહુ સજ્જન છે. ઘણા પ્રેમથી બધાંને સ્વાદિષ્ટ ભોજન જમાડ્યું. સૌ ખુશ-ખુશ થઈ ગયાં. પાછાં ચાલ્યાં. અમે બેતવા નદી પાર કરી.

અમે બધાં ખજુરાહો પહોંચ્યાં. બસ બહાર પાર્ક કરી. હું બસની પાછલી સીટોમાં જઈને સૂઈ ગયો. જોવા ન ગયો, કારણ કે મારી હાજરીથી લોકોને સંકોચ થાય. ખાસ કરીને બહેનોને.

ખજુરાહોનાં 85 મંદિરો હતાં, જેમાંથી હવે 22 મંદિરો રહી ગયાં છે. દશ-અગિયારમી શતાબ્દીમાં ચંદેલા-રાજપૂતવંશના સમયમાં આ મંદિરોનું નિર્માણ થયું મનાય છે.

એવું મનાય છે કે એક બ્રાહ્મણ પૂજારીની યુવાન કન્યા આ જંગલના સરોવરમાં સ્નાન કરવા ગઈ તો તેનું રૂપ જોઈને ચંદ્રદેવ મોહિત થઈ ગયા. તેમણે તે કન્યામાં વીર્ય સ્થાપિત કરી દીધું. તેથી પુત્ર ઉત્પન્ન થયો. તે ચંદ્રવર્મન્ કહેવાયો. ચંદેલવંશની ઉત્પત્તિ આ રીતે થઈ.

ચંદ્રવર્મન્ સમ્રાટ થયો. તેની માતાએ તેની પાસે માગણી કરી કે, "તું એવું મંદિર બનાવ કે જે સંસારભોગોની પ્રેરણા આપે". ત્યારે સંસાર ત્યાગીને, પત્ની ત્યાગીને યુવાનો ત્યાગી થઈ જતા હતા, તેથી યોદ્ધાઓની કમી થઈ ગઈ હતી. બીજી તરફ નર-નારી વચ્ચેનું સંતુલન બગડી ગયું હતું, તેથી યુવાનોને ભોગત્યાગમાંથી પાછા વાળીને ભોગને જ મોક્ષનું માધ્યમ બનાવવાની જરૂર હતી. મોક્ષ, ત્યાગથી નહિ પણ ભોગથી થાય છે તેવો સિદ્ધાન્ત પ્રચલિત થઈ રહ્યો હતો. તેથી નર-નારીનાં કામાચાર સંબંધી 84 આસનો અને બીજાં બધાંઘણાં દશ્યો આ મંદિરોની પરિક્રમામાં કંડારવામાં આવ્યાં છે. રજનીશજી વારંવાર આ ખજુરાહોનાં ઉદાહરણ પોતાના સમર્થનમાં આપતા.

કલાની દષ્ટિએ અદ્ભુત કોતરકામ થયું છે અને પ્રેરણાની દષ્ટિએ પણ ભારે કામ થયું છે. શરીર મળ-મૂત્રનો થેલો કે નરક નથી પણ તે ઉત્તમ પ્રતિકૃતિ છે. જીવન ભાગવાની વસ્તુ નથી પણ માણવાની વસ્તુ છે, સામર્થ્ય પ્રમાણે જીવનને ભરપૂર માણવું જોઈએ તેવો સંદેશ પ્રાપ્ત થાય છે. જીવનના બે છેડા છેઃ 1. અતિભોગ અને 2. અતિત્યાગ. આ બન્નેમાં જીવન નથી. જીવન તો મધ્યમાં છે. યથાયોગ્ય ત્યાગ અને યથાયોગ્ય ભોગ હોવો જોઈએ. આમ થાય તો ભોગ જ યોગ થઈ જાય.

તિરુપતિ અવારનવાર પોતાના અનુભવો સંભળાવે છે. એક વાર તે માઉન્ટ આબુ ગયા હતા, ત્યાંની સંસ્થાની બહેનોએ તેમને પકડી લીધા. અને ધ્યાન કરવા એક રૂમમાં લઈ ગયાં અને કહ્યું કે, "પ્રતિજ્ઞા કરો કે હવે આજથી તમારી પત્ની તમારી બહેન થઈ ગઈ. હવે ભોગો નહિ ભોગવવાના." તિરુપતિ ઊભા થઈ ગયા અને બહેનોને તરછોડીને ચાલી નીકળ્યા. તેમણે કહ્યું કે, "વાઈફ ઈઝ લાઈફ! મને

જીવનહત્યા કેમ કરાવો છો?" તિરુપતિ વારંવાર પોતાની પત્નીને યાદ કરે છે. અતિશય વહાલમાં "મારી સુમી", "મારી સુમી" એવું કહે છે. શર્મિષ્ઠાબહેન પ્રત્યે તેમને અઢળક માન અને પ્રેમ છે. તેઓ કહે છે કે, "આવી પત્ની કોઈ લાખમાં એકને જ મળતી હશે." પત્ની પ્રત્યેનું વહાલ જોઈને સાથેની બહેનો કદાચ ઈર્ષ્યા કરતી હશે કે, "આવો પત્નીઘેલો પતિ અમને કેમ ન મળ્યો." મેં પૂછ્યું કે, "તમે પ્રતિજ્ઞા કેમ ન કરી?" તો કહે કે "તમારાં પુસ્તકો વાંચ્યાં હતાં અને મારી ગાડીમાં તમારી કૅસેટો હંમેશાં ચાલતી હોય તે સાંભળવાથી હું ગુમરાહ ન થયો. હું ધન્ય થઈ ગયો." લોકો ધર્મના નામે અને પવિત્રતાના નામે કેવા-કેવા ગુમરાહ કરે છે! ભાઈ-બહેન કરતાં પણ પતિ-પત્નીનો સંબંધ વધારે પવિત્ર અને સ્થાયી છે. આવી ગુમરાહ કરનારી ખોટી દિશામાંથી લોકો બચી જાય તે માટે આ મંદિરો બંધાવ્યાં છે. આમ તો બીજે પણ કેટલીક જગ્યાએ આવી પ્રતિમાઓ મુકાઈ છે, પણ આટલી બધી નહિ.

એક મહત્ત્વનો પ્રશ્ન છે કે જીવનમાં મહત્ત્વ શાનું હોવું જોઈએ? આપણે ત્યાં મુખ્ય બે ધારાઓ છેઃ 1. વૈદિક ધારા અને 2. શ્રમણધારા. વૈદિક ધારામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એમ ચારેનું સંતુલન માન્ય રખાયું છે. અહીં કામ દેવ છે અને અર્થ પણ દેવ છે. અર્થનું પ્રતીક લક્ષ્મીજી અને કુબેર છે. આ બન્ને મહાશક્તિઓ છે. જો નિયંત્રણ રખાય તો જીવન ધન્ય-ધન્ય કરી દે. પણ જો નિયંત્રણ જ ન રખાય તો બરબાદ કરી દે. નિયંત્રણનું નામ જ ધર્મ છે. "આ કરાય અને આ ન કરાય" એ ધર્મવ્યવસ્થા છે. પણ એ અર્થ અને કામ હોય જ નહિ તો ધર્મ પણ ન હોય. તમારી પાસે કાર છે, પણ ગતિ નથી, ઊભી છે. હવે બ્રેકની શી જરૂર? ઊભેલી કારને બ્રેક મારી રાખો તો કેવા દેખાઓ? જ્યાં અર્થ અને કામ નથી હોતાં ત્યાં જીવન થંભી ગયું છે. હવે બ્રેકની શી આવશ્યકતા છે? જીવન જ થંભી ગયું છે. ગતિ જ નથી. ધર્મ સારા-સારીનો નિયંત્રક છે, તેથી યમરાજને ધર્મરાજ પણ કહેવાય છે. નિયંત્રણ (ધર્મ) વિનાનો અર્થ, અને નિયંત્રણ વિનાનો કામ મહાવિનાશકારી બની જાય છે, કારણ કે બન્ને ઊર્જાઓ છે. પ્રચંડશક્તિ છે. તેને ધર્મનું નિયંત્રણ હોવું જોઈએ. આ વૈદિક માર્ગ છે - ઋષિમાર્ગ છે.

શ્રમણોએ ત્યાગને જ જીવન માન્યું. ત્યાગ એટલે સુખત્યાગ. બધાં સુખો બંધન કરાવે છે, મોહ પમાડે છે. તેથી "त्यजेत् सुखमशेषतः" – બધાં સુખોનો ત્યાગ કરી દો. સુખનાં બે કેન્દ્રોઃ 1. સ્ત્રી અને 2. ધન. કાંચન-કામિનીનો ત્યાગ કરી દો. આ બન્નેના ત્યાગથી જીવન સ્થગિત થઈ જાય, કારણ કે પ્રવૃત્તિ- પ્રેરક આ બે તત્ત્વો છે. પ્રવૃત્તિ જ ન હોય તો જીવન જ ન હોય. જીવનથી દૂર રહેવું તે જ ત્યાગ અને સદંતર દૂર રહેવું તે મોક્ષ થઈ ગયો. મોક્ષમાં કશી જ પ્રવૃત્તિ નથી બસ, અનંતકાળ સુધી પડ્યા જ રહેવાનું છે, પડ્યા રહેવાનો આનંદ મેળવવાનો છે. પડ્યા રહેવાનો તે વળી આનંદ હોતો હશે? અહીં જ પડી રહીને અનુભવ કરી જુઓ ને!

ત્યાગમાર્ગ એટલો પ્રબળ બન્યો કે જ્યાં જુઓ ત્યાં સાધુઓ જ સાધુઓ, ભિક્ષુણીઓ જ ભિક્ષુણીઓ, સાધ્વીઓ જ સાધ્વીઓ દેખાવા લાગી. જીવન સ્થગિત થઈ ગયું. માત્ર આહારમાં જ જીવન અટકી જાય તો સમજવું જીવન સ્થગિત થઈ ગયું છે. ખાઓ અને જીવો. જીવો અને ખાઓ. અને તે પણ બીજાનું, પોતાનું નહિ, અને તેમાં પણ ગૌરવ અનુભવો. ગૌરવનું કેન્દ્ર ત્યાગ બન્યો, પરાક્રમ નહિ. પરાક્રમ વિનાનો ત્યાગ પરાધીનતા – ગુલામી લાવે. તે આવી ગઈ. પરાક્રમ વિનાની પ્રજા આપોઆપ નમાલી થઈ જતી હોય છે. નમાલાપણું ગુલામીનું જનક જ કહેવાય.

જીવજંતુમાત્રનો કુદરતી માર્ગ 'કામ' છે. અર્થ કાર્યનું પૂરક તત્ત્વ છે. સ્ત્રી જ્યારે પત્ની બને છે ત્યારે તે પુરુષને નવરો રહેવા દેતી નથી. તેની આવશ્યકતાઓ અનંત હોય છે. આ રીતે કામ એ અર્થવિકાસનો પણ પ્રેરક થઈ ગયો. કામત્યાગીને અર્થની બહુ જરૂર ન રહે, કારણ કે આહાર પૂરતું જીવન હોય અને આહાર શ્રમ વિના જ ગૌરવથી મળી રહેતો હોય તો પ્રવૃત્તિની જરૂર જ ક્યાં રહી? આવી સ્થિતિમાં સિકંદર, નેપોલિયન, વાસ્કો દ ગામા, કોલંબસ પેદા ન થાય. પેદા ન થવાનું પાછું ગૌરવ લેવાય. કારણ કે અર્થ અને કામ જ મારી દેવાયા છે.

ચંદેલા રાજાઓએ ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એમ ચારેનું સંતુલન કરવા, જીવનમાં ચારેને સ્થાન આપવા આ મંદિરો બંધાવ્યાં હશે. જેથી પ્રજા આદર્શના નામે એકાંગી ન થઈ જાય. જ્યારે-જ્યારે પ્રજા એકાંગી બની જાય છે, ત્યારે-ત્યારે પ્રજા દુર્બળ બની છે અને દેશનો

નાશ થયો છે.

જે પ્રવાસીઓ ખજુરાહો જોવા ગયાં હતાં તે બધાં આવી ગયાં. શ્રી લાભુભાઈ ચિત્રોનું આલ્બમ લઈ આવ્યા. મને જોવા આપ્યું, પણ મેં ન લીધું. ઉમેશે જય બોલાવી અને બસ ચાલતી થઈ ગઈ. આ વધારાનું સ્થળ અમે જોયું હતું. કશા જ ચાર્જ વિના. M. P. ટૂરિઝમની ઉદારતા જ કહેવાય. અમે ઓરછા જઈ રહ્યાં છીએ. બેતવા નદી પાર કરી. આને વેત્રવતી કહેવાય છે. જળભરેલી વિશાળ નદી છે. આ જુઓ ચંદ્રશેખર આઝાદની પ્રતિમા છે. આ સ્થળને આઝાદપુર કહેવાય છે. ચંદ્રશેખર અહીં રહેતા હતા. આઝાદીની સશસ્ત્ર લડાઈમાં આઝાદનું મહત્ત્વ અનન્ય છે. આ રાજાઓની સમાધિ-છત્રીઓ છે. ઓરછાનું પ્રવેશદ્વાર બહુ સાંકડું છે. અમે ઓરછા પહોંચી ગયાં છીએ. બેતવા સ્ટ્રીટમાં ઊતરીને હવે દર્શનીય સ્થળો જોવા જઈ રહ્યાં છીએ. સાંજના સાડાછ વાગ્યા છે. બહુ ઝડપથી સૂર્યાસ્ત થઈ રહ્યો છે. સૂર્યોદય થતાં પહેલાં અરુણોદય થાય. પછી, પ્રભાત થાય. સમય લાગે, પણ સૂર્યાસ્ત થતાં વાર ન લાગે. જોતજોતામાં સૂર્ય અસ્ત થઈ જાય. માનવજીવનમાં પણ આવું જ થાય.

મને વ્હીલચેરમાં બેસાડીને શક્તિસિંહ ધકેલી રહ્યા છે. અમે ચતુર્ભુજ મંદિર પહોંચી ગયાં છીએ. એક વિશાળ ચબૂતરા ઉપર ઊંચી સીડીઓ ચઢીને ઉપર જવાય છે. આ મંદિર ભગવાન રામ માટે બનાવાયું હતું. પણ પછી રામ તો મહેલમાં જ બેસી ગયા, એટલે આ સૂનું રહી ગયું છે. એવું કહેવાય છે કે મહારાજા મધુકર શાહને સ્વપ્નામાં ભગવાન રામ આવ્યા અને રાજા અયોધ્યાથી રામની પ્રતિમા અહીં ઓરછા લાવ્યા હતા. મંદિરનું નિર્માણ પૂરું થયું ત્યાં સુધી પ્રતિમાને મહેલમાં જ રાખી પણ પછી પ્રતિષ્ઠાના દિવસે મૂર્તિ ચલિત ન થઈ તેથી રાજાએ મહેલને જ મંદિર બનાવી દીધું; આ મંદિર માત્ર પ્રતીકરૂપ રહી ગયું. બન્ને મંદિરોનાં દર્શન કર્યાં. મંદિરો ન હોય તો તીર્થોમાં જઈને કરવું શું? મંદિરની નજીકમાં બહુ મોટો વિશાળ ચોક છે. ચોકમાં લગભગ 200-500 ભિખારીઓ પથારી નાખીને પડ્યા છે. આટલા બધા ભિખારીઓ બીજે ભાગ્યે જ જોવા મળે. મને ભિખારીઓ પ્રત્યે ઘૃણા નથી, દયા છે. તેમને જોઈને હું ઈશ્વરનો આભાર માનું છું કે, "સારું થયું કે તેં મને આમની વચ્ચે ન બેસાડ્યો. મારે ક્યાં બેસવું એ મારું નક્કી કરેલું ન હતું. પેલાએ જ નક્કી કર્યું હશે." મેં ફરી-ફરીને સૌને દશ-દશ રૂપિયા આપ્યા. બહુ આનંદ આવ્યો.

ભારતમાં સૌથી મોટી રોજી આવાં ધર્મસ્થાનો પૂરી પાડે છે. લગભગ બે કરોડ લોકો આ મંદિરો-મસ્જિદો - ધર્મસ્થાનોના આધારે જીવન જીવી રહ્યા છે, તે પણ કોઈ સબસિડી વિના. આમાં દૂષણો હશે જ. પણ દૂષણો ક્યાં નથી? આ લોકો મફતનું ખાતા હશે, પણ હરામનું નથી ખાતા, રાજીખુશીથી મળેલું ખાય છે અને પેલા હરામખોરો હરામનું ખાય છે. જેઓ દેશને અને પ્રજાને ચૂસી રહ્યા છે. તેઓ ભીખ તો નથી માગતા પણ લાંચ માગે છે - ના-ના પડાવે છે. તેમના કરતાં તો આ બિચારા સારા છે. માણસ જ્યારે કશા કામનો ન રહે ત્યારે લાચાર થઈને ભિક્ષુક થાય. કોઈને ભિક્ષુક થવાનો શોખ ન હોય. લોકોની લાચારીને દયાની દૃષ્ટિથી જોવી જોઈએ, ઘૃણાથી નહિ. જે રાષ્ટ્રો વેલફેર સ્ટેટ છે, ત્યાં ભિખારીઓ નથી હોતા; કારણ કે સરકાર તેમની જવાબદારી ઉપાડી લે છે. આપણે હજી વેલફેર સ્ટેટ થયા નથી, તેથી આ ભિખારીઓનો પ્રશ્ન ધર્મસ્થાનો જ ઉકેલે છે. આ ભિખારીઓમાં પણ કોઈ-કોઈ રત્ન હોય છે, ઓળખતાં આવડવું જોઈએ.

આ બુંદેલખંડ કહેવાય છે. બુંદેલા ક્ષત્રિયોની ભૂમિ છે. બુંદેલા લોકોને પોતાની જાતિનું ગૌરવ છે. રાણી લક્ષ્મીબાઈ આ બુંદેલાઓની રાણી હતી. અહીં ખાસ મૂર્તિઓને તોડવામાં નથી આવી. મોગલો સાથે રાજાઓ મૈત્રી રાખતા હતા. તેથી તો જહાંગીર મહેલ બનાવ્યો છે.

અમે રામરાજા મંદિર જોઈ રહ્યા છીએ. ઘણી ભીડ છે. બધાં દ્વાર ઊઘડવાની પ્રતીક્ષામાં બેઠાં છે. મંદિરના ચોકીદારને મેં 20 રૂપિયા આપ્યા તો તેણે તરત જ દાનપેટીમાં પધરાવી દીધા. આ લંગડો ચોકીદાર અનાથ અવસ્થામાં આ મંદિરમાં જ ઊછરીને મોટો થયો છે. હવે તે ચોકીદારી કરે છે. તેની નિર્લોભતા જોઈને મને આનંદ થયો. બાકી સામાન્ય રીતે લોકો મંદિરની પેટીમાંથી પૈસા ચોરતા હોય છે! લાંબો સમય પ્રતીક્ષા કરીને અંતે દ્વાર ખૂલ્યાં. અમે સૌએ દર્શન કર્યાં. અને પાછાં હોટલ ઉપર આવી ગયાં. આજે પાકિસ્તાનમાં અમેરિકાએ અંદર ઘૂસીને ઓસામાબીન લાદેનને ઠાર માર્યો છે. ટી. વી. ઉપર તે જ સમાચાર છવાઈ ગયા છે. કૉંગ્રેસના નેતા દિગ્વિજયસિંહને તે ગમ્યું નથી લાગતું, તેથી તેઓ તેને "લાદેનજી" એમ માન આપીને બોલાવે છે.

આજે તા. 3-5-2011 છે. રાત્રિરોકાણ ઓરછામાં કર્યું. ગઈ કાલે ઓસામાનો વધ થઈ ગયો હોવાથી આજે ચારે તરફ એ જ સમાચાર છવાયેલા છે. ખરો શાસક એ કહેવાય જે મિત્રોને આબાદ કરી દે અને દુશ્મનોને બરબાદ કરી દે. જે આવું ન કરી શકે તે શાસક થવાની યોગ્યતા વિનાનો છે. ઓસામા અમેરિકાની પાછળ પડી ગયો હતો. પછી અમેરિકા તેની પાછળ પડી ગયું. અંતે ગુપ્ત આયોજન કરીને તેના ઘરમાં ઘૂસીને તેને ઠાર કરી દીધો અને તેનું મડદું સમુદ્રમાં પધરાવી દીધું!

સવાર થયું છે અને હવે અમે બધાં ફરી પાછાં ઓરછા જોવા નીકળ્યાં છીએ. આ રાય પ્રવીણા મહેલ છે. રાય પ્રવીણા નર્તકી હતી. રાજા ઇન્દ્રમણિની તે પ્રેમિકા, નર્તકી અને ગાયિકા હતી. અકબરને ગમી ગઈ તેથી તેને દિલ્હી મોકલી દીધી. પણ પ્રવીણા નર્તકી હોવા છતાં રાજાની પ્રેમિકા હતી, તેથી ગમે તેમ કરીને અકબરને મનાવીને પ્રસન્ન કરીને તે પાછી ઓરછા મહારાજા પાસે આવી ગઈ હતી. મહારાજાએ તેના માટે આ મહેલ બંધાવ્યો હતો, જેને રાય પ્રવીણા મહેલ કહેવાય છે. નર્તકીને અકબરનું વિશાળ ઐશ્વર્ય ન ગમ્યું. તેને ઓરછાની ભૂમિ ખેંચી લાવી. પ્રેમ, ઐશ્વર્યભૂખ્યો નથી હોતો. પ્રેમને તો માત્ર ને માત્ર સ્વજનભૂખ જ હોય છે.

અને આ જહાંગીર મહેલ છે. જહાંગીરના ઉતારા માટે મહારાજાએ બંધાવેલો. તેથી જહાંગીર મહેલ કહેવાય છે. જે હજી અડીખમ ઊભો છે.

આવાં અનેક મંદિરો અને મહેલોથી ભરપૂર ઓરછાનગર જોવા જેવું લાગ્યું. અહીં શહીદ સ્મારક – આઝાદ ચંદ્રશેખરનું સ્મારક પણ છે. ચંદ્રશેખર 1926થી 1927 સુધી અહીં અજ્ઞાતવાસમાં રહ્યા હતા. સરકારે તેમનું સ્મારક બનાવ્યું છે. અમે પણ અમારા મંદિરમાં ચંદ્રશેખરનું પૂતળું મૂક્યું છે.

9-6-11

# 10
# ઝાંસી અને રાણી લક્ષ્મીબાઈ

ઓરછા જોઈને હવે અમે યુ. પી.માં ઝાંસી જઈ રહ્યાં છીએ. ઓરછા મધ્યપ્રદેશમાં છે અને ઝાંસી યુ. પી.માં છે. અમે ઝાંસીનગરમાં પ્રવેશ કર્યો. ઝાંસી હોય અને રાણી લક્ષ્મીબાઈનું પૂતળું ન હોય તેવું બને નહિ.

આખું નગર પાર કરીને અમે કિલ્લા ઉપર પહોંચ્યાં. આ તોપ આઠ ધાતુઓથી બનાવેલી છે. અને તેને સેનાપતિ ગુલામ ગોસખાન ચલાવતા હતા. એનો અવાજ વીજળી જેવો થતો હતો, તેથી તો તેનું નામ ‘કડક બીજલી’ રાખ્યું હતું. અહીંથી ઓરછાનું રામરાજા મંદિર પણ દેખાય છે. આ લૉર્ડ કર્ઝન પગેથી ચાલનારું મશીનગન લાવ્યા હતા તે છે. આ સમાધિઓ ગુલામ ગોસ, ખુદાબક્ષ અને મોતીબાઈની છે. શિવાજી મહારાજ જેમ પન્હાળાના કિલ્લાથી ભાગ્યા હતા, તેમ રાણી અહીં આ જગ્યાએથી ગ્વાલિયર તરફ ભાગી હતી. રાણીની સમાધિ અહીં નહિ, ગ્વાલિયરની પાસે છે. આ પંચમહેલ છે. આ રાજા ગંગાધરનો દરબાર મહેલ છે. પેલું દૂર મેજર ધ્યાનચંદનું સ્મારક દેખાય છે. ધ્યાનચંદ હોકીનો મહાન ખેલાડી હતો ને તે ઝાંસીનો હતો. તેથી તેની સ્મૃતિમાં આ પ્રતિમા બનાવાઈ છે. મહાકવિ મૈથિલિશરણ ગુપ્ત પણ અહીંના જ હતા. ઝાંસીએ ઘણા મહાપુરુષો આપ્યા છે.

પેલાં દૂર-દૂર મકાનો દેખાય છે ત્યાં પહેલાં કશું ન હતું. અંગ્રેજ સેનાએ ત્યાં જ મોરચો બનાવ્યો હતો. અંગ્રેજ સેનાપતિ સર હ્યુમ રોઝ હતો. જે 1857ના વિદ્રોહને દબાવવા યુરોપથી સીધો આવ્યો હતો. ગરમીના દિવસો હોવાથી તેને બહુ ગરમી લાગતી હતી તેથી તે વારંવાર રણમેદાનમાં પોતાના ઉપર પાણી ઢોળાવતો હતો. આવી પરિસ્થિતિમાં પણ તે કર્તવ્યથી ભાગ્યો ન હતો! આ શિવમંદિર છે. રાણી અહીં પૂજા કરવા આવતી. આ ફાંસીનો તખ્તો છે. અહીં અપરાધીને ફાંસી આપવામાં આવતી. રાણી લક્ષ્મીબાઈએ ફાંસી બંધ કરાવી દીધી હતી. આ જેલ છે. આ કાળકોટડી કહેવાય છે. આ ગણેશમંદિર છે. રાજા ગંગાધરરાવ 40 વર્ષની ઉમ્મરે બીજી વાર તેર વર્ષની લક્ષ્મીબાઈ સાથે અહીં પરણ્યા હતા. દુલ્હાજીરાવ ગદ્દાર નીકળ્યો. તેણે દરવાજો ખોલી નાખ્યો. અંગ્રેજસેના અંદર આવી ગઈ. અંતે દુલ્હાજીરાવને અંગ્રેજોએ જ તોપના મોઢે બાંધીને મારી નાખ્યો હતો. આ ગજરાબાઈનો મકબરો છે. ગજરાબાઈ રાજાની રખાત નર્તકી હતી. કિલ્લો જોઈને અમે પાછા ફર્યા. મહારાણી લક્ષ્મીબાઈ વિશે વધુ માહિતી મળે તે માટે આ સાથે ‘શહીદોની ક્રાન્તિગાથા’ પુસ્તકમાં મારું જ લખેલું સંક્ષિપ્ત જીવનચરિત્ર અહીં આપું છું. જે ઉપયોગી થશે.

જે વ્યક્તિ કે પૂરી પ્રજા એકમાત્ર શાંતિને લક્ષ્ય બનાવીને જીવન જીવતી હોય છે તે સંઘર્ષ કરી શકતી નથી, કારણ કે સંઘર્ષથી અશાંતિ થતી હોય છે. અશાંતિ વિનાનો સંઘર્ષ હોતો જ નથી, તેથી તે શાંતિચાહક પ્રજા સંઘર્ષથી દૂર ભાગે છે.

સંઘર્ષ બે પ્રકારના હોય છેઃ 1. અન્યાય, અત્યાચારની સામે ન્યાય અને સદાચારની સ્થાપના માટેનો અને 2. પોતાના સ્વાર્થ માટે અન્યાય - અત્યાચાર કરવાનો. દુષ્ટો, રાક્ષસો, ગુંડાઓ પણ સંઘર્ષો કરતા જ હોય છે, પણ તે માત્ર પોતાના સ્વાર્થ માટે. આવા સંઘર્ષોનું સમર્થન કરવાનું ન હોય, પણ પ્રથમ કક્ષાના સંઘર્ષો ન કરવાથી અન્યાયી અને અત્યાચારી રાક્ષસોને મોકળું મેદાન મળી જતું હોય છે. તેમને તો સંઘર્ષ ન કરનારી શાંતિપ્રિય પ્રજા જ ગમતી હોય છે. એક રીતે આવી પ્રજા અત્યાચારીઓનો વધારો કરવાનું તથા તેમને સ્થાયી કરવાનું જ કામ કરતી હોય છે.

અનેક વાર કહેવાયું છે કે સાચી શાંતિ તો જીવનના પ્રશ્નોને ઉકેલવાથી જ મળતી હોય છે. પ્રશ્નોની ઉપર ધૂળ નાખીને તેમને દબાવીને શાંતિ ન મળી શકે. જે લોકો જીવન્ત પ્રશ્નોથી લોકોને ભગાડીને શાંતિ મેળવવા શાંતિશિબિરો વગેરેનું આયોજન કરે છે અને જેમાં સેંકડો-હજારો લોકો યોગ કે જુદાજુદા પ્રકારના ધ્યાનનો અભ્યાસ કરતા હોય છે તે એક પ્રકારથી લોકોને નમાલા બનાવવાનું કામ કરતા હોય છે. એને નમાલા ફૅક્ટરી પણ કહી શકાય, કારણ કે વ્યક્તિ કે પ્રજામાંથી સંઘર્ષ કરવાની ઇચ્છાશક્તિ હણી દેવામાં આવે તો પછી તેમાં અને પેલા તૃતીયલિંગી વ્યક્તિમાં બહુ ફરક રહેતો નથી. સંઘર્ષથી અશાંતિ થાય છે તે વાત સાચી છે, પણ સંઘર્ષ ન કરવાથી, પલાયન થઈ

જવાથી આતતાયીઓને આનંદ થાય છે તેનું શું? પછી તો આતતાયીઓને અત્યાચાર કરવાનો છૂટો દોર મળી જતો હોય છે.

જ્યારે પણ જે કોઈ પ્રજા ઉપર ભારે અત્યાચાર થયા છે ત્યારે તે પ્રજાનો પણ તેમાં દોષ હોય છે. તે સંઘર્ષ કરતી નથી. મૂંગામોઢે બધું સહન કરતી રહે છે. જો તે સામનો કરે, ઝઝૂમે તો અત્યાચારીનો ઉમળકો ઓછો થઈ જાય. અત્યાચારી પણ ભયભીત થતો હોય છે. પ્રજાને જે ધાર્મિક કે બીજું સામૂહિક ચિંતન મળ્યું હોય છે તે પ્રજાના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે. મોટા ભાગે વીરતા વિનાની અહિંસક પ્રજાને હિંસક પ્રજાનો સામનો કે સપાટો બોલાવવાનું ચિંતન અપાયું નથી હોતું. તેથી તે ઘેટાં-બકરાં-સસલાં-હરણાં જેવી, હિંસક પ્રાણીઓનો શિકાર થઈને ખોરાક થતી રહે છે. આ બધાં અહિંસક પ્રાણીઓની રક્ષા માટેનો એક જ રસ્તો હોય છે. “ભાગી છૂટો!” ભાગો અને જીવો. અરે, જીવવા માટે ભાગતા રહો. આવાં અહિંસક પ્રાણીઓ હિંસક પ્રાણીઓના શિકાર થઈને તેમનો ખોરાક બનતાં રહે છે. પ્રજાઓમાં પણ આ જ નિયમ કામ કરે છે. તમે નિર્દોષ અને નિષ્પાપ છો તે વાત સાચી, પણ તમે અત્યાચારનો સામનો કરવાનો સંઘર્ષ નથી કરી શકતા તે પણ સાચી વાત છે. તેમાં સૌથી મહત્ત્વનું કારણ તમને અપાયેલું ચિંતન છે. તમારે શાંતિ જોઈએ છે. શાંતિ માટે તમે ઇચ્છાહીન થવા માટે અનેક પ્રકારનાં ધ્યાન કરવા બેસો છો. તમને કદાચ થોડો સમય શાંતિ મળતી પણ હશે, પણ તમને ખબર નથી હોતી કે તમારામાંથી સંઘર્ષ કરવાની મર્દાનગી ચાલી ગઈ છે. મર્દાનગીના ભોગે મળેલી શાંતિ અત્યાચારીઓને જ લાભ પહોંચાડે છે. તે બિંદાસ્ત થઈને લોકો ઉપર અત્યાચાર કરી શકે છે. તેનાં પરાક્રમોથી તે અત્યાચાર નથી કરતો પણ મર્દાનગી ખોઈ બેઠેલા આ શાંતિચાહક બહુચરમાતાના ભક્તોની મજબૂર સહનશક્તિથી તેઓ અત્યાચાર કરે છે. મર્દાનગી વિનાની શાંતિ અત્યાચારીઓને અત્યાચાર કરવાનું આમંત્રણ આપે છે.

હવે જરા બીજી રીતે વિચારીએ. રામકૃષ્ણ, શિવાજી કે પ્રતાપ જેવી વિભૂતિઓને જુઓ, તેઓ આંખ બંધ કરીને ધ્યાનમાં બેઠા છે? આંખ બંધ કરવાથી બાહ્ય દશ્યો તો દેખાતાં બંધ થઈ જાય છે, પણ તેથી પ્રજાજીવનના મહત્ત્વના પ્રશ્નો ઉકેલાતા નથી. અરે, પોતાના જ પ્રશ્નો ઉકેલાતા નથી. મોટા ભાગે આવા લોકો પરાવલંબી- પરોપજીવી જીવન જીવતા થઈ જતા હોય છે. કોઈ ખેડૂત અશાંતિ ભોગવીને અનાજ પકવે છે. કોઈ સ્ત્રી અશાંતિ ભોગવીને એ અનાજને દળીને તેમાંથી રોટલો બનાવે છે. કોઈ કઠિયારો વન-વનમાં રખડીને વ્યાઘ્રાદિથી ડરીને અશાંતિ ભોગવીને લાકડાં લાવે છે. આવી જ રીતે કોઈ અશાંતિ ભોગવીને દૂરના કૂવામાંથી પાણી લાવે છે. કેટકેટલા લોકો અશાંતિ ભોગવે છે ત્યારે એક શાંતિચાહકનું જીવન ચાલતું હોય છે. ખબર નહિ કે અશાંતિ ભોગવનારા મહાન કે પછી નિષ્ક્રિય રહીને શાંતિ ભોગવનારા મહાન? આ તો માત્ર પોતાની જીવનજરૂરિયાતોની જ વાતો થઈ. પણ જે લોકો અન્યાય-અત્યાચારોની સામે બાથ ભીડીને જીવનભર ઝઝૂમે છે તેમને ક્યાં શાંતિ હોય છે? આવા મહાપુરુષોનાં જીવનચરિત્રો વાંચજો. કોને શાંતિ હતી? તેમની અશાંતિ જ તેમની સાધના બની હતી. શું શિવાજી મહારાજને શાંતિ હતી? શું રાણા પ્રતાપને શાંતિ હતી? જરા વિચાર કરો કે આ લોકો શાંતિના માર્ગે વળી ગયા હોત અને દીક્ષા લઈને હિમાલય તરફ ચાલ્યા ગયા હોત તો પ્રજાનું અને ધર્મનું શું થાત?

જેની પત્નીનું હરણ થઈ ગયું છે તે પતિને શાંતિ હોય? કદાચ હોય તો પછી પત્નીઓની સલામતી રહે ખરી? શાંતિ તો તે દિવસે થઈ હતી જ્યારે પત્નીહરણ કરનારનાં માથાં ધૂળચાટતાં કરી દેવાયાં હતાં અને ગૌરવપૂર્વક પત્નીને પાછું પૂર્વસ્થાન અપાયું હતું.

જરા વિચાર કરો કે ભરીસભામાં પતિઓની હાજરીમાં કોઈ સન્નારીને નિર્વસ્ત્ર કરવામાં આવતી હોય તેવા પતિઓને શાંતિ હોય? ભલે ને ગમે તેવી ધ્યાન-ધારણા-સમાધિ કરવા નાક પકડીને બેસી જાય, રોતીકકળતી-વલવલતી પત્ની દુષ્ટોના હાથમાંથી છૂટવા માટે તરફડિયાં મારતી હોય તો તેને તેના પતિઓને શાંતિ હોય ખરી? માનો કે આ સમયે પેલો પતિ કોઈ પ્રકારનું ધ્યાન કરવા બેસી જાય તો પેલા અત્યાચારીને તો ફાયદો જ થાય. બિંદાસ્ત થઈને તે પેલી સ્ત્રીને નિર્વસ્ત્ર કરે અને ન કરવાનું પણ કરે. કેમ કે સંઘર્ષશક્તિ જ હરાઈ ગઈ છે. સંઘર્ષ વિનાની શાંતિએ દાટ વાળ્યો છે. ભારતની ગુલામીમાં અને હિન્દુ પ્રજાને દુર્બળ બનાવવામાં આ સંઘર્ષ વિનાની શાંતિએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જેનું જે થવું હોય તે થાય પણ મને શાંતિથી રહેવા દો, કારણ કે હું અધ્યાત્મમાર્ગી છું, આત્મવાદી છું, બહુ ઊંચી ભૂમિકામાં જીવન જીવું છું!! આ લોકોના આવા બધા પ્રશ્નો મારે માટે તુચ્છ છે. બહુ નીચી ભૂમિકામાં આવા પ્રશ્નો હોય છે. ઊંચી ભૂમિકામાં તો બધું શાંત થઈ જતું હોય છે. હું એવી ઉચ્ચ ભૂમિકાએ પહોંચી ગયો છું. તમે પણ પહોંચો. આવો, દીક્ષા લો, હું તમને પણ

એવી ઊંચી ભૂમિકાએ પહોંચાડી દઉં. જુઓ મારી સાથે વિચરણ કરનારાં આ શિષ્યોનાં ટોળાં જુઓ, તેઓ બધાં મારા પગલે-પગલે ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરવાનાં છે. શાંતિ! પરમ શાંતિ! આ થઈ ભારત અને હિન્દુ પ્રજાના દુર્ભાગ્યની વાત. પેલા અત્યાચારીઓને તો મજા જ પડી ગઈ. વાહ અધ્યાત્મ! વાહ શાંતિ! વાહ પલાયનવાદ! વાહ સંઘર્ષવિમુખતા!

આપણે આ રસ્તે નથી ચાલવાનું. આપણે તો એવા માર્ગે ચાલવું છે જ્યાં અન્યાય અને અત્યાચાર સામે સંઘર્ષ કરવાની પ્રેરણા મળે. ભાગીને શાંતિ નથી મેળવવી. ઝઝૂમીને અશાંતિ મળતી હોય તોપણ તેવી અશાંતિને જીવનસાધના માનવાની છે. આ બધા ક્રાન્તિકારીઓ પલાંઠિયા ન હતા. માનો કે પલાંઠિયા થઈ ગયા હોત તો? અંગ્રેજોને તો લીલાલહેર થઈ જાત. જે ગુરુલોકો સામે ભડભડતી આગને જોવાનું બંધ કરી-કરાવીને અંદર જોવાનો ઉપદેશ આપે છે અને એ રીતે સળગતા પ્રશ્નોની ઉપેક્ષા કરાવે છે તેઓ શાંતિના નામે લોકોને નમાલા બનાવે છે. અંદર કશું જ જોવાનું નથી. અંદર તો હાડકાં, માંસ, લોહી, કફ, મળ-મૂત્ર જ છે. શા માટે સમય બરબાદ કરવો છે? સામે જુઓ, પ્રશ્નો ધગધગી રહ્યા છે. તે તમને બાળી મૂકે તેના પહેલાં તેમને ઠંડા કરી દો - ઉકેલી દો. પલાંઠીપૂજક ન બનો. ક્રિયાપૂજક બનો. આવો તમને આવી જ ઝઝૂમતી એક મહાન વીરાંગનાની કથા સંભળાવું.

મહારાષ્ટ્રમાં સતારા જિલ્લો અને તેનું વાઈ ગામ. ત્યાં કરાડા બ્રાહ્મણનો પરિવાર વસે. પરિવારના વડીલનું નામ કૃષ્ણરાવ તાંબે. એ પેશવાના સમયમાં મામલતદારનું કામ કરે. તેમના પુત્રનું નામ બળવંતરાય. તેઓ પેશવાની સેનામાં સેનાપતિ થયા. તેમના પુત્રનું નામ મોરો પંત તેઓ પણ પેશવાના ત્યાં ઉચ્ચ હોદ્દા ઉપર કાર્ય કરે. મોરો પંતની પત્નીનું નામ ભાગીરથીબાઈ. મોરો પંત પેશવાના કામ માટે કાશીમાં રહેવા લાગ્યા હતા. કાશી વિદ્વાનોની નગરી. અહીં તા. 19-11-1835ના રોજ એક કન્યારત્નનો જન્મ થયો. તેનું નામ 'મણિકર્ણિકા' પાડવામાં આવ્યું. કાશીમાં એક મણિકર્ણિકા નામનો ગંગાઘાટ છે. જે અગ્નિદાહ માટે પ્રખ્યાત છે. અહીં રોજનાં અસંખ્ય શબો અગ્નિદાહ માટે આવે છે. લોકોની ધાર્મિક માન્યતા એવી છે કે અહીં મરનારનો મોક્ષ થાય છે. આપણી મણિકર્ણિકા આગળ જતાં મનુ થઈ ગઈ. લોકો લાંબાં-લાંબાં મોટાં-મોટાં રૂપાળાં નામ રાખે, પણ જનતા તેને નાનું કરીને જ બોલતી હોય છે. મણિકર્ણિકાની જગ્યાએ મનુ બોલવું સરળ રહે તેથી લોકો તેને મનુ કહે. મહારાષ્ટ્રમાં નામની પાછળ માનવાચી 'બાઈ' શબ્દ લગાડી દે. 'મનુબાઈ'. ગુજરાતમાં બા કે બહેન શબ્દ લગાડે. મહારાષ્ટ્રની અટકો જોજો, તે પરંપરાવાદી નથી હોતી. મનુબાઈ તાંબે હતાં. મોટા ભાગે ગામ ઉપરથી ત્યાં અટકો બનતી હોય છે. પાછળ 'કર' લગાડીને પણ અટક બનાવી દેવાય છે. પ્રશ્ન એ થાય છે કે એ પહેલાં તેમની શી અટક હતી? અટકો ઇતિહાસ છે. તે તમારું મૂળ બતાવે છે. જેને મૂળ સુધી જવું હોય તેણે અટકનું અધ્યયન કરવું જોઈએ.

બાજીરાવ પેશવાને પેશવાગીરી છોડીને 1818માં કાનપુર પાસેના બિઠુરમાં આવીને રહેવું પડ્યું. અંગ્રેજોએ તેમને આઠ લાખનું વાર્ષિક વર્ષાસન બાંધી આપ્યું. અંગ્રેજો જે રાજ્યને ખાલસા કરી કંપની સરકારમાં ભેળવી દેતા તે રાજ્યની કુલ આવકનો ચોથો-પાંચમો ભાગ તેના રાજાને વર્ષાસનમાં બાંધી આપી વહીવટ પોતે સંભાળી લેતા. વર્ષાસનને કારણે રાજા-મહારાજાઓ બંડ પોકારતા નહિ, ત્યારના આઠ લાખ એટલે અત્યારના કદાચ એંશી કરોડ રૂપિયા થાય. રાજાઓ પોતાના મોટા પરિવાર અને ઘણાં નોકર-ચાકરો સાથે આ વર્ષાસનમાં ગુજારો કરતા. તેમનું માનપાન પણ પૂરેપૂરું સચવાતું. માન-સન્માન, મોભો-મર્યાદા અને આર્થિક આવક આ બધું મળીને પદભ્રષ્ટ થયેલા રાજાને ઠંડો પાડી દેતાં જેથી તે વિદ્રોહ ન કરે. માથું ન ઊંચકે. કંપની સરકાર શાંતિથી રાજ કરે.

પેશવાના પરિવારમાં ચિમ્માજી અપ્પાને પણ વર્ષાસન લઈને કાશીમાં વસી જવું ઠીક લાગ્યું. ચિમ્માજી પોતાનો કારભાર ચલાવવા મોરો પંત તાંબેને કાશી લઈ આવ્યા. કાશીમાં આજે પણ મહારાષ્ટ્રિયન બ્રાહ્મણોનો મોટો વર્ગ વસી રહ્યો છે. જે અપેક્ષાકૃત વધુ રૂઢિવાદી હોય છે.

મોરો પંત અને ભાગીરથીદેવી કાશી આવ્યાં. અહીં મનુનો જન્મ થયો. જે આગળ જતાં લક્ષ્મીબાઈ થઈ. મનુ હજી માંડ ચોથા વર્ષમાં પ્રવેશી હશે કે ભાગીરથીબાઈનું અવસાન થઈ ગયું. મોરો પંત વિધુર થયા અને મનુ માતા વિનાની થઈ ગઈ. પુરુષ વિધુરતાને સહન કરી શકતો નથી. મરનાર પત્ની ગમે તેટલી પ્રિય હોય તોપણ સમય જતાં તેને બીજી પત્ની કરવી જ પડતી હોય છે. પુરુષની માફક સ્ત્રી પણ

વૈધવ્યને સહન કરી શકતી નથી, પણ ધાર્મિક અને સામાજિક વ્યવસ્થાથી તે સજ્જડ બંધાઈ હોવાથી તેને વૈધવ્ય સ્વીકારી લેવું પડતું હોય છે. તેમાં વળી કુલીનતાનું તત્ત્વ ઉમેરાય એટલે કુલીનતા સાચવવા માટે પણ વિધવા સ્ત્રી વૈધવ્યને સ્વીકારી લેતી હોય છે. તે પોતે એટલી ચુસ્ત અને કટ્ટર હોય છે કે તેની આગળ કોઈ પુનર્લગ્નની વાત પણ ન કરી શકે. હું કાશીમાં રહેતો ત્યારે આ મહારાષ્ટ્રિયન બ્રાહ્મણ વિધવા સ્ત્રીઓને વહેલી સવારે ગંગાસ્નાન કરવા આવતી જોતો. પલળેલાં કપડે તેઓ પાછી ઘરે જતી. ઠંડી તો કહેવાય નહિ તેવી, પણ તે ઠંડીને મચક ન આપે. સ્તોત્રો બોલતી-બોલતી હાથમાં ગંગાજળની લોટી, માથે મુંડન, ચહેરો ફિક્કો ઉપર ભક્તિની આભા, અનેક દેવ-દેવીઓને થોડું-થોડું ગંગાજળ ચઢાવતી તેઓ નીચી નજરે ઘર તરફ જતી તે દૃશ્ય આજે પણ સ્મૃતિપટ ઉપર આવી જાય છે અને માથું ઝૂકી જાય છે. કેટલી મક્કમતા! અને એ મક્કમતાથી જ મહાનતા પ્રગટે, ઇતિહાસ પ્રગટે. રોજ ચૌટે-ચૌરાહે આંખો ઉલાળવા બનીઠનીને લારી ઉપર પાણીપકોડી ખાવા ભેગી થયેલી સ્ત્રીઓમાં મક્કમતા ન હોય. તેથી મહાનતા પણ ન હોય, તેથી ઇતિહાસ પણ ન હોય.

વિધુર થયેલા મોરો પંતને પ્રિય પત્ની ભગીરથીબાઈના અવસાનની કળ વળી ન હતી ત્યાં તેમના આશ્રયદાતા ચિમ્માજીનું અવસાન થઈ ગયું. હવે શું કરવું? મોરો પંત નિરાધાર થઈ ગયા, પણ બાજીરાવ પેશવાએ તેમને બિઠુર બોલાવી લીધા. વ્યક્તિની આવડત, ગુણો અને કુલીનતા તેના માટે આગળ-આગળ જગ્યા કરતાં હોય છે. નાનકડી મનુને લઈને મોરો પંત બિઠુર આવી ગયા. પૂર્વ કહ્યું તેમ બિઠુરમાં બાજીરાવ (બીજા) પેશવા વર્ષાસન ઉપર રહે, પણ તેમને કોઈ સંતાન નહિ. શ્રીમંતોની ફળદ્રુપતા ઘણી ઓછી હોય છે. સંતાન ન હોવાથી વારસદારનો વિકરાળ પ્રશ્ન પાછલી જિંદગીમાં ઘણો સતાવતો હોય છે. બાજીરાવે તેનો ઉકેલ શોધી કાઢ્યો. તેમણે પરિવારમાંથી ત્રણ દીકરાઓ દત્તક લીધા. નાનાસાહેબ, રાવસાહેબ અને બાબાસાહેબ. મહારાષ્ટ્રમાં બધા સાહેબો જ સાહેબો.

તમે જ્યારે રોજી માટે સપરિવાર સ્થળાંતર કરો છો ત્યારે તમને ત્રણ પ્રશ્નો મૂંઝવે છેઃ 1. રોજીથી સંતોષ, 2. સ્ત્રીવર્ગ માટે સખી-સહેલીઓ અને 3. બાળકો માટે ગોઠિયાઓ. માનો કે તમને સારી આજીવિકા મળી. આખો દિવસ તમે આજીવિકા ઉપર રહો છો, પણ સ્ત્રીવર્ગનું શું? જો તેમને યોગ્ય સખીવર્ગ ન મળ્યો હોય તો તે થોડા જ દિવસોમાં કંટાળી જશે. તેને સખીઓ જોઈએ. સ્ત્રી એકાકી ન રહી શકે. તેને સખીઓ જોઈએ અને તે પણ સારી સખીઓ જોઈએ. જો ખોટી સખીઓ મળી તો પછી પ્રશ્નો જ પ્રશ્નો ઊભા થઈ જાય. સ્ત્રીવર્ગ બહાર ગયા વિના રહી શકતો નથી, પણ તે પાસપડોશમાંથી પ્રશ્નો લઈ આવે છે, જેમાંથી ઘર અશાંત થઈ જાય છે. સારા પાડોશી મળવા એ સોનાથી પણ વધુ સુખદાયી થતું હોય છે.

જેમ સ્ત્રીવર્ગને સખીઓ જોઈએ તેમ બાળકોને ગોઠિયા જોઈએ. મનુને પેલા ત્રણ ગોઠિયાઓ મળી ગયા. બસ હવે બાળપ્રશ્ન ઉકેલાઈ ગયો. જે લોકો સ્ત્રીઓ અને બાળકોને ઘરમાં પૂરી રાખે છે તેઓ તેમને ખોઈ બેસે છે. સ્ત્રીઓને ‘આઉટ લૂકિંગ’ જોઈએ. પણ જેમની સ્ત્રીઓ અને બાળકો ઘરબહાર રખડતાં-ભટકતાં જ રહે છે તેઓ પણ તેમને ખોઈ બેસે છે. આ સંસાર છે – સંભાળતાં, સાચવતાં આવડે તો સુખ આપે અને ન આવડે તો દુઃખ આપે.

આ બધાં બાળકો રમતની સાથે ઘોડેસવારી, શસ્ત્રવિદ્યા, વ્યાયામ વગેરે પણ શીખે. આ ઘડતર કહેવાય. બચપણ રમવા માટે તો છે જ, ઘડાવા માટે પણ છે. જે લોકો માત્ર ધાર્મિક કર્મકાંડોમાં જ બાળકોને ઘડે છે તે પૂરું ઘડતર નથી. તેમને તરતાં, શ્રમ કરતાં, સાહસ કરતાં અને જુદીજુદી વિદ્યા શીખવતાં પણ આવડવું જોઈએ. આ તેમનો સર્વાંગીણ વિકાસ કહેવાય.

જોતજોતામાં મનુ તો 12-13 વર્ષની થઈ ગઈ. ત્યારે આ ઉંમરે લગ્ન થઈ જતાં. આ બાળલગ્ન જ કહેવાય. તેના અનેક દોષો હતા જ, પણ સૌથી મોટો ગુણ એ હતો કે આવી છોકરીઓ એક પુરુષમાં કેન્દ્રિત થઈ જતી, તે ઘણા પુરુષોમાં ફાંફાં ન મારતી. કામવાસના જાગે તેની સાથે જ તેનું શમન પણ થઈ જતું, જેથી વરકન્યા બન્નેમાં ઉચ્ચ ચારિત્રિક બળ સ્થાપિત રહેતું. ઘણી મોટી ઉંમર સુધી લગ્ન વિનાનાં રહેલાં સ્ત્રી-પુરુષો ઓછામાં ઓછું માનસિક રીતે તો કેટલાંય પાત્રો બદલતાં રહે છે. જો છૂટ અને મોકળાશ મળે તો શારીરિક રીતે પણ પાત્રો બદલાતાં રહે છે. આવા લોકો દામ્પત્યની પવિત્રતા માણી શકતા નથી. એ પણ જોવું જોઈએ.

મોરો પંત, મનુ માટે વરની શોધ કર્યા કરે. બહુ ચિંતા થાય. દીકરી એટલે ચિંતા. તેમાં પણ કુલીનતા કદી પણ ચિંતા વિનાની નથી

હોતી. કુલીનતાને પાળ હોય છે. પાળ તૂટે એ જ ચિંતા. પાળ વિનાની વ્યક્તિ કે સમાજ કુલીન ન થઈ શકે. તેની કન્યા માણકી કે તાજણ જેવી ન હોય, ટાયડાં જેવી હોય. પછાડીને ભાગે તબડક- તબડક? હાડકાં ખોખરાં કરી નાખે. એટલે કુલીનતાની મહત્તા છે.

બીજી તરફ ઝાંસીના મહારાજા ગંગાધરરાવ વિધુર થયા હતા. તેમનાં પત્નીનું અવસાન થઈ ગયું હતું. તેમણે તાત્યા દીક્ષિતને પોતાને યોગ્ય કન્યા શોધવા મોકલ્યા હતા. ત્યારે વર કન્યાને ન શોધતો, કાં વરનાં માતાપિતા કન્યાને શોધતાં કાં પછી પુરોહિત કન્યા શોધી લાવતો. વરની કે કન્યાની પોતાના પાત્ર માટેની પસંદગી કરતાં આ પસંદગી વધુ નીવડેલી રહેતી, કારણ કે તેમાં અનુભવની દૃષ્ટિ પણ રહેતી.

તાત્યા દીક્ષિતની પસંદગી મનુ ઉપર ઢળી. ત્યારે વરકન્યાની ઉંમરનો મોટો તફાવત પણ સ્વીકાર્ય ગણાતો, કજોડું ન ગણાતું. તેર વર્ષની મનુને ઝાંસીના મહારાજા ગંગાધરરાવ સાથે પરણાવી દીધી. મનુનું સાસરાપક્ષનું નામ પડ્યું લક્ષ્મીબાઈ. હવે તે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ થઈ ગઈ. મોરો પંત ચિંતામુક્ત થયા અને ધન્ય થઈ ગયા. ત્યારે કન્યાને સાપનો ભારો ગણવામાં આવતો, પરણાવી દો પછી ભારો ઊતરી જાય. હાશ, શાંતિ થઈ. મનુ ઝાંસી આવી.

થોડો ઝાંસીનો ઇતિહાસ જોઈએ. મધ્યપ્રદેશમાં બુંદેલખંડ અને તેમાં બઘેલખંડ. બઘેલ રાજપૂતોના વસવાટથી બઘેલખંડ, જેમ ઝાલાવાડ, ગોહિલવાડ વગેરે. આ બઘેલ-રાજપૂતો ગુજરાતમાં વાઘેલા થયા. બુંદેલખંડમાં ઓરછા રાજ્યમાં વીરમદેવ રાજ કરે. ટસલ થવાથી તેમણે અકબરના સરદાર અબુલફજલની હત્યા કરી નાખી. અકબર ચિઢાયો. બદલો લેવા તેણે સેના મોકલી. વ્યવસ્થિત રીતે યુદ્ધ કરવા વીરમદેવે નજીકની ટેકરી ઉપર કિલ્લો ચણાવ્યો. તેનું નામ ઝાંસી પડ્યું. જે ભવિષ્યમાં લક્ષ્મીબાઈનું ઝાંસી કહેવાયું.

ઝાંસી અને બુંદેલખંડનો ઘણો ઇતિહાસ છે, પણ અહીં એકાદ વાત લખવાનું મન રોકી શકતો નથી. અહીં છત્રસાલ રાજા થયો, તેના ઉપર મોગલ સૂબેદાર મહમદશાહે ચડાઈ કરી. છત્રસાલ જીતી શકે તેમ નહોતું. તેણે પેશવા બાજીરાવ (પ્રથમ)ને મદદ માટે પત્ર લખ્યો. બાજીરાવ મરાઠા સેના સાથે મદદે આવ્યો અને મહમદશાહને હરાવીને ખદેડી મૂક્યો. છત્રસાલે પોતાના રાજ્યનો ત્રીજો ભાગ બાજીરાવને આપ્યો, અને મસ્તાની નામની અત્યંત રૂપાળી મુસ્લિમ કન્યા આપી. મસ્તાનીને બાજીરાવનો પરિવાર સ્વીકારી-પચાવી ન શક્યો. અંતે બાજીરાવ અને મસ્તાની બન્ને ઝૂરીઝૂરીને મરી ગયાં. તેમના બે પુત્રો થયા હતા પણ પેશવા તરીકે સ્વીકારાયા નહિ. પાણીપતના યુદ્ધમાં એકનું મૃત્યુ થઈ ગયું.

કાળક્રમે બાજીરાવ બીજા પેશવા થયા. તેમણે બુંદેલખંડ અંગ્રેજોને સોંપી દીધો, જેથી ઝાંસી પણ અંગ્રેજોના શાસનમાં આવી ગયું. અંગ્રેજોએ ગંગાધરરાવને ઝાંસીનો રાજા માન્ય કર્યો. ગંગાધરરાવ, લક્ષ્મીબાઈને પરણ્યા. કાલની મનુ આજની લક્ષ્મીબાઈ રાજરાણી બની. રિવાજ પ્રમાણે તેણે ઓઝલમાં રહેવાનું થયું. તેના માટે રાજાએ રાજમહેલમાં જ વ્યાયામ, ઘોડેસવારી, તલવારબાજી, વગેરેની વ્યવસ્થા કરાવી. મનુ સોનાના પીંજરાનું પક્ષી થઈ ગઈ. મોટા ઘરોમાં પરણનારી નાના ઘરની કન્યાઓનું આવું જ થતું હોય છે. ઘર મોટું, પણ મોકળાશ ઓછી. મોકળાશ વિનાનું મોટું ઘર મૂંઝારો જગાડનારું પીંજરું થઈ જતું હોય છે.

ઝાંસી ઉપર ગંગાધરરાવનું શાસન હતું, પણ રાજ્યના ખર્ચે સેના રાખવાની અને તેનું નિયંત્રણ અંગ્રેજ સેનાપતિના હાથમાં રહે તેવું ઠરાવ્યું હતું. આ અંગ્રેજોની નીતિ રહી છે. રાજ તમારું પણ લગામ અમારી. ગંગાધરરાવે સારી રીતે કુશળતાપૂર્વક કારોબાર ચલાવવા માંડ્યો. પ્રજા સુખી થઈ અને પ્રસન્ન થઈ. પ્રજાની વફાદારી અને રાજભક્તિ શરતપૂર્વકની હોય છે. જો તમે પ્રજાને સુખી કરો તો અને જો તમે આદર્શજીવન જીવો તો જ પ્રજામાં રાજભક્તિ અને વફાદારી આવે. અત્યાચાર કરનારા અને હલકટ જીવન જીવનારાને પ્રજાની વફાદારી કે ભક્તિ ન મળે.

1850માં રાજા પરિવાર સાથે યાત્રા કરવા નીકળ્યા. કાશીમાં એક અભિમાની માણસે ઊભા થઈને તેમને માન ન આપ્યું તેથી નારાજ થઈને તેને દંડ કરાવ્યો. મોટા પુરુષોને ઊભા થઈને માન આપવું જ જોઈએ. આવું ન કરનાર અવિવેકી અને અસભ્ય કહેવાય.

સ્ત્રી-પુરુષો લગ્ન કેમ કરે છે? સુખી થવા અને સંતાન મેળવવા. જો લગ્ન કરીને સુખી ન થવાય, ઊલટાનું દુઃખી થવાય, તો વાંઢા રહેવું સારું. પણ પહેલેથી બધી ખબર પડતી નથી. જ્યારે ખબર પડે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. વારસદાર તો જોઈએ જ. તેના વિના સંપત્તિની ઘોર અવ્યવસ્થા થઈ જાય. રાજાને ત્યાં લક્ષ્મીબાઈની કૂખે કુંવર જન્મ્યો. હવે લક્ષ્મીબાઈ પૂર્ણ થઈ ગઈ. સ્ત્રીની અડધી પૂર્ણતા પતિ મેળવવાથી અને પછી બાકીની અડધી પૂર્ણતા માતા બનવાથી થતી હોય છે. આ બન્નેમાંથી જેને એક પણ મળ્યું નથી તે પૂરેપૂરી અપૂર્ણ છે, તેનું ભાન તેને પાછલી જિંદગીમાં મોડે-મોડે થતું હોય છે. જુવાનીમાં નહિ.

કુંવર ત્રણ જ મહિના જીવીને ખૂબ હસાવીને - પછી ખૂબ રડાવીને વિદાય થઈ ગયો. ગંગાધરરાવને ભારે આઘાત લાગ્યો. મોટું જીવન આઘાત વિનાનું હોતું નથી. આઘાતને તે જીરવી ન શક્યા. તબિયત બગડી, હવે તેમને સૂર્યાસ્ત નજીક દેખાવા લાગ્યો. ઝાંસીનું શું થશે? ચિંતા કોરી ખાતી હતી. “ચિંતા વિનાના થઈ જાવ” તેવો ઉપદેશ આપવો સરળ છે, અતિ સરળ છે, પણ પ્રશ્નો હોય તો ચિંતા તો રહેવાની જ. જરૂરી પણ છે. ચિંતાથી પ્રશ્નો ઉકેલાય છે. માણસ પ્રયત્નશીલ બને છે. છેવટે તેમણે પોતાના સગા વાસુદેવરાવ નેવાલકરના પુત્ર આનંદરાવને દત્તક લીધો. તેનું નવું નામ દામોદરરાવ રાખ્યું.

તા. 21-11-1853ના રોજ ગંગાધરરાવે આંખ મીંચી દીધી. પ્રશ્નો ઉકેલીને પ્રસ્થાન થાય તો શાંતિ થાય. ઊકળતા પ્રશ્નો મૂકીને જવું પડે તો અશાંતિ જ થાય. વારસદાર હોવો એ પણ પ્રશ્નનો ઉકેલ છે. શાંતિ છે. સાચો નહિ તો દત્તક લીધેલો વારસદાર તો તૈયાર કર્યો જ કહેવાય. ભરજુવાનીમાં લક્ષ્મીબાઈ વિધવા થઈ. રાજખટપટો શરૂ થઈ ગઈ. ખટપટિયા લોકો મોકાની રાહ જ જોતા હોય છે. મોકો મળી ગયો. હવે લક્ષ્મીબાઈને વૈધવ્યના દુઃખ કરતાં ખટપટોનું દુઃખ વધી ગયું.

તે વખતે કંપનીનો ગવર્નર જનરલ હતો લૉર્ડ ડેલહાઉસી. તેણે નીતિ જાહેર કરી હતી કે જેમ બને તેમ વધુમાં વધુ રજવાડાં ખાલસા કરી કંપની સરકારમાં ભેળવી દેવાં. તેણે દત્તકપ્રથાનો અસ્વીકાર કરી દીધો હતો, તેથી જેટલાં રજવાડાં વારસદાર વિનાનાં થતાં તે બધાં ખાલસા કરીને કંપની સરકારમાં ભેળવી દેવાતાં. ઝાંસીનું પણ તેવું જ કરવાનું નક્કી કર્યું. અહીંથી ટસલ શરૂ થઈ. આઘાત અને ટસલ જીવનમાં અશાંતિ ઉત્પન્ન કરતાં હોય છે. ઇચ્છા ન હોય તોપણ આ બે તત્ત્વો જીવનમાં વારાફરતી કે એકસાથે આવતાં હોય છે. લક્ષ્મીબાઈ માટે આ બન્ને તત્ત્વો એકસાથે આવ્યાં. પુત્રમરણ, પતિમરણનો આઘાત અને ઝાંસીને ખાલસા કરવાથી ટસલ - બધું એકસાથે આવ્યું. આ બન્નેની પહેલી અસર શરીર અને મન ઉપર પડતી હોય છે. આરોગ્ય બગડે અને મનથી માણસ ભાંગવા માંડે તો તેની અસર સમજવી. પણ જો આ બન્નેમાંથી એક પણ પરિણામ ન દેખાય તો સમજવું કે માણસ પોલાદનો બનેલો છે. લક્ષ્મી પોલાદની હતી. તેણે કહ્યું કે માનો કે મારો પુત્ર દત્તક છે, પણ હું તો દત્તક નથી ને? પતિની સંપત્તિ ઉપર મારો તો અધિકાર છે જ ને? તમે કેમ ઇંગ્લૅન્ડમાં સ્ત્રીને રાણી બનાવો છો? ત્યારે મહારાણી વિક્ટોરિયાનું શાસન ચાલતું હતું. ઇંગ્લૅન્ડમાંથી સ્ત્રી રાણી થઈ શકે તો ભારતમાં કેમ નહિ?

કંપની સરકાર એકની બે ન થઈ. ડેલહાઉસીએ ઝાંસીને ખાલસા કરી જ નાખ્યું. તેના સમાચાર – આદેશ લઈને કંપની સરકારનો એજન્ટ આવ્યો અને હુકમ વાંચી સંભળાવ્યો. રાણી ઊકળી ઊઠી. તેણે કહ્યું કે ઝાંસી મારી છે અને તે હું આપવાની નથી. કંપની સરકારે રાણીને મહિને પાંચ હજારનું વર્ષાસન બાંધી આપવાની વાત કરી હતી. ખરેખર તો રાણીને દસ લાખ મળવા જોઈતા હતા. રાણીએ પોતાનો વકીલ ઇંગ્લૅન્ડ મોકલ્યો પણ કાંઈ ન વળ્યું. રાણીએ રાજમહેલ ખાલી કરીને સામાન્ય મકાનમાં રહેવા જવું પડ્યું. ગંગાધરરાવે દત્તક પુત્ર દામોદર માટે છ લાખ રૂપિયા રાજ્યની તિજોરીમાં જમા કર્યા હતા, તેમાંથી એક લાખ જનોઈનો પ્રસંગ પૂરો કરવા રાણીએ માગ્યા પણ ન આપ્યા. અંતે જામીનગીરી આપીને એક લાખ રૂપિયા લેવા પડ્યા.

એક વાર તમારી સામાજિક કે રાજકીય પ્રતિષ્ઠા જામે પછી તમારે તે પ્રતિષ્ઠા સાચવી રાખવા માટે શક્તિ ન હોય તોપણ પ્રસંગોને ભવ્ય રીતે ઊજવવા પડે. લક્ષ્મીબાઈએ પુત્રની જનોઈનો પ્રસંગ સારી રીતે ઊજવ્યો. પ્રસંગોથી બંધાયેલી પ્રતિષ્ઠા હંમેશાં સાચવવી પડતી હોય છે. એક વાર પ્રસંગને હલકો બનાવી દો તો લોકો ગમેતેવી વાતો કરેઃ “પહેલાં તો આવું હતું અને હવે આવું થઈ ગયું.” આવી વાતો

હમદર્દીથી નહિ પણ તમને હલકા બતાવવા થતી હોય છે. લોકો તમારી મોટાઈ સહન કરી શકતા નથી, તેથી તમે ક્યારે નીચે પગથિયે ઊતરો છો તેની રાહ જોતા હોય છે. પ્રસંગ પગથિયાં બનાવનારું મીટર બને છે. જેમ-જેમ તમે નીચે પગથિયે ઊતરો છો તેમ-તેમ પેલા રાજી થતા રહે છે. તમારા પ્રસંગમાં જમતા જાય છે અને નિંદા કરતા જાય છે. એવી રીતે ઠંડા અવાજે બોલે કે જાણે તેમને તમારા પ્રત્યે લાગણી ઊભરાઈ આવતી હોય. જનોઈનો પ્રસંગ સારી રીતે પાર પડ્યો.

રાણીને પોતાનું તથા રાજ્યનું ભવિષ્ય સ્પષ્ટ દેખાવા લાગ્યું હતું. પણ હવે પાછો પગ મૂકવાનો કશો અર્થ ન હતો. તેણે એક રાત્રે સરદારોની ગુપ્ત મિટિંગ બોલાવી. જેમાં સરદાર ગુલામ ગૌસ અને નવા સેનાપતિ મંછારામ પણ હતા. આ બધા સરદારોના હાથમાં એક-એક પ્યાલો ગંગાજળનો આપ્યો અને મરતાં સુધી વફાદાર રહેવાની પ્રતિજ્ઞા કરાવી. જ્યારે તમારે અતિ મહત્ત્વનું કાર્ય કરવાનું હોય ત્યારે સર્વપ્રથમ મહત્ત્વના માણસોનો સાથ નક્કી કરી લેવો જોઈએ. મહત્ત્વના માણસોના સાથ વિના તમે મોટાં કાર્યો કરી શકો નહિ.

સાથીદારો બે પ્રકારના મળતા હોય છેઃ એક તો જીવનભર વફાદાર રહીને સાથ આપનારા અને બીજા અડધે રસ્તે ફસકી જનારા. ફસકી જનારામાં બે ભેદ છેઃ એક તો ખસી જનારા અને બીજા સામા પક્ષે ભળી જનારા. ખસી જનારા બહુ ખતરનાક નથી હોતા, પણ ખરા સમયે સામા પક્ષે ભળી જનારા બહુ જ ખતરનાક બની જતા હોય છે. પણ કોણ કેવો થશે તેની ખબર તો નીવડ્યે જ પડે. તેમાં પણ જો ઘરના જ માણસો દગાબાજ નીકળે અને સામા પક્ષે ભળી જાય તો તેવા ગદ્દારો તમને વગર મોતે મરાવી નાખે. લગભગ મોટા ભાગના મહાપુરુષોને આવા ગદ્દારો મળ્યા જ હોય છે.

રાણીએ અંગ્રેજો સામે બાથ ભીડવાનું નક્કી કરી લીધું, પણ ક્યાં અંગ્રેજોની વિશાળ સેના અને ક્યાં ટચૂકડી ઝાંસી! કેવી રીતે બાથ ભિડાય! પણ રાણી હિંમત ન હારી. તેણે વ્યૂહ બનાવ્યો. વ્યૂહ જ, યુદ્ધનું મુખ્ય શસ્ત્ર છે. અંગ્રેજોની ખરી શક્તિ તેની સેનામાં છે. સેના ભારતીયોની છે. જો સેનાને ફોડી શકાય તો અંગ્રેજો પંગુ થઈ જાય. મંછારામ અને ગુલામ ગૌસે આ જવાબદારી લીધી.

ઘટનાઓ બનવા માંડી. પેશવા બાજીરાવના અવસાન પછી તેમનું વર્ષાસન બંધ કરી દેવાયું, નાનાસાહેબને દત્તક પુત્ર માનવાનો ઇન્કાર કરી દેવાયો, જાગીર ખાલસા કરી દેવાઈ. પેશવાના વંશને ઝીરો બનાવી દેવાયો. નાનાસાહેબે પોતાનો કેસ લડવા માટે વકીલ અજીમુલ્લાખાંને વિલાયત મોકલ્યો, પણ તે નાસીપાસ થઈને પાછો આવ્યો. એક પછી એક ઘણાં રજવાડાં અંગ્રેજોએ ખાલસા કરવા માંડ્યાં. આ અન્યાયને કેવી રીતે સહન કરી શકાય? પહેલાં રાજાઓ અંદરોઅંદર યુદ્ધ કરીને એકબીજાનાં રાજ્યો હડપ કરી જતા, પણ અંગ્રેજો તો એક પણ ગોળી ચલાવ્યા વિના માત્ર કલમના ગોદે રજવાડાં હડપ કરવા માંડ્યા હતા. ખાલસા થયેલાં રજવાડાંના રાજાઓ સમસમી રહ્યા હતા. પણ હવે કરવું શું? આવી સ્થિતિમાં ધીરજ રાખીને મોકાની રાહ જોવી જોઈએ. કદાચ કુદરત કોઈ મોકો ઊભો કરી દે. અને બન્યું એવું જ. મેરઠમાં સેનાએ વિદ્રોહ કર્યો. અમર શહીદ મંગલ પાંડે નિમિત્ત બન્યો. જોતજોતાંમાં સેના ભડકી ઊઠી. તેણે બગાવત કરી દીધી અને અંગ્રેજ અમલદારોનો ખાતમો બોલાવી દીધો. મેરઠવિજય પછી સેના દિલ્લી તરફ વળી હતી. દિલ્લી સર કરી લેવાયું. ઝાંસીવાળા આવા મોકાની રાહ જ જોતા હતા. મંછારામે ઝાંસીમાં પણ સૈન્યવિદ્રોહ કરાવી દીધો. સેનાએ અંગ્રેજ કૅપ્ટન ડનલોપની હત્યા કરી નાખી. ચારે તરફ એક જ નારો હતોઃ

*ખલ્ક ખુદા કા મુલ્ક બાદશાહ કા,*
*ઔર હુકમ રાણી લક્ષ્મીબાઈ કા ॥*

આ 1857નો જબરદસ્ત વિદ્રોહ હતો. ઝાંસીના અંગ્રેજ અધિકારીઓ ફફડી ઊઠ્યા. ડનલોપની હત્યા પછી હવે તેમનો વારો હતો. રાણીએ તેમને આશ્વાસન આપ્યું અને રક્ષણ આપ્યું. ગોરાં સ્ત્રી-બાળકોને રાણીએ મહેલમાં આશ્રય આપ્યો. પુરુષો કિલ્લામાં જઈને લડવાની પેરવી કરવા લાગ્યા, પણ પાછળથી રાણીની ના હોવા છતાં ગોરાઓએ પોતાનાં બાળબચ્ચાં કિલ્લામાં બોલાવી લીધાં. બળવાખોરોએ કિલ્લો ઘેરી લીધો. ગોરાઓની રસદ બંધ થઈ ગઈ. સેના અને પ્રજા રાણીતરફી થઈ ગઈ હતી. અંતે અંગ્રેજો શરણે થયા. બધાંને જોકનબાગ લઈ જવામાં આવ્યાં. ત્યાં બળવાખોરોના નેતા કાલેખાંએ એમને મારી નાખવાનો હુકમ કર્યો. 75 અંગ્રેજો, 19 સ્ત્રીઓ

અને 23 બાળકો સમાપ્ત થઈ ગયાં. જો સ્ત્રી-બાળકોને રાણીના આશ્રયે મહેલમાં રહેવા દીધાં હોત તો આ બધાં બચી જાત. અંગ્રેજોએ આ માટે રાણીને જવાબદાર માની.

બળવાખોરોએ ઝાંસીનો ખજાનો લૂંટ્યો અને રાણીના દાગીના પણ વેચાવી દીધા. બળવાખોરો દિલ્લી રવાના થઈ ગયા. ઝાંસીમાં રાણીનો જયજયકાર થઈ ગયો. ફરીથી તે રાજગાદી ઉપર બેઠી હોય તેમ લોકો નાચવા-કૂદવા લાગ્યા હતા. મંછારામ પૉલિટિકલ એજન્ટના બંગલે પહોંચી ગયો. અત્યારે આ જ કારભાર ચલાવાતો હતો. મંછારામે તેનું કામ પતાવી દીધું. હવે ઝાંસી ઉપર રાણી લક્ષ્મીબાઈની આણ વર્તાવા લાગી. રાજ કદી નિષ્કંટક નથી હોતું. તેમાં પણ નવુંનવું રાજ્ય તો સ્થિર કરવું પડતું હોય છે. મહારાજા ગંગાધરરાવનો એક દૂરનો સગો હતો સદાશિવરાવ. તેણે પોતે વારસદાર હોવાનો દાવો કર્યો અને કરેરાનો કિલ્લો કબજે કરી ત્યાંથી હુકમ ચલાવવા માંડ્યો. રાણીએ જાતે તેના ઉપર હુમલો કરી તેને રાજ્યની સીમા બહાર ખદેડી મૂક્યો. એટલામાં તો ઓરછા સ્ટેટનો દીવાન નત્થેખાન વીસ હજારની સેના સાથે ચઢી આવ્યો. રાણીએ જાતે સરદારી લીધી અને નત્થેખાનને હરાવીને તગેડી મૂક્યો. જ્યારે ઘણા વિરોધ વચ્ચે નવી રાજવ્યવસ્થા સ્થાપિત થતી હોય છે ત્યારે ઘણી અંધાધૂંધી ફેલાતી હોય છે. તે બધાને શાંત કર્યા પછી જ રાજવ્યવસ્થાની સ્થાપના કરી શકાય. રાણીએ એ જ કર્યું. હવે ઝાંસી ઉપર ફરીથી રાણીનો ઝંડો લહેરાવા લાગ્યો હતો અને દિલ્લીમાં બાદશાહ બહાદુરશાહનો ઝંડો લહેરાતો હતો. યુનિયન જૅક ઉતારી લેવાયા હતા. છેક મેરઠથી બિહાર સુધી યુનિયન જૅક ઊતરી ગયો હતો.

હવે ગવર્નર જનરલ લૉર્ડ કેનિંગ હતો. તેણે હાર ન માની. તેણે યુરોપમાંથી સેના બોલાવી. બ્રહ્મદેશ, સિંગાપોર અને મદ્રાસ, વગેરે દૂર-દૂરની જગ્યાએથી સેના બોલાવી. અનેક મોટા નામી જનરલોને યુરોપમાંથી બોલાવ્યા જેમાંનો એક સર હ્યૂમ રોઝ હતો. સેના અને શસ્ત્રોને કદી પણ એક જ જગ્યાએ રખાય નહિ. તેને પૂરા દેશમાં અને દેશ બહાર વહેંચી નાખવી જોઈએ, જેથી કદાચ એકનું પતન થાય તોપણ બીજી સેના બચી રહે. સેના જ રાજાની મૂડી છે. તેને બચાવવી જોઈએ. અત્યારે દૂર-દૂરથી ચારે તરફથી સેના ભેગી થવા લાગી. અધૂરામાં પૂરું કેટલાંક દેશી રજવાડાં હજી પણ અંગ્રેજોની પડખે હતાં, જેમાં ગ્વાલિયર, ઇન્દોર વગેરે હતાં. આ બધાં મહારાષ્ટ્ર મૂળનાં હતાં, તેમની સેના પણ અંગ્રેજો સાથે ભળી ગઈ.

આપણે માત્ર ઝાંસી તરફ જ લક્ષ્ય રાખીશું. ક્રિમિયાની લડાઈ પડતી મૂકીને સર હ્યૂમ રોઝ સીધો ભારત પહોંચી ગયો. ઝાંસીના વિજયની જવાબદારી તેને સોંપાઈ. ભોપાલની બેગમ પણ તેની સાથે થઈ ગઈ. અનેક નગરો અને પ્રદેશો જીતતો-જીતતો તે છેક ઝાંસી નજીક પહોંચી ગયો અને દોઢ માઈલ દૂર કૅમ્પ નાખ્યો. હવે યુદ્ધ અનિવાર્ય હતું.

રાણીએ પણ યુદ્ધની તૈયારી કરવા માંડી. તેની પાસે 51 તોપો હતી. બધાને યોગ્ય જગ્યાએ ગોઠવી દીધી. રાણીને લાગ્યું કે યુદ્ધ કરતાં પહેલાં છેવટનો એક શાંત પ્રયાસ કરવો જોઈએ. યુદ્ધ તો છેવટનો જ રસ્તો છે. જ્યારે બધા રસ્તા બંધ થઈ જાય અને કોઈ ઉપાય બાકી ન રહે ત્યારે જ યુદ્ધ કરાય તેવું રાણી સમજતી હતી. રાણીએ લાલાભાઉ બક્ષી અને નાના ભોવટકરને અંગ્રેજોની છાવણીમાં ભેટસોગાદ લઈને યુદ્ધ ન કરવાની સમજૂતી કરવા મોકલ્યા, પણ અંગ્રેજો માન્યા નહિ. તેઓ સમજી બેઠા કે રાણી ડરી ગઈ છે અને ડરની મારી સમજૂતી કરવા માગે છે. ઘણી વાર તમારી નમ્રતા અને ધીરજનો ખોટો અર્થ પણ કાઢવામાં આવતો હોય છે. જ્યારે સંધિવાર્તા વિફળ થાય ત્યારે તો યુદ્ધ અનિવાર્ય થઈ જતું હોય છે. ગવર્નર જનરલ કેનિંગનો સ્પષ્ટ ઑર્ડર હતો કે ગમે તે ભોગે રાણીને જીવતી પકડવી. જો ન પકડાય તો રોઝ ઉપર કેસ કરવો.

તા. 23-3-1858ના રોજ તોપો ધણધણી ઊઠી. રાણીની તોપોએ અંગ્રેજોના છક્કા છોડાવી દીધા. બધા ભાગી ગયા. ફરી પાછી અંગ્રેજસેના પાછી આવી. ફરી ભગાડી. છેવટે તો શસ્ત્રો અને સેના જ રક્ષણ કરતી હોય છે. આ બન્નેની મહત્તા નહિ સમજનાર અને તેની ઉપેક્ષા કરનાર કે કરાવનાર મહામૂર્ખ જ કહેવાય. ભગવાન બચાવે આવા મહામૂર્ખરાજોથી દેશને.

બીજા દિવસે ફરી ઘમસાણ મચ્યું. અંગ્રેજોએ સેનાને ચાર તરફ વિભાજિત કરીને ચારે તરફથી હુમલો કર્યો. કિલ્લાના એક ભાગને

ખંડિત કરી દીધો. રાણીએ તરત જ તેની મરામતનું કામ શરૂ કરાવી દીધું. ઝાંસીની સ્ત્રીઓ કામે લાગી ગઈ. બાળકો પણ કામે લાગ્યાં હતાં. રાણી ચિંતામગ્ન હતીઃ અંગ્રેજોના પ્રચંડ હલ્લા સામે કેટલા દિવસ ટકી શકાશે? તેને એક આશા હતી પોતાના ભાઈ જેવા તાત્યા ટોપેની. તાત્યા ટોપે 1857ના બળવાનો ભીમ હતો. તે જરૂર આવશે અને ખરા સમયે મને મદદ કરશે. રાણી વિધવા હતી. બ્રાહ્મણી હતી. ચારે તરફથી ઘેરાઈ ગઈ હતી. જેમ દ્રૌપદી કૃષ્ણને પોકારતી હતી તેમ રાણી તાત્યાને પોકારતી હતીઃ તાત્યા... તાત્યા... દોડ... દોડ... જલદી આવ. બહેનની લાજ રાખ!

ત્યાં તો દૂર-દૂર ધૂળની ડમરીઓ ઊડવા લાગી. ગુલામ ગૌસે રાણીને ખબર આપી કે બાવીસ હજારનું સૈન્ય લઈને તાત્યા આવી રહ્યો છે. અંગ્રેજો તાત્યાથી બહુ ડરતા. તાત્યા જેવો વ્યૂહબાજ સેનાપતિ આજ સુધી પાક્યો નથી. તે ક્યારે કેવો વ્યૂહ રચે તે કહેવાય નહિ. જનરલ રોઝે સેનાનો એક ભાગ તાત્યાને રોકવા મોકલ્યો અને આ બાજુ તોપોની ધણધણાટી ચાલુ રાખી. અંગ્રેજો પાસે લાંબી રેન્જની તોપો હતી જે દૂરથી ગોળો ફેંકતી અને છોતરાં ઉડાવી દેતી. રાણી પાસે એક સિવાયની બધી તોપો ટૂંકી રેંજની હતી, જેના ગોળા દૂર સુધી ન જઈ શકતા. યુદ્ધમાં શસ્ત્રોની ક્ષમતા મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. ઊતરતાં શસ્ત્રો પરાજય અપાવતાં હોય છે. ભારતને હંમેશાં ઊતરતાં શસ્ત્રોથી યુદ્ધ કરવાનો અભિશાપ છે. આજે પણ આવી જ સ્થિતિ છે.

તાત્યાની સેના અને અંગ્રેજોની સેના લડી પડી, પણ અંગ્રેજોની તોપો આગળ તાત્યાની બંદૂકો ન ચાલી, તેની સેના વેરવિખેર થઈ ગઈ. તાત્યાને પાછા વળી જવું પડ્યું.

હવે ઝાંસી ઉપર દબાણ વધી ગયું. નવ દિવસથી યુદ્ધ ચાલતું હતું. રાણીએ આંખનું મટકુંયે માર્યું ન હતું. પણ હાય! 'દુલ્હોજી' ફૂટ્યો. તે ઓરછા દરવાજાનો રક્ષક હતો, પણ પીર અલીની શિખામણથી તે લાલચમાં આવીને અંગ્રેજો સાથે ભળી ગયો હતો. ખરા સમયે તેણે દરવાજો ખોલી નાખ્યો. હડડડડડ કરતી અંગ્રેજી સેના ઝાંસીમાં પ્રવેશી ગઈ. યુદ્ધનો આ અગિયારમો દિવસ હતો. રાણી સામે થઈ. અંગ્રેજોએ નગરમાં આગ લગાડી દીધી. આખું નગર ભડભડ બળવા લાગ્યું. રાણીનો મહેલ સળગાવ્યો. હવે રાણી મરણિયા થઈ. દોઢ હજાર આરબોને લઈને તે ઘોડેસવારી કરીને ઉઘાડી તલવારે અંગ્રેજો ઉપર ધસી ગઈ. શું દશ્ય હતું! સૂય જાણે થંભી ગયો. રણચંડીનાં દર્શન દુર્લભ હોય છે.

એક વૃદ્ધ સૈનિક રાણી પાસે આવ્યો અને હાથ જોડ્યા, સલાહ આપી કે હવે તમે ઝાંસી છોડી દો. તમે જીવતાં હશો તો ફરીથી યુદ્ધ કરાશે અને ઝાંસી લેવાશે. પણ અત્યારે તમે ઝાંસીને છોડી દો. એવામાં સમાચાર આવ્યા કે તોપખાનાનો અધ્યક્ષ ગુલામમુહમ્મદ ગૌસખાં અને ખુદાબક્ષ બન્ને મરાયા છે. બન્ને વફાદાર સરદારોના મૃત્યુથી રાણી ભાંગી પડી. વફાદારીને યાદ નથી કરવી પડતી, તે હૃદયની તકતી ઉપર ઊંડા અક્ષરે કોતરાઈ જતી હોય છે.

અંતે સૌની સલાહ માનીને 5-4-1858ની રાત્રે બાર વાગ્યે રાણીએ ઝાંસી છોડી દીધું. પણ હવે જવું ક્યાં? આવા સમયે કોણ આશરો આપે? તેને કાલ્પી જવું હતું. કાલ્પીમાં નાનાસાહેબ, તાત્યા વગેરે હતા. પોતાના સાથીદારોને લઈને અનેક વિઘ્નો વટાવતાં-વટાવતાં બધાં દતિયા સ્ટેટ પહોંચ્યાં. થોડો વિશ્રામ કરીને પછી આગળ જઈશું, ઘોડા થાકી ચૂક્યા હતા. પણ આ શું ? દતિયાના ઠાકોરે તો બધાંને પકડી લીધાં. હા, રાણી ન પકડાઈ. થાકેલી રાણી, થાકેલા ઘોડા સાથે ફરી ભાગી. અંગ્રેજ સરદાર પાછળ પડ્યો હતો. કુંવર ભૂખ્યો થયો છે પણ દૂધ ક્યાંથી લાવવું? જેમતેમ કરીને તે રાત્રે કાલ્પી પહોંચી ગઈ. કાલ્પી પહોંચાડીને તેનો વફાદાર ઘોડો રાજહંસ ઢળી પડ્યો. રાણી આ વફાદાર પ્રાણીને ભેટી પડી. એક ચેતક હતો જે રાણા પ્રતાપ સાથે અમર થઈ ગયો અને આ રાજહંસ હતો જેની ચેતક જેવી પ્રસિદ્ધિ ન થઈ. પ્રસિદ્ધિમાં પણ ભાગ્ય જ કામ કરતું હોય છે.

પેલી બાજુ દતિયાના દરબારે જેને-જેને પકડેલા તે બધાને અંગ્રેજોને સોંપી દીધા. અંગ્રેજોએ તે બધાને તરત જ ફાંસીએ લટકાવી દીધા. તેમાં હતા રાણીના પિતા મોરો પંત તાંબે અને બીજા સરદારો. હ્યૂમ રોઝે બદલો લેવા જોખનબાગમાં ફાંસી દીધી. આ જોખનબાગમાં ક્રાન્તિકારી બળવાખોરોએ અંગ્રેજોને મારી નાખ્યા હતા. અંગ્રેજો બદલો લીધા વિના નથી રહેતા. લક્ષ્મીબાઈના પિતા મોરો

પંત તાંબે દતિયાના દરબારની ગદ્દારીથી ફાંસીએ લટકી ગયા.

સવારે નાનાસાહેબ અને લક્ષ્મીબાઈ મળ્યાં. હવે શું કરવું? બધાં વિચારતાં રહ્યાં. ત્યાં તો ઝાંસીને બાળીને ખાખ કરીને જનરલ રોઝ કાલ્પી તરફ વળ્યો. 7-5-1858ના રોજ કાલ્પીમાં યુદ્ધ છેડાઈ ગયું. રાણી પાસે પોતાની સેના તો હતી નહિ, જે હતું તે પેશવાનું હતું. તેમાં શિસ્ત રહી નહોતી. અંતે ગર્લોલી પાસે બન્ને સેના વચ્ચે યુદ્ધ થયું. પેશવાનું સૈન્ય ટકી ન શક્યું. તે કિલ્લામાં પાછું આવી ગયું.

બીજા દિવસે ફરી યુદ્ધ થયું. રાણી પોતાના યોદ્ધાઓ સાથે બહાર નીકળી અને અંગ્રેજી સેના ઉપર તૂટી પડી. અંગ્રેજો હારવાની તૈયારીમાં હતા ત્યાં દોઢસો ઊંટસવારો વચ્ચે આવી ગયા. તેમણે રોઝની સેનાનું રક્ષણ કર્યું. અંતે ઊંટોએ બાજી પલટી નાખી. અંગ્રેજો જીતી ગયા. રાણી વગેરે કિલ્લામાં ચાલ્યાં ગયાં. પતન હવે નક્કી જ છે તેમ સમજીને કિલ્લાની એક ગુપ્ત સુરંગમાંથી બધાં બહાર નીકળી ગયાં. સૌએ દૂર ગોપાળપુરામાં રાતવાસો કર્યો. ઝાંસી ગઈ અને હવે કાલ્પી પણ ગઈ. હવે કરવું શું? ઘોર નિરાશામાં પણ તાત્યા કદી નિરાશ થતો નથી. તેણે કહ્યું કે જો આપણે ગ્વાલિયરનો કિલ્લો જીતી લઈએ તો ફરીથી જીવન મળે. ગ્વાલિયરનો રાજા જયાજીરાવ અંગ્રેજતરફી હતો, તેને દંડ દેવો પણ જરૂરી હતો. પણ સેના ક્યાં? સેના વિના ગ્વાલિયર જિતાય નહિ. તાત્યાની ખાસિયત એ હતી કે તે ધારે તેની સેનાને ફોડી શકતો અને પોતાને પક્ષે કરી શકતો. તેણે કહ્યું કે પહેલાં મને એકલાને જવા દો, પછી તમે આવજો. ભલે આપણી પાસે થોડી સેના હોય પણ થોડી સેના લઈને પણ તમે આવજો. રાવસાહેબ અને બીજા બધા થોડી સેના લઈને પહોંચી ગયા. જયાજીરાવે તેમને ચાલ્યા જવા સમજાવ્યા પણ માન્યા નહિ. અંતે 1-6-1858ના રોજ બન્ને સેના વચ્ચે યુદ્ધ શરૂ થઈ ગયું. રાણી લક્ષ્મીબાઈ પણ યુદ્ધમાં કૂદી પડી. તેની વીરતાથી સેનામાં જોમ-જુસ્સો વધી ગયો. લોકો તેની વીરતા જોતા જ રહી ગયા. તાત્યાએ સિંધિયાનું સૈન્ય ફોડી નાખ્યું. ઘણા સૈનિકો પેશવાના પક્ષે આવી ગયા. હવે જયાજીરાવ ગભરાયો. સેના જ ફરી જાય તો રાજાને જવું ક્યાં? તે ભાગ્યો અને ધોળપુર પહોંચ્યો, ત્યાંથી આગ્રા ગયો અને અંગ્રેજોનું શરણું સ્વીકાર્યું.

આ બાજુ પેશવાએ ગ્વાલિયર કબજે કરી લીધું. તાત્યાની યોજના સફળ રહી. લોકોએ રાવસાહેબનું ભવ્ય સ્વાગત કર્યું. તેઓ મહેલમાં રહેવા ગયા, જ્યારે રાણી મહેલમાં નહિ પણ નવલખા બાગમાં એક મકાન હતું ત્યાં રહેવા ગઈ. તાત્યાને કોણ જાણે! શું થયું તે તો ચાલતો થયો.

રાવસાહેબ વિજયને પચાવી ન શક્યા. તેમણે દબદબા સાથે પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. ચારે તરફ નાચગાન અને મુજરા થવા લાગ્યાં. તેમને ભવિષ્યની આપત્તિઓ દેખાતી ન હતી. રાણીને આ બધું ન ગમ્યું પણ સાથે રહેવું હોય તો ન ગમતું પણ સ્વીકારવું પડે.

પેલી તરફ સર હ્યૂમ રોઝને ગ્વાલિયરના સમાચાર મળ્યા. તે સેના લઈને ગ્વાલિયર તરફ આગળ વધ્યો. તા. 12-6-1858ના રોજ રોઝ અને નેપિયર પોતપોતાની સેના લઈને મોરાર કિલ્લા પાસે પહોંચી ગયા. હવે રાવસાહેબને ભાન આવ્યું. તેઓ જાગ્યા, પણ મોડું થઈ ગયું હતું. બન્ને તરફથી તોપોના ગોળા વરસવા લાગ્યા. અંગ્રેજોની સેના ભારે પડી રહી હતી. બન્ને વચ્ચે ખૂનખાર યુદ્ધ થવા લાગ્યું, પણ રોઝની વ્યૂહબાજી સફળ રહી. અંગ્રેજોએ મોરાર કિલ્લા ઉપર અધિકાર કરી લીધો. મોરાર કિલ્લાથી બધા ક્રાન્તિકારીઓ પાછા ગ્વાલિયર આવી ગયા. ત્યાં તો કર્નલ સ્મિથ પોતાની સેના લઈને પહોંચી ગયો. ફરી યુદ્ધ થયું. ફરી પાછી રાણી યુદ્ધમાં કૂદી પડી. રાણી સમજી ગઈ કે હવે આ યુદ્ધ તેના જીવનનું અંતિમ યુદ્ધ થશે. તે મરણિયા બની ગઈ. તેને બે સખીઓ હતી – મુન્દર અને કાશી. બન્ને સૈનિકવેશમાં સાથે જ હતી. તેના સૈનિકો ઓછા થતા થતા હવે માત્ર પંદર જ રહી ગયા હતા. તે બહુ થાકી ગઈ હતી, પાણી પીતી હતી ત્યાં તો ગોરાની ગોળીએ પ્યાલો ઊડી ગયો. રાણી ફરીથી યુદ્ધે ચઢી. નાનાસાહેબ અને તાત્યા દૂર હતા. રાણીએ ગોરાઓનો ઘેરો તોડી નાખ્યો અને બહાર નીકળી ગઈ. એક ગોળી તેની જાંઘમાં વાગી. લોહીનો ફુવારો છૂટ્યો. સાડીથી ઘાવને બાંધી દીધો અને ભાગી. ઘોડો નવો હતો. તે નાળું કૂદી ન શક્યો. અટકી ગયો. ત્યાં તો અંગ્રેજો નજીક આવી ગયા. એક અંગ્રેજના ઘાથી રાણીનું માથું ચિરાઈ ગયું. તેની આંખ બહાર નીકળી ગઈ. રાણી ધરતી ઉપર ઢળી પડી. પઠાણ ગુલામ મોહમ્મદ અને રામરાવ દેશમુખ નજીક આવી ગયા. રાણી છેલ્લા શ્વાસ લઈ રહી હતી. નજીકમાં જ બાબા ગંગાદાસની કુટિયા હતી. ત્યાં રાણીને ઊંચકીને લઈ ગયા. ગંગાદાસે રાણીના મુખમાં ગંગાજળ મૂક્યું

અને રાણીએ કાયમ માટે આંખો મીંચી દીધી. ગંગાદાસ ધન્ય થઈ ગયો. ગંગાદાસની કુટિયા ધન્ય થઈ ગઈ. કોઈ મહાન વિભૂતિની અંતિમ ક્ષણો માણવાની જેને મળે તેની ધન્યતાનો પાર ન રહે.

અંગ્રેજો આવી પહોંચે તેના પહેલાં ગંગાદાસે અને સાથીદારોએ ત્યાં જ ચિતા ખડકી દીધી અને અગ્નિદાહ આપી દીધો. ગંગાદાસે પોતાની કુટિયાને જ ચિતા બનાવી દીધી ને પોકે ને પોકે રડતો રહ્યો. પૂરું હિન્દુસ્તાન ત્યારે ડૂસકાં ભરી રહ્યું હશે. હા, પેલો ગદ્દાર દુલ્હોજી જેણે ઝાંસીનો દરવાજો ખોલી દીધો હતો તે કદાચ રાજી થયો હશે. આ વીરોના દેશમાં ગદ્દારોની પણ ક્યાં કમી રહી છે? રાણીની શહીદી વખતે તેની ઉંમર માત્ર 23 વર્ષની હતી.

હ્યૂમ રોઝ રાણીને જીવતી પકડવા માગતો હતો, પણ તેના હાથમાં રાખ સિવાય કશું ન આવ્યું. 18-6-1858ના રોજ બાબા ગંગાદાસની કુટિયા રાણીની સ્મશાનભૂમિ થઈ ગઈ અને હવે અત્યારે રાષ્ટ્રીય તીર્થ બની ગઈ છે. તેની છત્રી રચાઈ છે. કોઈ વાર ગ્વાલિયર જાવ તો આ વીરાંગનાની છત્રી જોવા જરૂર જજો.

*"ઈસ ધરતી કો નમન કરો યે ધરતી હૈ*
*બલિદાન કી... વન્દે માતરમ્"*

રાણી સાથે જ 1857નો બળવો પણ લગભગ સમાપ્ત થઈ ગયો. માનસિંહની ગદ્દારીથી તાત્યા ટોપેને ઊંઘતો પકડીને ફાંસીએ લટકાવી દીધો. નાનાસાહેબનો પત્તો જ ન લાગ્યો.

અંગ્રેજોમાં બે ભાગ પડી ગયા હતા. એક ભાગ રાણીને મહાન વીરાંગના માનીને બિરદાવતો હતો, તો બીજો ભાગ તેને ચારિત્રહીન અને ઘણા દોષો લગાડીને નિંદતો હતો. હલકા માણસો હંમેશાં કોઈના ચારિત્ર ઉપર મર્માઘાત કરીને તેને હલકું પાડતા હોય છે. રાણી વિધવા હતી, જુવાન હતી, રૂપાળી હતી. બસ, આટલું બસ થઈ ગયું. હલકટ લોકો તેને કોઈની સાથે વાત કરતી જુએ તોપણ હલકી ધારણા કરી બેસે. ભારતમાં જુવાન રૂપાળી સ્ત્રીનું જીવવું કઠિન થઈ જતું હોય છે. અહીં કલંક લગાડનારાનો તોટો નથી. તેઓ કલંક લગાડવા જ જન્મ્યા હોય છે. રાણીના ઉજ્જ્વળ ચરિત્રને પણ કલંકિત કરતી અફવાઓ ફેલાવા લાગી હતી જેથી તે હીરો ન થઈ જાય. અંગ્રેજ સેનાપતિ સર હ્યૂમ રોઝે તેનાં ભરપેટ વખાણ કર્યાં છે. રાણીએ દશ મહિના સુધી ઝાંસીનું રાજ્ય ચલાવ્યું, ઘણો સુધારો કર્યો. લોકો તેનો જયજયકાર કરવા લાગ્યા હતા. પણ કેટલાક હલકટ લોકો કૂથલી પણ કરતા રહેતા. કૂથલી કોની નથી થઈ? યુદ્ધમાં તલવારના ઘા કરતાં કૂથલી-કલંકનો ઘા વધુ પીડાદાયક થઈ જતો હોય છે. તેમાં પણ જો તેવો ઘા ઘરમાંથી જ વાગે તો પારાવાર પીડા થાય. રાણી બન્ને તરફની પીડા ભોગવતી રહી અને શહીદ થઈ ગઈ.

પોતાની પીઠ ઉપર બાંધીને દત્તક પુત્ર દામોદરરાવને રાણીએ છેવટ સુધી રક્ષણ આપ્યું. રાણીએ રામરાવ દેશમુખને છેવટની ઘડીએ દામોદરને સોંપી દીધો અને જતન કરવાનું વચન લીધું, પછી જ આંખ મીંચી હતી. ત્યારે દામોદર નવ વર્ષનો હતો. આ નવ વર્ષના ગભરુ બાળકે પોતાની માતાની ભડભડતી ચિતા જોઈ હતી. રામરાવ દેશમુખ દામોદરને લઈને જંગલમાં વિલીન થઈ ગયો. હજી રાણીની સખી કાશી જીવતી હતી. બીજી સખી મુન્દર તો યુદ્ધમાં શહીદ થઈ ગઈ હતી. કાશીએ દામોદરનો ઉછેર કરવા માંડ્યો.

દામોદરને લઈને આ લોકો ઘણા સમય સુધી છુપાતા રહ્યા. તેમની પાસે જે દાગીના હતા તે બધા વેચીને પેટ ભરતા રહ્યા, પણ છેવટમાં કશું જ ખાવાનું ન રહ્યું. દામોદર ભૂખથી તડપવા લાગ્યો ત્યારે ન છૂટકે તેઓ અંગ્રેજો આગળ પ્રગટ થયા. પૉલિટિકલ એજન્ટ મિ. પ્લીક હતો. રાણીથી તે પ્રભાવિત હતો. તેણે દામોદરને માન આપ્યું અને તેની ભલામણથી બ્રિટિશ સરકારે તેને રૂપિયા 150નું પેન્શન બાંધી આપ્યું. આ પ્લીકે જ દામોદરને અંગ્રેજી, મરાઠી, ફારસી અને ઉર્દૂનું અધ્યયન કરાવડાવ્યું.

દામોદરના નામે કંપની સરકાર પાસે છ લાખ રૂપિયા જમા હતા તે માગ્યા પણ સરકારે ન આપ્યા. દામોદર સામાન્ય માણસની માફક જીવ્યો. દામોદરનું લગ્ન ભાટવડેકર પરિવારની બ્રાહ્મણકન્યા સાથે થયું, પણ કન્યા લાંબું જીવી નહિ. તેનાં બીજાં લગ્ન 'શેવડે'

પરિવારમાં થયાં તેના થકી તેને એક પુત્ર થયો. નામ હતું લક્ષ્મણરાવ. 57 વર્ષની ઉંમરે દામોદરનું અવસાન થઈ ગયું. અંગ્રેજ સરકારે પેન્શન 150માંથી 100 કરી નાખ્યું. પછી તો દેશ આઝાદ થયો. આઝાદ ભારતની સરકારે તેનું પેન્શન 100માંથી 75 કરી નાખ્યું. વાહ રે આઝાદી! વાહ રે દેશભક્તિ!

લક્ષ્મણરાવનું અવસાન 4-5-1959ના રોજ થઈ ગયું. મહારાણી લક્ષ્મીબાઈને ખરેખર સાચી શ્રદ્ધાંજલિ કવયિત્રી સુભદ્રાકુમારી ચૌહાણે આપી કહેવાય. તેમની એક જ કવિતાએ તેમને અમર કરી દીધાં. કવિતાનું એક પદ તો જુઓ.

*“બુંદેલે હર બોલો ન મુંહ હમને સુની કહાની થી,*
*ખૂબ લડી મર્દાની વો તો ઝાંસીવાલી રાની થી ॥”*

અમે અમારા આશ્રમમાં ઘણા ક્રાન્તિકારી શહીદોની સાથે રાણી લક્ષ્મીબાઈની બે પ્રતિમાઓ મૂકી છે– કદાચ કોઈ છોકરીને લક્ષ્મીબાઈ થવાની પ્રેરણા મળે તેવી આશાથી.

# 11
# ગ્વાલિયર

અમે ગ્વાલિયર પહોંચ્યાં છીએ અને 1500 વર્ષ જૂનો કિલ્લો જોવા જઈ રહ્યાં છીએ. ગ્વાલિયર આગ્રાથી લગભગ 100 કિ. મી. દૂર મહત્ત્વની જગ્યાએ સ્થિત છે. તેથી તેનું સૈનિકમહત્ત્વ ઘણું વધી જાય છે. આ કિલ્લો એક વિશાળ ટેકરા ઉપર બંધાયેલો છે, જે લગભગ ત્રણ કિ. મી. લાંબો અને 600થી 2800 ફૂટ પહોળો છે. એની દીવાલો 30થી 35 ફૂટ ઊંચી છે. અહીં મહારાજા દૌલતરાવ સિંધિયાએ સેનાની છાવણી બનાવી હતી. આ કિલ્લામાં આઠ તળાવો, છ મહેલ, છ વિશાળ મંદિરો અને એક દરગાહ પણ છે.

એવી કિંવદન્તી છે કે સૂરજસેન નામક એક સેનાપતિને કુષ્ઠરોગ થઈ ગયો હતો. તે અહીં અરણ્યમાં શિકાર કરવા આવેલો અને પછી તેને તીવ્ર તરસ લાગી. તેને ગાલિયા નામના સંત મળ્યા. તેમણે પોતાની કુટિયા પાસેના કુંડમાંથી પાણી પિવડાવ્યું. તેના આશ્ચર્ય વચ્ચે તેનો રોગ મટી ગયો. તેથી સંતને કાંઈક માગવાનું કહ્યું. સંતે અહીં કુંડ બંધાવવાનું કહ્યું હતું. અને કિલ્લો બનાવવાનું કહ્યું હતું. સૂરજસેને સંતની આજ્ઞા માનીને અહીં કુંડ બનાવ્યો તથા કિલ્લો પણ બનાવ્યો. સંતના નામ ઉપરથી ગ્વાલિયર નામ પડ્યું.

અહીં હૂણવંશના રાજાઓએ રાજ્ય કરેલું. તેમાંનો એક માતૃચેત નામનો હૂણ રાજા ઈ. સ. 525માં રાજ્ય કરતો હતો. દશમી શતાબ્દીમાં વજદામા રાજ્ય કરતો હતો. ઈ. સ. 1232માં દિલ્લીના અલ્તમશે ચઢાઈ કરી. રાજપૂતો હારી ગયા અને હજારો સ્ત્રીઓએ અહીં જૌહર કરેલું. યાદ રહે રાજપૂતાણીઓ મુસ્લિમ આક્રાન્તાઓના હાથે પરાજય પામ્યા પછી જૌહર કરતી હોય છે. ઈ. સ. 1398 સુધી આ કિલ્લો દિલ્હીના બાદશાહોના હાથમાં રહ્યો. એવા સમયે વીરસિંહદેવ તોમરે ગ્વાલિયરને પોતાના હાથમાં કરી લીધું અને લાંબો સમય રાજ્ય કર્યું. આ તોમરવંશમાં ડુંગરસિંહ રાજા થયો. તેના સમયમાં કિલ્લાની ઊંચી-ઊંચી ચટ્ટાનોમાં જૈન તીર્થંકરોની ઊંચી-ઊંચી ભવ્ય પ્રતિમાઓ કંડારવામાં આવી હતી– જેવી અફઘાનિસ્તાનના તાલિબાન-બામિયાન પ્રદેશમાં બુદ્ધની વિશાળકાય પ્રતિમાઓ હતી તેવી, તેનાથી નાની પણ તે જ પ્રકારની.

મહારાજા માનસિંહ તોમરના સમયમાં આ કિલ્લો પૂર્ણ જાહોજલાલીએ પહોંચ્યો હતો. પણ દિલ્હીના ઇબ્રાહીમ લોદીના આક્રમણથી કિલ્લો ફરી પાછો દિલ્હીના હાથમાં ચાલ્યો ગયો. પછી શેરશાહ સૂરીએ કિલ્લો કબજે કરી લીધો અને 1559માં અકબરે આ કિલ્લાને પોતાને આધીન કરી લીધો. લગભગ 200 વર્ષ સુધી આ કિલ્લો મોગલોના હાથમાં રહ્યો.

ઈ. સ. 1754માં મરાઠા ચઢી આવ્યા. મરાઠા જીતી ગયા અને કિલ્લો પેશ્વાના હાથમાં આવ્યો. પેશ્વાએ પોતાના સરદાર મહાદજી સિંધિયાને શાસક નીમ્યો. 1780માં અંગ્રેજો ચઢી આવ્યા. અંગ્રેજો જીતી ગયા, પણ 1781માં છત્રપતિસિંહને કિલ્લો સોંપી દીધો.

મરાઠા સરદાર ખંડેરાવ હરિ 1783માં ચઢી આવ્યા અને કિલ્લો જીતી લીધો! હવે ફરીથી મરાઠાસત્તા સ્થાપિત થઈ ગઈ. 1804માં ફરીથી અંગ્રેજો ચઢી આવ્યા અને જીતી ગયા. પણ એક સંધિને આધીન આ કિલ્લો સિંધિયા રાજાઓને સોંપી દેવાયો.

1844ના યુદ્ધમાં અંગ્રેજોએ ફરીથી આ કિલ્લો પડાવી લીધો. 1853માં મહારાજા જયાજીરાવને કિલ્લો પાછો સોંપી દેવાયો. 1857ના વિદ્રોહ વખતે આ કિલ્લો જયાજીરાવ પાસે હતો. થોડા સમય માટે મહાન સેનાપતિ તાત્યા ટોપેએ આ કિલ્લો સ્વાધીન કરી લીધો હતો. પણ 1858માં સર હ્યૂમ રોઝે ફરીથી આ કિલ્લો જીતીને સિંધિયાને સોંપી દીધો હતો. તે પછી સિંધિયા રાજાઓ હંમેશાં અંગ્રેજોના વફાદાર રહ્યા હતા. આમ વારાફરતી આ કિલ્લો અનેક હાથોમાં રહેતો-રહેતો છેવટે સિંધિયા રાજાઓના હાથમાં રહ્યો. હવે આપણે કિલ્લો જોઈએ.

આ પ્રતિમા રાજા માનસિંહની છે. માનસિંહ મહાન તોમર રાજા થયો, જેણે આ કિલ્લામાં ઘણાં સ્થાપત્યો રચાવ્યાં હતાં. અમે બે બસોમાં બેસીને કિલ્લા ઉપર જઈ રહ્યાં છીએ. અહીં મોટી બસ જઈ શકતી નથી, તેથી નાની બસો ચાલે છે. જૈન દિગંબર પ્રતિમાઓને ઔરંગઝેબના સમયમાં ખંડિત કરી નાખવામાં આવેલી ને બિચારી થઈને ઊભી છે. ઇસ્લામી રાજ્યની સાથે વિધ્વંસ પણ ચાલતો રહ્યો છે.

અમે કિલ્લાની ઉપર પહોંચી ગયાં છીએ. એક તરફ અરાવલ્લી પર્વત અને બીજી તરફ વિંધ્યાચલ પર્વતનો અહીં સંગમ થાય છે. રાજસ્થાનના ચિતોડગઢના કિલ્લા પછી આ કિલ્લો બીજા નંબરે આવે છે. તે વિશાળ અને ભવ્ય છે. મહમદ ગઝની અહીં ચઢી આવેલો, પણ રાજાએ હાથી-ઘોડા, દર-દાગીના આપીને સંધિ કરીને પાછો વાળેલો. કુતુબુદ્દીન ઐબકે આ કિલ્લા ઉપર 750 માણસોની કતલ કરી નાખી હતી. તોમરવંશની નવ પેઢીઓએ અહીં રાજ કર્યું હતું. છઠ્ઠી પેઢીમાં થયા માનસિંહ. તેમના પિતા ડુંગરસિંહે જૈન કન્યા સાથે લગ્ન કર્યાં હતાં, તેથી તે કન્યાના આગ્રહથી અહીં જૈન તીર્થંકરોની પ્રતિમાઓ કંડારવામાં આવી છે. ત્યારે અહીં જૈન મુનિઓનો ભારે પ્રભાવ હતો. તેમના પછી રાજા માનસિંહ થયા. જેમણે આ માનસિંહ પૅલેસ અને મંદિર બનાવ્યાં છે. આમાં 80 સ્તંભ છે.

રાજા માનસિંહને નવ રાણીઓ હતી. તેમાં આઠ રજપૂતાણીઓ હતી અને નવમી ગુર્જરજ્ઞાતિની હતી. ગુર્જરકન્યાને બાયસન સાથે લડાઈ કરતી જોઈ તો તે તેના પરાક્રમથી મોહી પડ્યો. તેની સાથે લગ્નનો પ્રસ્તાવ રાખ્યો. તેનું નામ નન્ની હતું. માનસિંહે તેનું નામ મૃગનયની રાખી દીધું. કન્યાએ ત્રણ શરતો રાખીઃ 1. હું ઘૂંઘટ નહિ તાણું. 2. હું હંમેશાં તમારી સાથે જ રહીશ. 3. મારા ગામથી રોજ તમારે મારા માટે પાણી લાવવું પડશે. આ ત્રણ શરતોને માનસિંહે સ્વીકારી લીધી પછી લગ્ન થયાં. રાજાએ તે સમયમાં તેના ગામથી પાઇપ લગાવીને નીચે ગુજરીમહેલ સુધી પાણી પહોંચાડ્યું હતું. રાજાની આઠ રાણીઓ ઉપર કિલ્લામાં રહેતી હતી અને નવમી ગુર્જરકન્યા અહીં નીચે ગુજરીમહેલમાં રહેતી હતી. ઇબ્રાહીમ લોદીએ જ્યારે આ કિલ્લાને ઘેરી લીધો હતો ત્યારે કોઈ જાણભેદુ માણસ ફૂટી ગયો હતો. તેણે ગુપ્ત ભોંયરાની માહિતી આપી દીધી હતી. તે માર્ગથી લોદીની સેના કિલ્લામાં પ્રવેશી ગઈ હતી ત્યારે રાજાની આઠ રાણીઓ સહિત હજારો રાજપૂતાણીઓએ જૌહર કરેલું. જો જૌહર ન કરે તો આક્રાન્તાઓ તેમનું શિયળભંગ કરી નાખતા. પોતાના શિયળની રક્ષા કરવા રાજપૂતાણીઓ ભડભડતી ચિતામાં કૂદી પડતી!

આ 'સાસબહુ'નું મંદિર છે. ખરેખર તો તે સહસ્રબાહુનું મંદિર છે, પણ ઉચ્ચારણ બદલાઈ જવાથી 'સાસબહુ' થઈ ગયું. 11મી શતાબ્દીમાં રાજા મહીપાલે આ મંદિર બનાવ્યું હતું. તેમાં હજાર હાથવાળી ભગવાન વિષ્ણુની પ્રતિમા મૂકેલી, જે ઔરંગઝેબના સમયમાં ખંડિત કરી દેવાઈ છે. મંદિર સુંદર છે. રાજાએ મોટું મંદિર પોતાના માટે અને નાનું મંદિર પોતાની માતાના માટે બનાવડાવેલું.

આ રાજા માનસિંહનો દીવાને આમ છે. અહીં સભા ભરાતી. રાજા જ્યારે સભા ભરતો ત્યારે રાણીઓ આ ઉપર જાળીવાળા ખંડમાં બેસીને સભા જોતી. રાણીઓ દરબારીઓને તથા દરબારની પ્રક્રિયાને જોઈ શકતી, પણ દરબારીઓ રાણીઓને જોઈ શકતા નહિ. પત્ની, પતિની બૌદ્ધિક પ્રવૃત્તિમાં રસ લે તો બન્નેનું બૌદ્ધિક લેવલ સરખું બને. જો પત્ની પતિની બૌદ્ધિક પ્રવૃત્તિમાં રસ જ ન લે તો પતિ-પત્નીમાં બૌદ્ધિક કજોડું થાય. નર-નારીના કામવિકારો આંખોમાંથી આવતા હોય છે એટલે તે સમયમાં પડદાપ્રથા રાખવામાં આવતી હશે. એકબીજાની આંખો મળે નહિ તો વાત આગળ વધે નહિ.

ગ્વાલિયરની નજીક જ યુદ્ધક વિમાનો માટેનું મથક છે. તેથી અત્યારે અભ્યાસ કરનારાં હવાઈ વિમાનો ઘરઘરાટી સાથે ઊડ્યા કરે છે.

આ "દાતાબન્દી છોડ ગુરુદ્વારા" છે. ત્રીસ-ચાલીસ વર્ષથી શીખ લોકો તેને બનાવી રહ્યા છે. આ જગ્યાએ શીખપંથના છઠ્ઠા ગુરુ હરગોવિંદ સાહેબને જહાંગીરે કેદ કર્યા હતા. 12 વર્ષ સુધી ગુરુજી અહીં કેદ રહ્યા હતા. તેમના પહેલાંના પાંચમા ગુરુ અર્જુનદેવજીને જહાંગીરે જીવતા બાળ્યા હતા. છઠ્ઠા ગુરુજીએ શીખ-પંથને સૈનિક- પંથ બનાવ્યો. તેમણે શીખોને શસ્ત્રધારી કરવા માંડ્યા. હિન્દુ સંપ્રદાયોમાં લગભગ બધા જ સંપ્રદાયો શસ્ત્રવિરોધી અધ્યાત્મને માનતા હતા ત્યારે ગુરુ હરગોવિંદજીએ પ્રજાને શસ્ત્ર ધારણ કરીને અધ્યાત્મવાદી થવાનો ઉપદેશ આપ્યો હતો. જહાંગીરે તેમને અહીં કેદ કરી લીધા હતા. પણ જહાંગીર બીમાર પડ્યો તેથી ગુરુજીના શાપની શંકા થઈ તે કારણે જહાંગીરે તેમને છોડી મૂકવાનો હુકમ કર્યો. પણ ગુરુજીએ કહ્યું કે, "હું એકલો નહિ, આ કેદખાનામાં પડેલા બધા રાજાઓને છોડી મૂકવામાં આવે." અંતે જહાંગીરે એવી શરત મૂકી કે, "તમારા ખેશ પકડીને જેટલા રાજા બહાર નીકળે તે બધાને હું છોડી મૂકીશ." ગુરુજીએ એટલો લાંબો ખેશ પહેર્યો કે તેને પકડીને સો રાજાઓ કેદખાનામાંથી બહાર નીકળી ગયા. આ કારણે આ ગુરુદ્વારાને "દાતાબન્દી છોડ ગુરુદ્વારા" કહેવાય છે. અહીં સૌના માટે રહેવા-જમવાની વ્યવસ્થા છે.

અમે માનમંદિર જોઈ રહ્યાં છીએ. ઉપરની આઠ જાળીઓથી આઠ રાણીઓ અહીં બેસીને નૃત્ય-સંગીત જોતી- સાંભળતી હતી. જાળીઓમાં દાંડિયા-રાસની કલા કોતરેલી છે. અહીં હીરા જડેલા જેને ઇબ્રાહીમ લોદીએ કઢાવી લીધા છે. ત્યારે હારેલો રાજા બધી રીતે લૂંટાઈ જતો. તેનો વૈભવ એક ક્ષણમાં ધૂળધાણી થઈ જતો. નવમી રાણી ગુર્જર હતી તે સંગીતની ઘણી શોખીન હતી.

આ શયનકક્ષમાં ઠંડી હવા માટેની વ્યવસ્થા જોવા જેવી છે. પવન આવવાની દિશામાં બારી છે, જ્યાંથી ગરમ-લાય જેવો પવન આવે છે. પણ બારીમાં સુખડનાં લાકડાં ગોઠવાયાં છે. તેની પાસે જળના ખાડાની વ્યવસ્થા છે. પવન સુખડને સ્પર્શી પછી જ જળમાં આવે, ઠંડો થઈ જાય, પછી સુગંધ સાથે ઠંડો પવન શયનકક્ષમાં સૂતેલા માણસને અડે તેવી વ્યવસ્થા છે.

આ તેલી મંદિર છે. ખરેખર તો આ તેલંગાના મંદિર છે. ત્યારે અહીં દક્ષિણ ભારતના વિષ્ણુભક્તો રહેતા હશે.

તેમણે દ્રવિડ શૈલીનું આ મંદિર બંધાવ્યું હતું. અપભ્રંશ કરીને તેલી શબ્દ થઈ ગયો.

આ કિલ્લામાં પાણી માટે ઘણાં તળાવો છે. જેમાં જૌહરતાલ, માનસરોવર, સૂરજકુંડ, ગંગોલાતાલ, કટોરાતાલ, રાનીતાલ, ચંદીતાલ વગેરે છે. આ જૌહર-તાલમાં ઈ. સ. 1252માં રાજપૂતાણીઓએ જૌહર કરેલું. કેટલી કિંમત હશે ત્યારે શિયળની!!

આ ગ્વાલિયાઋષિની સમાધિનું સ્થાન છે. પણ 1664માં અહીંના મુસ્લિમ કિલ્લેદારે તેને ધ્વસ્ત કરીને તેની જગ્યાએ દરગાહ બનાવી દીધી છે. હવે દરગાહની બાજુમાં નાની સમાધિ બની છે.

હવે અમે કિલ્લો જોઈને પાછાં નીચે ઊતરી રહ્યાં છીએ. એક તરફ તીર્થંકરોની ખંડિત પણ ભવ્ય પ્રતિમાઓ જોઈને મન દુઃખી થાય છે. કેવા સંકુચિત લોકો હશે આને તોડનારા! આ કિલ્લા ઉપર કેટલા-કેટલા વંશોએ રાજ કર્યું! સૌએ પોતપોતાની છાપ છોડી છે. કોઈ કાયમ રહેતું નથી. વર્તમાનમાં સિંધિયા રાજઘરાના બે ભાગમાં વહેંચાય છે. કેટલાક કૉંગ્રેસમાં છે, તો કેટલાક ભાજપમાં છે. બન્ને ભાગની વ્યક્તિઓ ઉચ્ચ પદો ઉપર આસીન છે. મૂળમાં મરાઠી અટક સિંદે હતી. પણ અંગ્રેજોએ સિંદે ને સિંદિયા બનાવી દીધા.

બપોર પછી ફરી પાછા અમે તાનસેનનો મકબરો જોવા નીકળ્યાં. તાનસેન આ ગ્વાલિયરનો બ્રાહ્મણ હતો. તેનું નામ તન્નુમિશ્ર અથવા ત્રિલોચન મિશ્ર હતું. પહેલાં તે તોમર રાજાઓનો ગાયક હતો, પછી રીવા અને પછી વાઘેલા રાજાઓનો ગાયક થયો. તેની પ્રસિદ્ધિ સાંભળીને અકબર તેને દિલ્હી લઈ ગયો હતો અને પોતાનાં નવ રત્નોમાં શામીલ કરી દીધો હતો. પાછળથી અકબરે ‘દીને ઇલાહી’ ધર્મની સ્થાપના કરેલી. તાનસેન તેમાં સંમિલિત થઈ ગયો. તેથી તેણે મુસ્લિમ ધર્મ સ્વીકાર કર્યો એમ કહેવાય છે. પાછલી જિન્દગીમાં તેણે અહીંના પ્રસિદ્ધ ફકીર મોહમ્મદ ગૌસને ગુરુ માનેલા. જેથી તાનસેનનો મકબરો મોહમ્મદ ગૌસના મકબરાની બાજુમાં એકદમ સાદો અને નાનો બનાવેલો છે. તાનસેન મહાન સંગીતકાર-ગાયક હતો. તેની સ્મૃતિમાં પ્રતિવર્ષ અહીં સંગીતસભાનું આયોજન થાય છે અને ઇનામ વહેંચાય છે. અમે રિક્ષાઓમાં બેસીને ગ્વાલિયર પાર કરતાં-કરતાં મકબરા સુધી પહોંચી ગયાં. ચારે તરફ મોટા ભાગની વસ્તી મુસ્લિમોની છે. સાંકડો અને તંગ રસ્તો છે અને ખુલ્લી ગટરના કારણે ગંદકીનો પાર નથી. મોહમ્મદ ગૌસના મકબરા આગળ વિશાળ પ્રાંગણ છે, જેમાં સેંકડો નગરવાસીઓ આનંદપ્રમોદ કરી રહ્યાં છે. મકબરો ખરેખર ભવ્ય છે. અકબરે બનાવેલો છે. આ ફકીરે બાબર, હુમાયુ તથા અકબરને મદદ કરેલી, તેનું રાજદરબારમાં સારું માન હતું. મકબરાની ચારે તરફ ઘણા ફકીર ભિક્ષુકો બેઠા છે. અંદર મોટી કબર છે અને બાજુમાં તેમના પરિવારનાં બધાં સ્વજનોની નાનીનાની કબરો છે. મેં બધાને દશ-દશ રૂપિયા આપ્યા. મારા માટે કશો ભેદ નથી. મંદિર આગળ બેઠેલા ભિખારી હોય કે મસ્જિદ આગળ બેઠેલો ફકીર હોય, બધાં ભગવાનનાં જ બાળકો છે. બિચારાં લાચાર છે તેથી તો ભીખ માગે છે. ભગવાન કોઈને લાચાર જીવન ન આપે. તાનસેનનો સાવ નાનો મકબરો અથવા સમાધિ જોઈ.

અમે બધાં ફરીથી રિક્ષાઓમાં ગોઠવાયાં અને પાછાં હોટલમાં આવી ગયાં. કેટલાક લોકો ખરીદી કરવા રસ્તામાં ઊતરી પડ્યા.

ગ્વાલિયરમાં જીયાજીરાવ સિંધિયાનો ભવ્ય પૅલેસ જોયો, જેમાં રાજા-મહારાજાઓના વૈભવની અનેક વસ્તુઓનો સંગ્રહ થયેલો છે.

# 12
# ઉજ્જૈન

અમારે આજે ઉજ્જૈયિની જવાનું છે. પ્રવાસ લાંબો છે. વચ્ચે શિવપુરીમાં સિંધિયા રાજાઓની છત્રીઓ જોવાની છે. રાજા-મહારાજાઓના દાહસંસ્કાર કર્યા પછી તેમની સ્મૃતિમાં જે સમાધિ બનાવાય છે તેને છત્રી કહે છે. મૃત્યુ પછી પણ પોતાની યાદગીરી રહે એટલા માટે લોકો કાંઈ ને કાંઈ સ્મારક બનાવતા હોય છે. મુસ્લિમો જેમ મકબરા બનાવે છે તેમ આપણે સમાધિઓ-છત્રીઓ વગેરે બનાવીએ છીએ. મોટા ભાગે આવું રાજા-મહારાજાઓ માટે અથવા મોટા ધર્મગુરુઓ માટે થતું હોય છે.

પ્રવાસ લાંબો હોય અને શામજીભાઈ ખૂંટના હાથમાં માઇક આપી દો તો દોહા-છંદની રમઝટ બોલાવી દે. કવિ કાગનું વિપુલ સાહિત્ય તેમને કંઠસ્થ છે. તેમના મોઢેથી કાગસાહિત્ય સાંભળ્યા પછી મને થયું કે ખરેખર આ મહાન લોકકવિને આપણે બરાબર ઓળખી શક્યા નથી. ગજબની રચનાઓ શ્રી ખૂંટ સંભળાવે છે, અને અમે તન્મય થઈને સાંભળીએ છીએ. આમ જુઓ તો આપણે આપણા મહાન સપૂતોને સમય રહેતાં ક્યાં ઓળખી શક્યા છીએ! કવિ કાગ પ્રત્યે મારું માન વધી ગયું.

આજે તો બધા પ્રવાસીઓએ પોતપોતાનાં પ્રવચનો કર્યાં, બધાં વક્તા થઈ ગયાં! સૌને આનંદ આવ્યો. અને અમે ઉજ્જૈન પહોંચી જ ગયાં. થાક્યાં-પાક્યાં રાત્રે સૂઈ ગયાં. પૂરી યાત્રામાં આજના ઉતારાથી લોક પ્રસન્ન ન હતા. પણ લગ્નગાળો હોવાથી બીજી સારી વ્યવસ્થા થઈ શકે તેમ નહોતી. તેથી થોડી ઊતરતી વ્યવસ્થા સ્વીકારવી પડી. કોઈ પણ ક્ષેત્રની ચઢતી પછી પડતી દુઃખદાયી થઈ જાય છે.

સવારે તૈયાર થઈ અમે બધા ઉજ્જૈયિની દર્શન માટે નીકળી પડ્યાં. પણ રસ્તામાં જ બસનો પાઇપ ફાટી જવાથી ઊભાં થઈ જવું પડ્યું. બીજી બસની વ્યવસ્થા થાય ત્યાં સુધી અમારે અહીં જ રોકાવાનું હતું. બાજુમાં જ ઝૂંપડાં છે. ગરીબ માણસો અને તેમનાં બાળકો સવારની પ્રવૃત્તિ કરી રહ્યાં છે. સૌને પ્રસાદ વહેંચ્યો. પહેલાં તો બાળકો ડરીને ભાગી ગયાં, પણ પછી વિશ્વાસ થયો એટલે આવ્યાં. એકાદ કલાકમાં બીજી બસ આવી ગઈ. અમે બધાં તેમાં ગોઠવાયાં. બહુ ઝડપથી M. P. ટૂરિઝમે વ્યવસ્થા કરી તે માટે ધન્યવાદ. અમે ક્ષિપ્રા પાર કરીને પેલી તરફ પહોંચ્યાં. આ નદીના કિનારે કુંભમેળો ભરાય છે. હું એક કુંભમેળામાં અહીં એક મહિનો રહીને ફરેલો! 50 વર્ષ થઈ ગયાં. હવે તો બધે સોસાયટીઓ થઈ ગઈ છે. બધું બદલાઈ ગયું છે.

અમે અહીંના પ્રસિદ્ધ મંદિર કાળભૈરવ પહોંચ્યાં. આ મંદિર વિશે બહુ લખવાનું મન થતું નથી. સૌએ દર્શન કર્યાં. પુષ્કળ માંકડાં છે અને તેમને કાકડી ખવડાવનારાં આનંદ કરી રહ્યાં છે. ફરી પાછાં બસમાં બેસીને અમે મહાકાલેશ્વર મંદિર પહોંચ્યા. દર્શનાર્થીઓની પુષ્કળ ભીડ છે. લાંબી લાઇન છે. અમે બધાં લાઇનમાં ઊભાં રહી ગયાં. અમારા સ્થાનિક માર્ગદર્શકનો આગ્રહ હતો કે હું V.I.P. છું, તેથી ટૂંકા રસ્તેથી તરત જ દર્શન કરી લઉં. તેણે બહુ આગ્રહ કર્યો પણ હું ન માન્યો. ભગવાનના દરબારમાં કોઈ V.I.P. ન હોય. સૌ સરખાં હોય. લાઇન બહુ જ ધીમે-ધીમે આગળ વધે છે. ઘણાં થાકી જાય છે. પણ શું થાય! વીડીઓ દ્વારા નિજ મંદિરમાં જે પૂજા વગેરે થઈ રહ્યું છે તે જોઈ શકાય છે. એક મોટા અધિકારી પોતાના પરિવાર સાથે ક્યારનાયે, શિવજીની પ્રતિમા આગળ ઊભા છે, ખસતા જ નથી. તે ખસે તો લાઇન આગળ વધે. V.I.P. છે. બહુ લાંબું ચક્કર લગાવીને અમે દર્શનની નજીક પહોંચ્યાં. પણ હું લાઇનમાંથી નીકળી ગયો. અને દર્શન કર્યા વિના જ બહાર એક વૃક્ષના ઓટલા ઉપર બેસી ગયો. બધાં અહીંથી દર્શન કરી-કરીને નીકળતાં હતાં. હું સહયાત્રીઓની રાહ જોતો બેસી રહ્યો. એક નવયુગલ દર્શન કરીને નીકળ્યું. ગામડિયા જેવું હતું. ઓટલા ઉપર તે પણ મારી બાજુમાં ગોઠવાયું. નવવધૂને ફોટો પડાવવો છે. તેના ઉમળકાનો પાર નથી. તેનો પતિ ફોટોગ્રાફરને લઈ આવ્યો. કેટલાક ફોટોગ્રાફરો આ કામ માટે કૅમેરા લઈ ફરતા રહે છે. બન્નેએ સજોડે ફોટો પડાવ્યો. હરખનો પાર નથી. પણ આવો હરખ જીવનભર બન્યો રહે તો જીવન ધન્ય થઈ જાય.

અંતે એક પછી એક બધાં દર્શન કરીને આવ્યાં અને લાંબું ચાલીને બસ ઉપર પહોંચ્યાં. અમારી બસ રિપેર થઈને આવી ગઈ હતી. તેમાં ગોઠવાયાં. દર્શન ન કરવાનો મને કોઈ અફસોસ ન થયો. પણ ત્યારે જ્યાં હજારો-લાખો દર્શનાર્થીઓ ઊમટતાં હોય ત્યાં કરવું શું?

કેવી વ્યવસ્થા કરવી? મોટો પ્રશ્ન છે.

અમે યાત્રા કરીને પાછાં ફર્યાં. આજે અમારે ગુજરાત તરફ વિદાય થવાનું છે, પણ બે જુદી-જુદી ટ્રેનોમાં બુકિંગ હોવાથી અમે બે ભાગમાં વહેંચાઈ ગયાં. મોટા ભાગનાં યાત્રાળુઓ, અહીંથી ઓમકારેશ્વર ગયાં. તેમને રાત્રે 10-30 વાગ્યે ટ્રેનમાં વિદાય થવાનું છે. અમારે સાતેક જણાંને સાંજની સાત વાગ્યાની વહેલી ટ્રેનમાં જવાનું હોવાથી, અમે વહેલાં સ્ટેશન ઉપર પહોંચી ગયાં. અમારી જમવાની વ્યવસ્થા M. P. ટૂરિઝમે કરી દીધી છે. ઓમકારેશ્વર જનારા મંડળનું નેતૃત્વ વેવાઈએ સંભાળી લીધું. તે મારી સીટ ઉપર બેસી ગયા અને મારી માફક જ બધું સંચાલન કરવા લાગ્યા. કોઈની ક્યાંય ખોટ પડતી નથી. જગ્યા પુરાઈ જ જતી હોય છે.

ટ્રેન સમયસર ઊપડી. સુખદ યાત્રાનો સૌને આનંદ હતો. સૂર્યોદય પહેલાં જ મણિનગર આવી ગયું. શ્રી અમિત શાહની સલાહથી બધાં અહીં જ ઊતરી ગયાં. કાલુપુરના સ્ટેશને ચઢ-ઊતર કરવી પડે અને ઘણો સમય લાગે. મેવાડા લેવા આવ્યા હતા. બધાં છેવટના રામ-રામ કરીને છૂટાં પડ્યાં. પહોંચી ગયાં સૌ પોત-પોતાના ઘરે. તીર્થયાત્રા પૂરી થઈ, ગૃહયાત્રા તો પૂરી ન થાય, તે તો ચાલુ જ રહે– છેલ્લા શ્વાસ સુધી, હસતાં-હસતાં કે રોતાં-રોતાં. જીવનયાત્રા તો ચાલતી જ રહે.

15-6-2011

*

આ ગુજરાતી ઈ-બુક ઈ-શબ્દ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ગુજરાતી યુનિકોડ ફૉન્ટમાં દુનિયામાં જે ઈ-બુક માટે સર્વમાન્ય છે એવા ePub 2.01 Standardમાં ગુજરાતી સાહિત્યના અનેક પ્રકાશકો, લેખકોના સૌથી વધારે પુસ્તકો ઈ-બુક ફૉર્મેટમાં... [www.e-shabda.com](http://www.e-shabda.com)

ઈ-શબ્દ ઉપલબ્ધ કરાવે છે એક સાથે, એક સ્થળે અનેક પ્રકાશકોની, અનેક લેખકોની ગુજરાતી ઈ-બુક્સ... ભારતની કોઈ પણ પ્રાદેશિક ભાષાઓ અને રાષ્ટ્રભાષા હિન્દીમાં પણ કદાચ નહીં હોય એટલી સંખ્યામાં...

સાથે સાથે આજનો ઈ-શબ્દ પર વાંચો રોજે રોજનું નવું ગુજરાતી વાચન ખ્યાતનામ ગુજરાતી લેખકોની કલમે... સાથે અમૂલ્ય ફોટોગ્રાફ્સ, ઑડિયો ક્લિપ્સ, વિડીયો પણ... See more at: [http://www.e-shabda.com/blog/](http://www.e-shabda.com/blog/)